કુમાર


જેઠ '૯૦

૧૨૬

તંત્રી · રવિશંકર રાવળ   સંપાદક · બચુભાઈ રાવત



ચાંતરનું ફૂલ   આલેખક · [illegible] ભટ્ટ




મુદ્રક: બચુભાઈ પોપટભાઈ રાવત: તંત્રી અને પ્રકાશક : રવિશંકર મહાશંકર રાવળ: કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

વાર્ષિક લવાજમ, રૂા. ૬ (પરદેશ ૧૨ શિ.) ગ્રાહક. વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધાય છે. છુટક ૦-૧૦-૦

મુંબાઈના એજન્ટ : સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ–૨

કલકત્તા : ઉપયોગી વસ્તુભંડાર · ૧૪, અગરતલા સ્ટ્રીટ

જાહેર ખબર માટેના મુંબાઈ ખાતેના સોલ એજન્ટ
મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



વનભોજન

ચિત્રકાર - વનવિહારી ઘોષ

કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક · જેઠ ઓગણીસસો નેવું

અમર ગાન


· પૃથ્વી ·

ઝબૂક નભવીજળી તરલ તેજને અંચળે
ક્ષણેક પ્રસરાવતી ઝગઝગાટ અંધારમાં,
પ્રચંડ નિજ ગર્જને ઘન દિગંત કંપાવતો
પળેક, મુકુલો મનુષ્યચિતચંદ્ર શું ગોઠડી
કરી ઘડીકમાં ખરે, ક્ષણ સુરમ્ય ગીતો વહી
વિહંગમ ઊડી જતાં, સ્વપ્રતિભાબળે સૌ કરે
ક્ષણેક વશ વિશ્વનાં નયન મુક્ત સૌન્દર્યથી;
પરંતુ નવ કોઇ યે અજર વિશ્વહૈયે થતાં.

મને નવ ગમે જગે ક્ષણિક વિક્રમોપાસના;
અયે હૃદયકોકિલ ! જીવનઅંત પર્યંત તું
રહે તિમિરકુંજમાં, નવ કરીશ ટૂહૌકા કદી
ક્ષણિક કુમળા અપકવ તવ કંઠથી; પૂર્ણ થૈ
સનાતનવને જતાં અમર ગાન ગાતો જજે,
વિલીન નવ થાય જે કદી ય કોટિ કલ્પાન્તરે.

રમણિક અરાલવાળા

તેજના તરલ ચમકાર કરતી આકાશવીજળી અંધારામાં માત્ર એકાદ ક્ષણ ઝગઝગાટ કરી જાય છે; મેઘ પોતાની પ્રચંડ ગર્જનાથી દિગંતોને ડોલાવે છે—પણ માત્ર પલવાર; ખીલતી કુસુમકળીઓ માનવચિત્તને ઘડી બે ઘડી પ્રસન્ન કરી ખરી પડે છે; પખીઓ ક્ષણવાર મનોરમ ગાન કરી ઊડી જાય છે; સૌ પોતાની પ્રતિભાના તેજથી જગતને આંજી દે છે—કેવળ થોડા સમય માટે. પરંતુ યુવાન હૃદયની ઝંખના તો છે વિશ્વહૈયે અમર થવાની. એને આવાં ક્ષણપલનાં પ્રકાશવાં ગમતાં નથી,—ક્ષણિક વિક્રમોપાસન.થી એને તોષ નથી. એ તો પોતાના હૃદયકોકિલને કહે છે કે તારા કુમળા અપક્વ કંઠથી ક્ષણજીવી ટહૌકા કર્યા વિના તું તારે જીવનના અંત સુધી અંધારમાં દટાઈ રહેજે; પણ પૂર્ણ થયા પછી, ભલે જતાંજતાં પણ, એવું અમર ગાન ગાતો જજે કે જે કોટિ કલ્પાન્તરે ય વિલીન થાય નહિ. માનવીની આવી ઉન્નત અભીપ્સાનું ગાન કરતું આ સૉનેટ અંગ્રેજીનો આંકડો યે નહિ જાણનારા ને મીલના શાળખાતામાં કામ કરી રોજી રળનારા એક યુવાન ભાઇની આશાસ્પદ શક્તિઓ દાખવે છે.



ક થ ક લી

● કથા એટલે વાર્તા અને કલી એટલે નાટક. નાટ્યરૂપમાં કથાનિરુપણનો પ્રયોગ કથકલી નામથી કેરળ દેશ (મલબાર)-માં આજપર્યંત પ્રચલિત છે પરંતુ નાટકમાં તો પાત્રો સ્વમુખે પ્રસંગાનુસાર નૃત્ય, સંગીત કે સંવાદથી અભિનય કરી કથાને રૂપ આપે છે; જ્યારે કથકલીમાં પાત્રો કશું બોલતાં નથી. માત્ર મૂક અભિનયથી કથા પ્રમાણે નાટ્ય-નૃત્ય ને અભિનય કરે છે; પણ એમાં તાલબદ્ધ વાદ્યસંગીતને આશરે રહી તેઓ જે ભાવપ્રદર્શન કરે છે તે સાધારણ નાટ્યાભિનય કરતાં અતિશય દુર્ઘટ પ્રકારનું અને ઉત્કૃષ્ટ હોય છે. દરમ્યાન કથાનો પ્રવાહ તથા પ્રસંગ બીજા ગાનારાઓના મુખેથી ચાલુ જ રહે છે અને તદનુસાર અદ્ભુત નૃત્યાભિનયની કળાથી થતા આ પ્રયોગો સાધારણ નાટ્યપ્રયોગો કરતાં ઘણા વિશિષ્ટ બને છે

કથકલી પ્રયોગો ભરત નાટ્યશાસ્ત્ર કરતાં પણ અતિ પ્રાચીન કાળથી ઊતરી આવેલા હશે એમ અનુમાન થાય છે. અજન્તા અને ઇલોરાનાં ગુહાચિત્રોમાં નૃત્યલીલાનાં જે દૃશ્યો છે તેને પણ ભુલાવે એવી અને અનેકગણું વૈવિધ્ય દર્શાવી શકતી આ કળા જગતની પ્રાથમિક અવસ્થામાં માનવીને પ્રાપ્ત થઇ હોય એમ લાગે છે. તે કાળમાં અદૃશ્ય સત્ત્વોનાં આવાહન કરવાને મનુષ્યો જે ધ્વનિ, વાદ્ય કે નૃત્યના સંકેતો ઉપજાવી શકયા હશે તેના સીધા અંશો આ કળામાં સ્પષ્ટ જણાય છે. ભયાનક કે બીભત્સ, કરુણ કે હાસ્ય શૃંગાર આદિ કોઇપણ રસ સમર્થપણે પ્રકટ કરવાની તાકાત ધરાવતી આ કળા આજે તો ભારતના એક ખૂણે માત્ર જૂજ પાત્રોમાં સજીવ રહી છે, એ આપણા સંસ્કૃતિવિનાશનું કરુણ દર્શન છે.

ઉપર જોયું તેમ આ કળા કંઈ પચાસ કે સો બસો વર્ષની પુરાણી નથી; એટલે તેનું સંપૂર્ણ શાસ્ત્ર રચવાને એકાદ વ્યક્તિ કે એકાદ સમૂહ અસમર્થ છે. એમાં તો એક આખી પ્રજાની સંસિદ્ધિનું દર્શન થાય છે. આખી પ્રજા પણ સમગ્રરૂપે એકબે પેઢી સુધી મથે તો યે આટલી સંપૂર્ણતાએ કલાનિષ્પત્તિ કરી શકે કે કેમ એ માનવીની કલ્પના બહારનો વિષય છે અનાદિ કાળથી મથન કરતા અનેક કલાવીરોનાં જીવનસમર્પણે આ આ કળાને સંપૂર્ણ કક્ષાએ પહોંચાડી છે એમ તેનો પ્રયોગ જોયા પછી ખાતરી થાય છે. છતાં કેટલા સંસ્કૃતિવિધાયકોને ખબર હશે કે સોએ સો ટકા ભારતીય તત્ત્વોવાળી નૃત્યકળા આજે પણ સજીવન રહી છે? ભરત નાટ્યશાસ્ત્રથી યે પ્રાચીન એવી આ કળાનો સમુદ્ધાર કરી તેને નવજીવન અર્પવાનું સર્વમાન એક એકાંતવાસી કવિની જ્વલંત ઉપાસનાને જ આભારી છે. તેના પ્રતાપે આ કળા થોડા જ વખતમાં રશિયન બૅલેટનૃત્ય કે જાવા નૃત્ય જેટલી જ સાર્વભૌમ કીર્તિને પાત્ર બનશે એટલું જ નહિ




દીવી સળગાવતો નટ

પણ જગતની નૃત્યકળા ઉપર પણ તેની મોટી અસર થશે.

કેરળ પ્રાંતની ગ્રામ જનતામાં આ કળા છેવટના ટુકડા પર મરૂં જીવું થઇ રહી હતી તેમાંથી તેને ઉદ્ધારી સંસ્કારીને જગતના પ્રકાશમાં લાવનાર કવિ વલ્લાથોલ સંસ્કૃત સાહિત્યના પ્રકાંડ પંડિત છે અને પોતે અંગમુદ્રાઓના મહાન જ્ઞાતા છે. તેમણે આખું જીવન આ કળાનાં સંશોધન અને સમુદ્ધાર માટે કુરબાન કરી નાખ્યું છે અને આજ વૃદ્ધાવસ્થાએ પહોંચ્યા છતાં કેરળ કલામંડળ મારફત આ કળાના પ્રચાર માટે જાતભેગે અવિરત યત્નો કરી રહ્યા છે. ધન્ય છે એમને.

આ મંડળના માનમંત્રી મુકુંદરાજ પણ એવા જ ઉત્સાહી અને કાર્યક્ષમ યુવાન છે. એમણે ગઇ તારીખ બીજી અને ત્રીજી જૂને ઉતાકામંડમાં પોતાની મંડળી સાથે કથકલીના પ્રયોગો બે દિવસ સુધી કર્યા હતા; પરંતુ શોકકથા એ છે કે સીનેમા, કલબ અને નાટક પાછળ નાણાં ખુવાર કરનારા વર્ગે આ સાચી કળાના ઉત્તેજન માટે અતિ મંદ ભાવ દર્શાવ્યો હતો. અમે કથકલીની પ્રશંસા વાંચેલી તે પરથી તેના ખબર મળતાં જ હાજરી આપવા નિશ્ચય કર્યો; અને પ્રયોગ જોયા બાદ શ્રી મુકુંદ-રાજનો પરિચય પણ સાધ્યો.

આ પ્રયોગો સાધારણ રીતે ગામડામાં ખુલ્લા ચોકમાં લોકોના સમુદાય વચ્ચે ભજવાય છે અને રાતના નવથી સવારો-સવાર—પરોઢિયાના છ વાગ્યા—સુધી ચાલે છે. એનાં સાધનો જુઓ તો મામૂલી. ખુલ્લામાં હોવાથી નાટકોના પડદા કે સીનેરીનો ઠાઠ જોઇએ નહિ. માત્ર દસબાર ફૂટને અંતરે બે ઊંચી મોટી દીવીઓમાં તેલના કાકડા મશાલ જેવા ભડકા દેતા બળતા હોય. તેની વચ્ચે જરાક પાછળ બે છોકરા સારાં વસ્ત્રપરિધાન કરી એક પડદો, લગ્નમાં અંતરપટ ધરે છે તેમ, દરેક પાત્ર કે પ્રસંગની શરૂઆતમાં ધરીને ઊભા રહે છે. પાત્ર તેની પાછળ હાજર થઇ જાય એટલે છોકરાઓ પડદો લઇ ખસી જાય છે.



પ્રેક્ષકવર્ગ સામે જમીન ઉપર જ બેસી ગયો હોય છે. વાદ્યોમાં મૃદંગ, ઝાંઝ, શંખ, મંજીરાં એટલાં વાનાં હોય છે. આમાં હમણાં હાથ હાર્મોનિયમ ઉમેરાયું છે. આ વાદ્યો વગાડનારાઓ નટપાત્રોની પાછળ ઊભા રહે છે તેમજ બે જણા કથા ગાનારા પણ તેમની વચ્ચે જ ઊભા રહે છે. ગામડામાં જ્યાં આ પ્રયોગ થવાનો હોય તે સ્થળે સાંજથી ઝાંઝપખાજની રમઝટ બોલવા માંડે છે.

પ્રયોગ શરૂ થતાં પહેલાં કેટલીક દેવસ્તુતિઓ (વંદન-શ્લોકો) ગવાય છે અને પાત્રપ્રવેશ પહેલાં ખૂબ તાનતાલ ચાલે છે. એને પુરાપદ (પુરાપદ્ય) કહે છે. ગુજરાતની ભવાઇ અને માણભટ્ટનાં ગરબાગીતો ભેગાં કરતાં જેવું થાય તેવું વાતાવરણ જામે છે. પહેલાં તો ધમાધમ અને ઘોંઘાટ લાગે છે, પણ જેમજેમ આંખ અને કાન એકાગ્ર થતાં જાય છે તેમતેમ કલાદર્શનનો આનંદ મળવા માંડે છે. પુરાપદ્ય પતે કે ઢોલ, ઝાંઝ, પખાજ અને મંજીરાંનો શોર એકદમ વધે છે, શંખનાદ થાય છે અને પાત્રો ઝકાર કરતાંક ને પડદા પાછળથી નૃત્ય શરૂ કરી દે છે. પહેલાં જરા મુખદર્શન કરાવે છે અને પછી એકદમ પડદો દૂર કરાવી ગીતના લય સાથે નૃત્ય, અભિનય, મુદ્રા, ભાવદર્શન વગેરેથી વિવિધતા પ્રદર્શિત કરે છે. કથાપ્રસંગ શરૂ થાય તેને 'મેલાપદ્ય' કહે છે.

આ મેલાપદ્યો દક્ષિણનાં મંદિરોમાં ગવાતા રાગોમાં જ રચાયાં લાગે છે અને તેમાં મહાપ્રસિદ્ધ કવિઓ તથા રાજાઓએ પણ હિસ્સો આપ્યો છે. આ ગીતો પ્રસંગાનુસાર રાગોમાં ઉતારવામાં આવ્યાં છે અને દરેક પ્રસંગે પાત્રનો જ ધ્વનિ આવતો હોય એમ ગવાતાં લાગે છે. પાત્રો અદ્ભુત રીતે તેના એક એક શબ્દ પ્રમાણે ભાવમુદ્રા, અભિનય અને નૃત્ય કરી બતાવે છે. તેથી ભાષા ન સમજનાર પણ પ્રસંગ વરતી જાય છે અને પૂરો રસ માણી શકે છે. એમના હાવભાવ કે નૃત્ય તેમજ દરેકે દરેક હીલચાલ શાસ્ત્રપ્રમાણિત હોય છે અને એકપણ પ્રસંગે તેમાં ક્ષતિ આવતી નજરે પડતી નથી.

કથકલીમાં નૃત્યના સાદા તેમજ અટપટા ત્રીસ પ્રકારો છે અને તેમાં સંપૂર્ણ તાલ માપ અને શાસ્ત્રજ્ઞાનની જરૂર પડે છે. યુરોપીયન નૃત્ય જેવા પગના આંતરા તેમાં બહુ નથી હોતા અને જે હોય છે તે પ્રારંભ દશાના તથા અજડ હોય છે. પણ એટલું બાદ કરતાં આ નૃત્યપ્રકારોમાં કેટકેટલી યે લાલિત્યભરી અંગલીલાઓ, બલપ્રદર્શક થનગનાટો અને વીરતા તેમજ શૃંગારદર્શક સૌંદર્યભરી મૂર્તિકળાઓ હિંદી કલાકારને મળી રહે છે.

આ નૃત્યના આદ્ય વિધાયકોની કલાદૃષ્ટિનો તાગ મળવો મુશ્કેલ છે. કેટકેટલી પૂર્વપરંપરાઓ સાચવ્યા પછી સર્જન અને આવિર્ભાવ લાવી શકાય તે સમજવું કે શીખવું હોય તેણે કથકલીનાં દર્શન કરીને જ પંથ યોજવો જોઇએ. કેવળ અભિનય અને મુદ્રાઓની જ સહાયથી કથકલીનાં પાત્રો રામાયણ-મહાભારતના કોઇ પણ પ્રસંગને આબેહૂબ ઉપજાવી શકે છે, તો પછી કઈ વસ્તુ તેમને માટે અશક્ય રહી? પણ એ કળાનો અભ્યાસ સાવ સહેલો નથી. પ્રથમ તો ચોવીસ મૂળ મુદ્રાઓ સ્મૃતિમાં ઉતારી સિદ્ધ કરવી જોઇએ અને તેના જાતજાતના ત્વરિત પ્રયોગોથી જોઇતા ભાવ ઉપજાવવાની શક્તિ કેળવવી જોઇએ. નવ પ્રકારે શિરોભાગ ડોલાવવો, આઠ પ્રકારના કટાક્ષો કરવા, છ પ્રકારના ભ્રૂભંગો યોજવા, ચાર પ્રકારે કંઠમાળ ફેરવવી અને ચોસઠ જુદીજુદી રીતે પગ, પાની, ઘૂંટી, ઘૂંટણ, જાંઘ, પૂંઠ, કમર, પડખાં, કોણી, હાથ, દાઢી, નાક, ગાલ, પાંપણો વગેરે હલાવવાંચલાવવાં. આ બધાં માટે કથકલીના શાસ્ત્રમાં બારીક નિયમો અને તાલીમ જરૂરી ગણાયાં છે અને તે શીખતાં વર્ષો જોઇએ. તેથી જ તો હાલ પણ તેમાં એક સાગરીત છએ વર્ષે તૈયાર થાય છે, અને તે પછી બાર વર્ષ સુધી કામ કર્યા પહેલાં તે કોઇનો ગુરુ થવાને લાયક ગણાતો નથી. શીખનારને ખૂબ અંગકસરત અને શરીરની માલિશ પાળવી પડે છે. આવી છ છ વર્ષની તાલીમ લીધા પછી પણ આજે આ કળા દર્શાવનારાને પ્રજાના આશ્રયની ખોટ ભોગવવી પડે છે એ કેટલી કરુણ હકીકત છે?

આ કળા પોતાના ઉપાસકોની આકરી કસોટી કરી રહી છે. આજે આખા કેરળ પ્રદેશમાં બે જ ઉસ્તાદો છે કે જેઓએ ચાલીસ વર્ષથી એની ઉપાસના જાળવી રાખી છે અને કલા-



કુમારી નૃત્ય



કિરાત વેશમાં મહાદેવ



પાર્વતી

મંડલને આશ્રમે રહી નવાં પાત્રો તૈયાર કરી રહ્યા છે. થકાઝી (Thakazhi) ગામના કુંજકરૂપ અને ક્વલપર ગામના નારાયણ નાયર બંને ખરેખરા યોગ્ય પુરુષો છે. કોઈ બીજા દેશમાં તેઓ જન્મ્યા હોત તો તેમની કીર્તિ દિગંતવ્યાપી થઇ ગઇ હોત, પણ આજે તો તેઓ એક ખૂણાના ગામમાં ત્રિચૂરમાં પૈસા કે કીર્તિનો ખ્યાલ કર્યા વિના માત્ર કલાપ્રેમ અને કલાસંરક્ષણના હેતુથી શીખવી રહ્યા છે. તેમને કેટલા ધન્યવાદ આપીએ !

કથકલીમાં ખાસ નવીન અને વિશેષતાભર્યું તો તેનું રૂપવિધાન છે. ચહેરા ઉપજાવવાની તેમની કળા અનોખી જ છે અને તેમાં પણ પૂર્વપરંપરાથી કૌશલ ધરાવતો એક વર્ગ જ છે. પહેલાં એક કાનથી બીજા કાન સુધી બુકાની પેઠે ચોખાના લોટની ધાર બાંધી લઇ વચ્ચેના ભાગમાં રંગો અને ચિત્રામણથી પાત્રની જરૂરિયાત પ્રમાણે સ્વરૂપનિર્માણ કરવામાં આવે છે. આ કળા સાધારણ મહોરાં બનાવનારાઓ કરતાં જુદાં જ આકર્ષણ અને કુતૂહલ ઉપજાવે છે. સ્ત્રીપાત્રો ઉપર તેનો બહુ પ્રયોગ નથી થતો, પણ પુરુષપાત્રો તમામ તે ધારણ કરે છે. ખરૂં જોતાં આ રૂપવિધાનની જરૂર રાક્ષસી પાત્રો માટે જ છે, અને હાલની દૃષ્ટિએ તે બહુ સારૂં લાગતું નથી.

વળી આ લોકો વસ્ત્રાલંકારોનો ઠઠેરો પણ એટલો બધો કરે છે કે તેમના અંગોના કેટલા યે સુંદર મરોડ અદૃશ્ય રહે છે. તેમને ઉઘાડા શરીરે નૃત્ય કરતાં જોનારા કહે છે કે તે વખતે વસ્ત્રો કરતાં યે વધારે સુંદર છાપ તેઓ પાડી શકે છે. તેમનાં ઘરેણાં, મુકુટો વગેરે મંદિરોની મૂર્તિઓની જ નકલો હોવાથી આ યુગમાં બહુ શોભાયમાન લાગતાં નથી. જાવાના નૃત્યકારો માત્ર સુંદર મુ ટ પહેરે છે અને શરીર પર જોઇતા જ અલંકારો રાખે છે એટલે નૃત્યની ગતિ તથા તાલની અસર જોનારા પર બહુ કરી શકે છે.

કથકલીના નૃત્યકારો ભયાનક અને બીભત્સ રસની જે ટોચ બતાવે છે તેમાં જગત આખામાં તેઓ બીનહરીફ ગણાવા જોઇએ. (બીભત્સ એટલે અશ્લીલ નહિ પણ લોહી, ખૂન, મૃત્યુ, મારામારી વગેરે) છતાં શૃંગાર અને શોકનો સાક્ષાત્કાર કરાવવામાં યે તેઓ ઓછા નથ જ ઊતરતા એ પણ કબૂલ કરવું પડે છે. કેટલીક પ્રાચીન રૂઢિઓ છોડી તેઓ આધુનિક પ્રકાશ અને વાજિંત્રોની યોજના સ્વીકારે તો કથકલી જગતને મળેલી સંસ્કૃતિની મહાન પ્રસાદી છે.

અમે કિરાત-અર્જુન અને દુઃશાસનવધ બે પ્રયોગ જોયા. પહેલામાં તપ કરતા અર્જુન પાસે ઇંદ્રે મોકલેલી અપ્સરાઓ વિવિધ પ્રકારનાં નૃત્ય અને હાવભાવથી તેને ચળાવવા યત્ન કરે છે અને નિરાશ થઈ પાછી જાય છે. તે પછી પાર્વતી અર્જુનને વરદાન આપવા શિવને વીનવે છે અને કિરાતવેષે શિવગણોને લઇ આવે છે વગેરે પ્રસંગોમાં નૃત્યની ઘણી નવી લીલાઓ જોવાની મળી. ૩૦-૩૫ વર્ષની વયના નરે પાર્વતીનો સ્વાંગ સજેલો, પણ તેના હાવભાવમાં એક સભ્ય પ્રેમી સુંદરીના અભિનયોથી વયનો ખ્યાલ આવતો જ નહોતો. અર્જુન અને શિવજી યુદ્ધે ચઢે છે. બાણોથી ઘાયલ થાય છે, દેવ પ્રકટ થાય છે, અર્જુન નમ્રતા બતાવે છે એ પ્રસંગો ખૂબ કુતૂહલપૂર્ણ નૃત્યભર્યા હતા. છેવટે અર્જુન તપસિદ્ધિની પ્રસન્નતાનું નૃત્ય કરે



અર્જુન • ઉપર એના વેશપરિધાનનું બાજુનું દૃશ્ય



કૃષ્ણ • નાની આકૃતિ તે દૂરથી દેખાતું કૃષ્ણનું અભિનયદૃશ્ય છે.

છે એ તે દિવસના કાર્યક્રમની ટોચ રૂપ હતું. પરંતુ ઘણા તેમની જૂની રૂઢિઓથી કંટાળી ગએલા બીજી વાર જોવા તૈયાર ન થયા અને અમે ત્રણેક જણાએ બીજા દિવસે પણ હાજરી આપી અણધારી એવી પ્રસન્નતા અને ઊર્મિનો અનુભવ અમને તે દહાડે થયો. દૂરબીન રાખી જોવા બેઠા હતા, એટલે તેમના ચહેરાના તથા હાથના વિવિધ અભિનયો અતિ સૂક્ષ્મપણે જોયા ત્યારે ખાતરી થઇ કે જે કલાસિદ્ધિનો તેમનો દાવો છે તે યથાર્થ છે. કલામાં સંપૂર્ણતા લાવવા જે કૌશલ જોઇએ તે બધું બતાવવા સાથે તેમણે રસની જમાવટ પૂરેપૂરી સાચવી રાખી હતી. તેમના કામની કદર કરે એટલી પ્રેક્ષકસંખ્યા જોકે નહોતી છતાં તેમણે જરાપણ વિક્ષોભ પ્રકટ થવા દીધો નહોતો. શરૂઆતમાં જ બે અપ્સરાઓએ મલબારનું સુપ્રસિદ્ધ કુંમી નૃત્ય કરી બતાવ્યું તે અમને અદ્‌ભુત તાલમય લાગ્યું. તેમાં અનેક ફેરબદલા આવતા હતા અને બે જ પાત્રો છતાં નૃત્યની રંગઝટ જામી હતી. આ નૃત્ય તો ઘેરઘેર દાખલ કરવા જેવું લાગ્યું.

પછી નાટકના આરંભમાં જ કૃષ્ણ આવી સુંદર નૃત્ય કરે છે. તેમાંથી વિરમી એક આસન પર એ બેઠક લે છે અને દ્રૌપદી ખુલ્લા કેશ સાથે આવે છે અને દુઃશાસન તથા કૌરવોના જુલમની ફરિયાદ કરતાં કલ્પાંત કરે છે. આ વખતે કથકલીની કરુણ રસ બતાવવાની શક્તિની ખાતરી થઇ. કૃષ્ણ પ્રસંગોપાત તે સાંભળી મુખના ભાવ અને હાથના અભિનય કરતા તે નાટકના તખ્તા પર ઊતરનાર માટે કંઇક નવા પાઠ આપે એવા હતા. દ્રૌપદીને સાંત્વન આપી તેની બાબતમાં પોતે કંઇક કરશે એવું કહી કૃષ્ણ તેને વિદાય કરે છે અને નવા આરંભનું સૂચક એક નૃત્ય કરે છે પાછળ ગવાતાં પદોમાં નાટકનું વસ્તુ ગતિ કરતું લાગે છે. પછીના પ્રવેશમાં અંધ ધૃતરાષ્ટ્ર સમક્ષ વિષ્ટિની વાત લઇને કૃષ્ણ આવે છે તે પહેલા દુર્યોધન આગળ શકુનિ સમજાવી જાય છે કે કૃષ્ણને કોઇએ માન આપવું નહિ તેમ તેનું માનવું નહિ. એ વખતે એવા તિરસ્કારદર્શક અભિનયો અને ચેષ્ટાઓ કરે છે કે માનવીનાં દશ આંગળાં તથા નેત્રોમાં રહેલી શક્તિ માટે આપણને આશ્ચર્ય થાય. પછી તો કૃષ્ણ આવે છે. સૌ તેમના સ્વરૂપથી મુગ્ધ થઇ ઊભા થઈ જાય છે. ધૃતરાષ્ટ્ર આગળ કૃષ્ણ બધી વાત કરે છે, સામસામી દલીલો થાય છે; એ બધુ નૃત્યમાં ચાલતું જોતાં નવો જ અનુભવ થાય છે કોઇ માનતું નથી. કૃષ્ણ વિરાટ દર્શન કરાવે છે. ભક્તો અને ઋષિઓ સ્તવન કરે છે અભિમાની દુર્યોધન બેભાન થઇ પડે છે.


પ્રવેશ બદલાય છે. ભયંકર મોંવાળો ગર્વિષ્ઠ દુઃશાસન હોકારા કરતો પડદા પાછળથી ડોકિયાં કરે છે અને પડદો ખસતાં જ તોફાનભર્યું નૃત્ય કરે છે. એ જરા વાર નેપથ્યમાં જાય છે એટલે ભીમ પ્રવેશ કરે છે. તેનું સ્વરૂપ ભયંકર વીરશ્રીથી ભરેલું છે તે દુઃશાસનને શોધી રહ્યો છે. હાથમાંની ગદા ઉછાળતો તે નૃત્ય જમાવે છે ત્યાં એક બાજુ દુઃશાસન દેખાય



અપ્સરા







ઉપર : દુઃશાસન
બાજુએ : દુર્યો-
ધનના વેશ પરિ-
ધાનનાં બે દશ્યો

છે. તેને જોતાં જ ભીમ નૃસિંહ રૂપ ધરે છે. એને જોઈ દુઃશાસન કંપવા લાગે છે. ભીમ તેને તેનાં બધાં કામની યાદી આપે છે તેમતેમ દુઃશાસનનો ભય વધતો જાય છે. આખરે તેને યુદ્ધ-માં ઊતરવું પડે છે. વાજિંત્રોવાળા હવે દમ બાંધી વગાડે છે. તાલ ઉગ્ર અને ત્વરિત બને છે. પદ ગાનારાનો શોર વધે છે. દુઃશાસન પડે છે અને ભીમ તેની છાતી પર ચડી પેટ ચીરી નાખે છે અને ભયંકરતાનો મારો વધે છે. બે ખોબા ભરી તે લોહીની અંજલિ હોઠે ચડાવે છે ને તૃપ્ત થતો હોય તેમ બૂમો પાડે છે. દુઃશાસન ત્રાસજનક રીતે ધ્રૂજતો, ચીસો નાખતો, વળ ખાતો મરી જાય છે. દ્રૌપદી આવે છે. ભીમ તેને કહે છે કે, 'તારો ભય માત્ર દૂર કરી મેં વેર વાળ્યું છે. આવ, તારા કેશ આ લોહીથી ધોઉં.' ભીમનાં પર ક્રમ ને પ્રેમ સમજી દ્રૌપદી પાસે આવે છે અને ત્રાસમાંથી મધુર હાસ્ય પ્રકટે છે ત્યારે નૃત્યની કલા અજબ લાગે છે. એ વખતે કૃષ્ણ પ્રવેશ કરે છે. ભીમને લાગે છે કે કૃષ્ણ તેને મહા ઘાતકી અને અઘોર કૃત્ય કરનારો કહી તિરસ્કાર કરશે. એટલે ભય ધરતો ધ્રૂજતો તે કૃષ્ણ પાસે હાથ જોડે છે; પણ કૃષ્ણ મધુર સ્મિતથી તેને સમજાવે છે કે પોતે જ તેને જગતનો ન્યાય કહે છે. પાપીઓનો નાશ એ પરમ કર્તવ્ય છે એમ કહી આશ્વાસન આપે છે. ભીમ ગદ્ગદ બની સાષ્ટાંગ ચરણમાં પડે છે. ભીષણ પરાક્રમ કરનારો આ વીર ભક્તિથી આમ પછ-ડાતો જોતાં પ્રેક્ષકોમાં એક ભાવની કંપારી આવી જાય છે. કૃષ્ણ તેને કોમળ સ્પર્શથી ઊભો કરી છાતી સાથે ચાંપે છે.

પ્રભુ અને ભક્ત વિષે જે જે સાહિત્ય વાંચેલું તેના ભાવોનો આબેહૂબ સાક્ષાત્કાર આ નટો કરાવી શકયા અને અમે જીવન-નો એ દિવસ અતીવ ધન્ય માન્યો. ભારતની સંસ્કૃતિના અનુપમ વારસારૂપ આ કળા નષ્ટ થતી બચે અને અમરવેલ બની સંજીવની પાતી રહે એવી પ્રભુ પાસે યાચના છે. આ કલા-મંડળનું સૌભાગ્ય સદોદિત બનો.

ર. મ. રા.

(મે ૧૯૩૪ના મૉડર્ન રિવ્યુમાં આવેલા જી. વ્યંકટઅચલમના લેખ ઉપરથી કેટલીક હકીકતોનો આધાર આ લેખમાં લીધો છે.)



માર્ટિન લ્યૂથર



ભલભલા મહારાજાઓને પણ થરથરાવતી પોપની ધર્મસત્તા સામે એકલપંડે બળવો જગાડનાર યુરોપનો ધીટ ધર્મસુધારક

જોજોને, હું મોટો થઇશ ત્યારે ધરતીને ખૂણેખૂણે ભગવાન ઇશુનો પેગામ પહોંચાડીશ. માનવજાતિના હૃદયેહૃદયે એ ક્રિસ્તાની પ્રેમદયાભરી વાણીનાં વારિ સીંચીશ.' એવા એવા વિચાર સેવતો એ દફતર પાટી લઈ શાળામાં જતો. વર્ગના એક ખૂણામાં બેઠોબેઠો એ પોતે જાણે રોમન કૅથૉલિક ધર્મની યાત્રાભૂમિ રોમનાં આલીશાં દેવળોમાં વિહરે છે એવાં સ્વપ્નોમાં એ મશગૂલ હોય, ત્યાં તો સામેથી શિક્ષકની રાડ સંભળાય, 'ચાલ હવે માર્ટિન, તું આગળ વાંચ!' પણ એ બિચારો શું વાંચે?! જર્મનીની રાજધાની બર્લિન છે, કે ઇંગ્લંડમાં અત્યારે હેન્રી સાતમો કે આઠમો રાજ્ય કરે છે એવી નીરસ વાતોમાં એનું ધ્યાન કદી ય નહોતું પરોવાતું. તે વખતે તો વર્ગમાં ધ્યાન ન રાખવાની શિક્ષા તરીકે એ મૂંગોમૂંગો શરીર પર લોહીની ટશરો ફૂટે ત્યાં સુધી ચાબૂકના ફટકા સહન કરી લેતો; પણ એનું કુમળું હૈયું પોકારી ઊઠતું, 'અરેરે! આ બાપડાના અંતરમાં ઇશુનો વાસ નથી લાગતો! એકવાર, —માત્ર એક જ વાર ઇશુની વાણી એ સાંભળે તો?'

એ સ્વપ્નદ્રષ્ટા હતો માર્ટિન લ્યૂથર.

જર્મનીના ઇસ્લીબેન ગામમાં સને ૧૪૮૩ના નવેમ્બરની દસમી તારીખે એનો જન્મ થયો હતો. ખાણો ખોદીખોદી માંડ કુટુંબનું પોષણ કરનાર એના ગરીબ પિતાને, પોતાના પુત્રને મોટો વિદ્વાન બનાવવાના કોડ હતા; અને તેથી જ છેક નાનપણથી એનાં માતાપિતાએ એને લખતાંવાંચતાં શીખવવા માંડ્યું હતું.

છ વર્ષની ઉમરે માર્ટિન શાળામાં દાખલ થયો. પણ એ બુદ્ધિશાળી અને તરંગવિહારી બાળકનાં નિર્દોષ તોફાન ને ઉમદા ગમ્મત એના શિક્ષકો સહન કરી ન શક્યા. કલ્પનામાં ઘડેલી ઇશુની મૂર્તિ સામે જીવમાત્રનું ભલું કરવાની પ્રતિજ્ઞા લેતો માર્ટિન એના શિક્ષકોને મન મંદઅક્કલ નીવડ્યો; તનતોડ મજૂરી કરી કુટુંબનો નિર્વાહ કરતા પિતાના દીકરાને વિદ્વાન બનાવવાના કોડ વિલાઇ ગયા; અને આમ, પિતા તથા શિક્ષકોને મન નાલાયક ઠરેલા માત્ર ચૌદ વર્ષના ઊગતા માર્ટિનને ઘરમાંથી રજા મળી ગઈ!

બે પાંચ ફાટીતૂટી ચોપડીઓ લઈ એણે ઘર છોડ્યું, ને 'ક્યાં જઈશ? શું કરીશ? આવતા ટંકનું ખાવાનું ક્યાંથી મેળવીશ?' એવા વિચારોમાં મૂંઝાતાં ગામ પણ છોડ્યું! રસ્તે ચાલતાં ચાલતાં માર્ટિનને એક મિત્ર મળી ગયો અને એ બંને માઝીબર્ગ પહોંચ્યા.

માઝીબર્ગમાં કેટલાક ફ્રાન્સિસ્કન સાધુઓએ ગરીબો માટે એક શાળા શરૂ કરી હતી, તેમાં માર્ટિન દાખલ થયો. પણ આજીવિકાની મુશ્કેલી કેમ દૂર કરવી એ એને ન સમજાયું. શેરીઓમાં આથડી આથડી મધુર કંઠે ઇશુની લીલાનાં ગીતો ગાઇ ભીખ માગતાં માર્ટિનને લાગ્યું, 'અરેરે! આમ તે કંઇ વિદ્વાન બનાશે! આના કરતાં તો ઘેર જઇ ખાણો ખોદવામાં પિતાને મદદ કરું તો?'

અને આખરે અભ્યાસ છોડી દઇ ઘેર પાછા જવાના વિચાર પર એ આવ્યો. શાળા છોડતાં એનું અંતર તો ઘણું યે ડંખતું હતું, પણ બીજો ઉપાય નહોતો.

પરંતુ માર્ટિન શાળા છોડે છે એ વાત ત્યાંની એક ઉમદા સ્ત્રીના જાણવામાં આવી. લલિત કંઠે ગાતા માર્ટિનનો દુઃખી ચહેરો એની દૃષ્ટિ સમીપ આવ્યો. વિદ્યાના

જેણે આજ પાંચ પાંચ સૈકાઓ થયાં જગતભરના સુધારકોને પ્રેરણા પાયા કરી છે

રસિયા આવા બાળકને વિદ્યાથી વિમુખ ન રાખવાનો એને વિચાર આવ્યો અને એ બાઇએ અભ્યાસ દરમ્યાન-નો એનો બધો ખર્ચ ઉપાડી લીધો. માર્ટિને ભારે હૈયે ઈશુનાં ગીત ગાઈ એનો આભાર માન્યો.

અને પછી તો એણે એ શાળામાં રહી લૅટિન ભાષામાં પ્રાવિણ્ય મેળવ્યું. પોતાના પ્રિય ધર્મગ્રંથ બાઇબલની મૂળ લૅટિન ભાષામાં લખાએલી ગાથાઓનો અને ઍરિસ્ટોટલનાં પુસ્તકોનો અભ્યાસ કર્યો. એ અરસામાં ઘેર પોતાના પિતાની આર્થિક સ્થિતિ પણ કંઇક સુધરી અને માર્ટિનને ઘર તરફથી પણ મદદ મળી. સને ૧૫૦૫માં એણે એર્ફર્ટ વિદ્યાપીઠની ઉપાધિ મેળવી.

હવે એના પિતાની ઇચ્છા, માર્ટિન કોઇ સારા ધંધામાં જોડાઇ, સારી રીતે કમાય એવી થઇ. પણ એવામાં એક પ્રસંગે માર્ટિનનો જીવનપંથ બદલી નાખ્યો. એક સાંજે માર્ટિન એના મિત્ર સાથે ફરવા ગયો. કોણ જાણે ક્યાંથી પણ થોડીવાર પહેલાંના ઉજળા આકાશમાં ઘનઘોર વાદળાં ચડી આવ્યાં, ભયાનક ગર્જનાઓ થવા લાગી અને દિશાઓ ચીરી નાખતી વીજળીઓ થવા માંડી. એકાએક એના મિત્ર ઉપર વીજળી પડી અને ઘડીમાં તો એ હતો ન હતો થઇ ગયો! હજારો કલ્પનાઓમાં જીવતા માનવ જીવનની ખરેખરી કિંમત આટલી જ હશે એ નિગૂઢ પ્રશ્ન વિચારતો માર્ટિન, મિત્રના મૃત દેહ પાસે ઊભીને વેદનાઓથી ફાટી જતા હૈયે પોકારી ઊઠ્યો: 'આ ક્ષણભંગુર દેહનો શો વિશ્વાસ! બસ ત્યારે, આજથી --અરે! આ ઘડીથી જ આ શરીર ભગવાન ઇશુની સેવામાં અર્પણ!'

એના પિતાએ એ નિશ્ચય સાંભળ્યો ત્યારે માર્ટિનને પોતાની પાસે બોલાવી એ વિચારો ફેરવવા એણે એને ઘણું યે સમજાવ્યો, ખૂબ ધમકાવ્યો, પણ એ એકનો બે ન જ થયો. વિનયભરી રીતે એ બોલ્યો: 'બાપુ, આપના વિચારો આપને માટે યોગ્ય હશે, પણ મારે માટે તો મારો નિશ્ચય, માનવજાતની સેવા, એ જ ખરો માર્ગ છે. આપ રાજીખુશીથી મને મારા કાર્યમાં આશીર્વાદ આપો એટલું જ માગું છું.' અને એ સાધુ બની ઘર છોડી ચાલી નીકળ્યો.

સાધુ બન્યા પછી માર્ટિનને ઘણીઘણી હાડમારીઓ વેઠવી પડી. બે ટંક પૂરતા ધાન માટે એને તનતોડ મજૂરી કરવી પડતી, મજૂરી ન મળતાં ભીખ માગવી પડતી અને તેમ છતાં યે દિવસોના દિવસો સુધી એને ભૂખે પીડાવું પડતું. એવી સ્થિતિમાં એણે બે વર્ષ ગાળ્યાં. પણ આ દરમ્યાન કેટલાં યે પુસ્તકો વાંચી અભ્યાસ ખૂબ વધાર્યો. આખરે એ પાદરી થયો ને વિટનબર્ગમાં જઈ વસ્યો.

૧૫૦૯માં માર્ટિને લોકોનાં વિશાળ ટોળાં સમક્ષ બાઇબલ પર વિવેચનો કરવા માંડ્યાં. બાઇબલના એના ઊંડા અભ્યાસથી અને જનતાની સેવા કરવાની ધગશને લીધે એ પ્રજાનો માનીતો થયો. એ વખતનાં એનાં ભાષણો સાંભળી એક વિદ્વાને ભાખ્યું. 'જરૂર આ સાધુ લોકોને નવો માર્ગ બતાવશે.'

છેક બચપણથી રોમનાં ભવ્ય દેવળોમાં વિહરવાનાં સ્વપ્નો સેવતા માર્ટિનને કોઇ કારણસર રોમ જવાનું થયું. એના આનંદનો તે દિવસે પાર નહોતો રહ્યો. સાક્ષાત્ ઇશુનાં દર્શન કરવા જતો હોય એવા ભાવથી એ રોમ પહોંચ્યો. હજી તો દૂર, ઘણે દૂર રોમનાં ગગનગામી દેવળો પરના ક્રૉસ ઝાંખાઝાંખા દેખાયા ન દેખાયા કે તરત એ ઘૂંટણિયે પડ્યો, હાથનો ક્રૉસ કર્યો ને ગદ્ગદ્ કંઠે બોલી ઊઠ્યો: 'વાહ ઇશુ! ધન્ય પ્રભુ!'

પણ તે અરસામાં ઇશુને નામે રોમમાં અનેક પાખંડ થઇ રહ્યાં હતાં એની એને ખબર નહોતી; પોતાના સ્વચ્છંદમાં અનેક ભોગ માણવા, ખ્રિસ્તીધર્મનો વડો અધિકારી—પોપ દસમો લૂઇ—જરૂર પડ્યે ખુદ ઇશુને પણ વેચવામાં પાછો પડે તેવો નહોતો, એ વાત માર્ટિનને સ્વપ્ને ય પણ કદી નહોતી આવી.

અને રોમમાં પગ મૂકતાં જ માર્ટિને ઇશુને નામે ચાલતાં અનેક ધતિંગ પોતાની સગી આંખે જોઇ લીધાં. પાપમાંથી મુક્તિ મળે તેટલા માટે રોજેરોજ અસંખ્ય ગરીબ માણસો પાસેથી પૈસા લઇ માફીપત્રો લખાતાં જોઇ એ સળગી ઊઠ્યો: 'આ બદમાશો ભગવાન ઇશુની દયાનાં પણ વેચાણ કરી શકે છે! નહિ, કદી નહિ; હજારો અજ્ઞાન માણસોને લૂટતા પોપનાં આ પાખંડ હું હરગીઝ નહિ ચાલવા દઉં!' અને એ ત્યાંથી પાછો વળી ગયો.


થોડા સમય પછી પોપના દલાલોમાંનો એક ટેટ્ઝલ નામનો માણસ 'પાપવિમોચન પત્રિકાઓ' વેચવા માટે વિટનબર્ગ આવ્યો. માર્ટિન લ્યૂથરે તે વખતે પોપનાં કારસ્તાન ઉઘાડાં પાડવાનો વિચાર કર્યો. યુરોપની ભલભલી રાજસત્તાઓને માત્ર આંખને એક ઈશારે

(અનુસંધાન આગળ પાન ૨૨૩થી)



સસલાં

વૂડકટ (લાકડામાં કોરેલું ચિત્ર) • શ્રી વનવિહારી ઘોષ



પોયણાં

ફોટો • સી.સી.સેવક • ડાકોર

આ માસની ફોટોગ્રાફી હરીફાઈમાં પહેલું ઈનામ જીતનારું ચિત્ર

રાજ્યનાં પૈડાં

લેખક
મુનિકુમાર મણિશંકર ભટ્ટ

અંક પહેલો

ગાડી ગોઠવાય છે

પાત્રો

રાજા	નગરશેઠ	હુકમચંદ
દીવાન	કસ્તુરચંદ	કાવસજી
દાદભા	તલકચંદ	ભૂરો વણકર

રસોયો હજૂરીઓ નોકરો વગેરે

સમય: ઓગણીસમી સદીના છેલ્લા દસકાનું કોઇ પણ વરસ
સ્થળ: હિન્દુસ્તાનના કોઇપણ દેશી રાજ્યનું પાટનગર

[રાજાના મહેલની કચેરી પાસેનો ખંડ, જેમાં થઈ કચેરીમાં જવાય છે. કચેરીમાં બધા આવીને બેસી ગયા છે. બેઠક દેશી છે અને બંને બાજૂ હારબંધ બધા બેઠા છે. બે હારની વચ્ચે રાજા માટે ગાદી ગોઠવેલી છે. પાછળ એક હજૂરી અને એક હજામ ઊભા છે. હજૂરીના હાથમાં છડી અને હજામના હાથમાં ચમ્મર છે. ઝાંખા પડદામાંથી આ સર્વ દેખાય છે. આગળની બાજૂથી રાજા અને તેનો દીવાન વાતચીત કરતા પ્રવેશ કરવાના છે.

પડદો ઉપડે છે ત્યારે, પહેરેગીર, કોઈ નથી એમ જોઈ, ઘસઘસાટ ઊંઘી ગયેલ છે. તેનાં નસ્કોરાં સંભળાય છે. ત્યાં બીજો નોકર દોડતો દોડતો પ્રવેશ કરી આ નિદ્રાધીનને જોઈ તેના પગ ઉપર લાત લગાવે છે]

દોડતો હજૂરી: ઊઠ, એઇ! રાજા સાહેબ પધારે છે.

ઊંઘતો હજૂરી: ઘુર્રર્! ઘુર્રર્ર્!

દોડતો હજૂરી: ઊઠ, અલ્યા ઊઠ; આમ ઘંટીની જેમ અવાજ કરતાં તને શરમ નથી આવતી?

ઊંઘતો હજૂરી: (સ્વપ્નમાંથી જાગીને) હેં? નવી નથી આવતી? શા માટે નથી આવતી? હવે નહિ જ આવે?

દોડતો હજૂરી: અરે તારી નવી વહુની વાત હું ક્યાં કરૂં છું? પણ તું ભલો થઇ ઊઠ; રાજાજી પધારે છે.

ઊંઘતો હજૂરી: હેં એં એં–!

[એકદમ ઊઠી ભાગે છે. બીજો હજૂરી તેની પાછળ જાય છે. સામેથી રાજા તથા દીવાન વાતો કરતા પ્રવેશ કરે છે. રાજાના હાથમાં એક ચાબૂક છે. દીવાનને માથે પાઘડી અને ખભે ખેસ છે.]

રાજા: દીવાનજી, હું ગાદીએ બેઠો તે પહેલાં તમે મને કહેતા હતા કે ગાદીએ બેઠા પછી મારે ઘણું ઘણું કરવું પડશે. હવે ગાદીએ આવ્યાને મને દોઢસો દિવસ થયા તો પણ મારે શું કરવાનું છે તે તો તમે કહેતા જ નથી!

દીવાન: મહારાજ! હવે આપે રાજ ચલાવવાનું છે.

રાજા: ઓહ. એમા તે તમે મોટું શું કહી નાખ્યું? મને ગાડી અને મોટર ચલાવતાં તો આવડે છે; અને રાજ પણ એમ જ ચલાવવાનું ને?

દીવાન: ના જી, એ બેમાં ઘણો ફરક છે.

રાજા: તેમાં હરકત નહિ. એમ તો ગાડી અને મોટરમાં યે ફરક છે.

દીવાન: (કંઇક બોલવા જાય છે, પણ નિરાશ થઇ બંધ કરે છે.) જી હા.

રાજા: દીવાનજી! રાજ્યને લગામ હોય કે સ્ટીઅરિંગ?

દીવાન: (નવો રસ્તો સૂઝવાથી) જી, લગામ હોય. રાજ એક ઘોડાગાડી જેવું હોય છે. મારા જેવા આપના નોકરો એ ગાડીને ખેંચે છે. એ લગામ આપના હાથમાં હોય છે, અને કાયદા તે એનાં પૈડાં છે.

રાજા: (ખુશ થઇ ચાબૂક હલાવતાં) હાં, બસ, એવી ગાડી હશે તો રાણીસાહેબને બહુ ગમશે.

દીવાન: જી હા. પણ નામદાર! કચેરી ભરાઇ ગઈ છે અને બધા આપની વાટ જુએ છે.

રાજા: એમકે? ચાલો ત્યારે કચેરીમાં જઇએ. પણ દીવાનજી, ત્યાં મારે કરવાનું શું?

દીવાન: જી, આપે ફક્ત હુકમો જ કરવાના.

રાજા: (બોલે છે ત્યાં પાછલો પડદો ખસી જઇ કચેરી દેખાય છે) ચાલો ત્યારે.

[કચેરીના લોકો બધા ઊભા થઈ જાય છે અને રાજા બેઠા પછી બધા બેસે છે]

રાજા: દીવાનજી, ચલાવો હવે.

દીવાન: (ઊભા થઇને) મહારાજ, આજને શુભ પ્રસંગે, આપ નામદારને આ ગાદી ઉપર વિરાજેલા જોઇને અમલદારોને, મને તથા પ્રજાજનોને જે સંતોષ તથા આનંદ થાય છે તે વ્યક્ત . . . .

દાદભા: (અટકાવીને) સબૂર, સબૂર. દીવાનજી, તમે તો બોલવામાં વખત ગુમાવો છો. રાજાસાહેબે કહ્યું કે રાજ ચલાવો તે સાંભળ્યું નહિ?

દીવાન: હાજી, હું તે જ કરૂં છું.

દાદભા: નહિ. દીવાનજી, હજી કામ રીતસર શરૂ થયું ગણાય નહિ.

દીવાન: કેમ નહિ?

દાદભા: નાચનારીઓ ક્યાં છે? વારાંગના ક્યાં છે, કંચનીઓ ક્યાં છે, નાચ ક્યાં છે? મેં જેટલાં નાટક જોયાં છે, તે બધામાં એમ જ રાજા આવે છે, અને કચેરી થાય છે. તલકચંદશેઠના ભાઇના લગનમાં પણ એમ જ હતું.

દીવાન: પરંતુ નામદાર......

દાદભા: (તેને અટકાવીને) હું પરંતુ બરંતુ સાંભળવાનો નથી. રાજાજી આપ દીવાનને હુકમ કરો.

રાજા: દીવાનજી, દાદભા કહે છે તેવું કરવાનો કાંઇ રસ્તો છે?

દીવાન: જી. આપ આજ્ઞા કરો તો આપણે લશ્કર ઊભું કરીએ ને દાદભા સાહેબને સેનાપતિ બનાવીએ.

દાદભા: (દીવાન લખે છે ત્યાં) હાં, હવે બરાબર. આ તે સાળી કાંઇ કચેરી છે કે શાકપીઠ?

દીવાન: (આગળ આવી કાગળ ધરી) લ્યો નામદાર, આના ઉપર સહી કરો.

રાજા: એમાં શું લખ્યું છે?

દીવાન: આ હુકમથી આપ નામદારના રાજ્યમાં કૅવલ્રી, ઇન્ફન્ટ્રી, આર્ટીલરી એવી જાતનું લશ્કર ઊભું થશે અને એ લશ્કર આપ નામદારના જન્મદિવસે કવાયત અને 'રીવ્યુ' કરશે તથા લડાઇમાં જશે.

રાજા: એ તો ઠીક; પણ લડાઇ ન હોય ત્યારે?

દીવાન: લડાઇ નહિ હોય ત્યારે એ લોકો કવાયત કરશે, જે મોટા પાયા ઉપર નાચ જેવું જ લાગશે.

રાજા: શાબાશ દીવાનજી! તમે રસ્તો ઠીક ગોત્યો: પણ એકમાંથી બીજું તો કાંઇ નહિ થાય ને? હવે કચેરી બરખાસ્ત કરો. મને ભૂખ લાગી છે.

દીવાન: (ડપકાની હબે) નામદાર!

[એક નોકર પ્રવેશ કરે છે અને દીવાનના કાનમાં શે ઠીક વાત કરે છે]

દીવાન: મહારાજ! માધવનગરથી બહુ જ સારી કેરી લઇ આપને ધરવા માટે એક માણસ આવ્યો છે.

રાજા: બોલાવો, બોલાવો.

[દીવાન ઇશારો કરે છે, કેરીઓ લઈ એક માણસ આવે છે. કેરીઓ ઉપર બનારસી શેલું ઢાંકેલું છે.]

માણસ: ખુદાવિંદ, નેકનામદાર, જહાંપનાહ, અમારા ગામની મીઠામાંમીઠી કેરી હું આપને માટે લાવ્યો છું.

[એક ચીર આપે છે અને બીજી બધા દરબારીઓને આપે છે. દરબારીઓ તે ખાઇ પ્રેક્ષકો તરફ જોઈ મોઢું બગાડે છે. રાજા કેરી ખાઇ, મોં બગાડી, ચીર માણસ સામે ફેંકી, ગુસ્સાથી પગ પછાડે છે.]

રાજા: દુષ્ટ! હેવાન! આ તો ગંધાતી છે! બસ, હુ તને સજા ફરમાવું છું કે તારૂં ઘાણીએ ઘાલીને......

દીવાન: (વચ્ચે પડી) પરંતુ નામદાર, આપ સજા ફરમાવો તે પહેલાં મારી એક વિનંતિ સાંભળવા કૃપા કરો.

રાજા: (દીવાન સામે તાકી) શું?

દીવાન: નામદાર, આ કેરી જ્યારે આ માણસના મુલકમાં પાકી ત્યારે ઘણી મીઠી હતી, પણ તેને અંગે અહીં આવતાં જે આઠદસ દિવસ લાગ્યા હશે તેથી કેરી બધી બગડી ગઇ છે.

રાજા: (ધબ દઇને બેસી જાય છે) એમ? તો દીવાનજી, રાજ્યમાં બંદોબસ્ત કરો કે કેરી જેમ તૈયાર થાય તેમ તરત અમારી પાસે પહોંચી જાય.

દીવાન: પરંતુ નામદાર......

નગરશેઠ: (અટકાવીને) રાજાજી તમારૂં પરંતુ બરંતુ સાંભળવાના નથી. રાજાનો ધર્મ હુકમ કરવાનો છે અને તમારો ધર્મ અમલ કરવાનો છે.

દીવાન: મહારાજ, આ ઉપર સહી કરશો?

રાજા: એ શું છે?

દીવાન: આ હુકમથી માધવપુરથી રાજ્યધાની સુધી, કુસુમપુરથી કાટકડા સુધી અને સિદ્ધપુરથી સીતાગઢ સુધી રેલવે બંધાશે અને બધું આપની ઇચ્છા પ્રમાણે થશે.

બધા: (રાજા એક પછી એક સહી કરે છે તે દરમિયાન) કેવો કાબેલ દીવાન! કેવી મજા!–શું રાજા!–તાબડતોબ કેરી,–આવું તો કોઇ દિવસ સાંભળ્યું નહોતું,–વાહ-વાહ!–ઘણું સરસ......વગેરે.

રાજા: (સહી કરી કાગળ પાછો આપતાં) લ્યો! પણ મારી ભૂખ તો હજી એવી ને એવી જ છે.

[એક માણસ પ્રવેશ કરે છે.]

માણસ: મહારાજ, રાણીસાહેબે આપને માટે ખાસ તૈયાર કરેલો આ આઇસક્રીમ મોકલ્યો છે.



આટલી બધી ખારી દાળ?

રાજા: (આઇસક્રીમની રકાબી હાથમાં લેતાં દીવાન તરફ જોઇ વાત કરે છે ત્યાં તેમાંનું દૂધ દેખાય છે) જોયું દીવાનજી! રાણી સાહેબને મારી કેટલી ચિંતા છે? તમે જે ભૂલી ગયા તે એમણે કર્યું.

[ખાવાની શરૂઆત કરે છે ત્યાં બાકી દૂધ રહેલું જોઇ ગુસ્સે થઇ]

અરે હજામ! આ આઇસક્રીમનું તો દૂધ થઇ ગયું છે. તું મોડો કેમ આવ્યો? જા તારું ધાણીએ ઘાલી......

દીવાન: (વચ્ચે અટકાવી) મહારાજ! તેમાં આ માણસનો વાંક નથી. રાણીજીના મહેલની અને દરબારગઢની વચ્ચે એટલાં મકાનો છે કે એ બધાં ઓળગી અહીં આવતાં આ બિચારાને અરધો કલાક થયો હશે.

રાજા: તો હવેથી અરધો કલાક ન થાય એવી કાંઇક ગોઠવણ કરો.

બધા: (એક પછી એક) મહારાજા બહુ ચતુર છે.–અરધા કલાકમાં આઇસક્રીમ,–દીવાન પણ મુત્સદ્દી છે,–એનું મગજ ગજબ છે,–પણ એ આમાં શું કરશે?–અરે જરૂર રસ્તો કાઢશે.

દીવાન: (લખેલો કાગળ આપતાં) મહારાજ! આમાં આપની સહી...

રાજા: એ શું છે?

દીવાન: આ ફરમાનથી લાઇનદોરી અને જમીન પ્રાપ્તિના બે ધારા અમલમાં આવશે અને તે મુજબ ગમે તે બે મકાનો વચ્ચેની ઇમારતો પાડી નંખાવી રસ્તો ખુલ્લો કરી શકાશે.

રાજા: લ્યો આ સહી. પણ હજી મારી ભૂખ મટી નથી.

[દીવાન ઈશારો કરે છે. રસોયા જેવા દેખાવનો એક માણસ જમણનો થાળ લઈ આવે છે. રાજા ખાવાનું શરૂ કરે છે અને થાળ ફગાવી બૂમ પાડે છે.]

રાજા: હુસસ્ થુ થુ! આટલી બધી ખારી દાળ! આ તે કાંઈ ખારી દાળ છે કે મીઠાના અગર! બેવકૂફ! તને રસોઈ કયા હજામે શીખવી? જા તારું ધાણીએ...

દીવાન: મહારાજ! (રાજા અટકે છે દીવાન રસોયા તરફ જુએ છે.)

દીવાન: અલ્યા! તેં આમાં કેટલી કિમ્મતનું મીઠું નાખ્યું'તું? અને કોના હુકમથી?

રસોયો: (ગભરાટથી) જી. હું નહાવા બેઠો ત્યારે મેં માણસને કહ્યું કે પૈસાભાર મીઠું નાખજે; તેને બદલે માણસે એક પૈસાનું મીઠું વેચાતું લઈ દાળમાં નાખ્યું હશે.

દીવાન: એક પૈસાનું કેટલું મીઠું આવે છે?

રસોયો: પૈસાનું અગિયાર શેર.

રાજા: દીવાનજી! આમ નહિ ચાલે. મારા રાજ્યમાં રસોયાઓ અને રસોયણો બધાને ફાવે તેટલું મીઠું

ખવડાવે, એના ઉપર અંકુશ મૂકવાની જરૂર છે.

[દીવાન લખવા માંડે છે.]

કસ્તુરચંદ: આપ નામદાર દયા અને ડાંપણના ભંડાર છો. આપનું રાજ્ય કાયમ રહો.

દીવાન: નામદાર, આપની સહી...

રાજા: એ વળી શું છે?

દીવાન: આ ફરમાનથી આપણા રાજ્યમાં મીઠાના ઇજારા આપવામાં આવશે અને એથી કરીને લોકોની જરૂરિયાત કરતાં વધારે મીઠું પકવવામાં કે વેચવામાં આવશે નહિ; તેમજ અગરમા બનેલું હોય તે સિવાયનું મીઠું વાપરી શકાશે નહિ; અને ઇજારદાર સિવાય બીજો કોઇ માણસ મીઠું બનાવી કે વેચી શકશે નહિ; અને આ ઇજારો (કસ્તુરચંદ તરફ જુએ છે.)

કસ્તુરચંદ: (રાજા સહી કરે તે દરમિયાન) જી, આપણે ઇજારો રાખવા ખુશી છીએ.

રાજા: લ્યો આ સહી. પણ હવે હું જરાપણ વધારે વાર ખાધા વિના રહી શકું તેમ નથી. હું તો આ ચાલ્યો.

[ઊભો થઇ ચાલવા જાય છે ત્યાં તેનું કપડુ ફાટી જાય છે રાજા ગુસ્સે થાય છે]

રાજા: આ શું? આ કપડું કોણે વણ્યું?

[ભૂરો વણકર ઊભો થઇ બે હાથ જોડે છે]

ભૂરો: નામદાર, કપડું તો મેં વણ્યું છે; પણ એ ભરાઇને ફાટે એમાં મારો શો ગનો?

રાજા: તો પાંચ મિનિટમાં બીજું કપડું વણી લાવ.

ભૂરો: નામદાર. પાંચ મિનિટમાં નહિ, પણ પાંચ દિવસમાં વણી આપું.

રાજા: દીવાનજી, આ નહિ ચાલે. પાંચ મિનિટમાં કપડાં વણાઇ જાય એવું કરવાની જરૂર છે.

[દીવાન લખવા માંડે છે]

બધા: (એક પછી એક) આ તો અજબ!-પાંચ મિનિટમાં કાપડ!—આતે રાવણની સૃષ્ટિ કે મયદાનવની કરામત!—બધું જ હાજરાહજૂર-આનો દીવાન શો રસ્તો કાઢશે?

દીવાન: નામદાર, આપની સહી...

રાજા: એ શું કર્યું છે?

દીવાન: આ ફરમાનથી આપણા રાજ્યમાં ઠેકાણે ઠેકાણે જીનપ્રેસ અને સ્પિનિંગ તથા વીવિંગ મિલો ઊભી કરવામાં આવશે અને દરેક વણકર ઉપર કુટુંબના માણસ દીઠ રૂપીઆ એકનો કસબવેરો લેવામાં આવશે.

તલકચંદ: હજૂરનો હુકમ હોય તો મિલ હું કરૂં. એમાં વેપાર ખીલશે ને રાજ્ય તથા રૈયતને લાભ થશે.

રાજા: દીવાનજી, તો તેમ કરજો. (સહી કરીને) લ્યો દીવાનજી, પણ મારી ભૂખ હજી મટી નથી.

કાવસજી કંટ્રાકટર: નામદાર, આપનો હોકમ હોય તો એક એવી ચીજ બતલાવું કે આપ નામદાર ભૂખને તો સૂં પન મને, દીવાનને અને ખુદ આપને વસ્તીક, સદંતર ભૂલી જાઓ.

રાજા: તે વળી શું છે?

કાવસજી:

દેખો રાજા તાજા માજા, કૈસા હૈ યે શરાબ,
લોકો જુઠ્ઠા ભલે વખોડે, કહીને ઘણો ખરાબ.
ભૂખ ભુલાવે દુઃખ ભુલાવે, વળી ભુલાવે સર્વ,
શરાબ કેરો આશ્રય લઇને, રે'તા લોક નિખર્વ.
પીઓજી શરાબ લિજ્જતદાર;
લીઓજી દીવાન ને દરબાર. —દેખો...

[એક પ્યાલી ભરીને આપે છે]

રાજા: (પ્યાલા પીને) ખરૂં છે કાવસજી, મારી ભૂખ મટી ગઇ. મારી એમ ઇચ્છા છે કે તમારે મારી પ્રજાને મારા જેટલો જ લાભ આપીને શરાબ પીતી બનાવવી.

કાવસજી: હું પીઠા ખોલસ જી.

હકમચંદ: પણ નામદાર, અગાઉના ક્ષત્રિયો તો દરબારમાં કસુંબા કાઢતા.

રાજા: એ શું વળી?

હકમચંદ: (કસુંબાની પ્યાલી આપે છે) આ રહ્યો કસુંબો. [રાજા પીએ છે.]

રાજા: (ખોંખારો ખાઇ) એ પણ ઠીક છે. તમે કસુંબાનાં પીઠાં કાઢજો.

દીવાન: નામદાર, પરંતુ...

રાજા: (અટકાવીને) હું તમારૂં પરંતુ બરંતુ સાંભળવાનો નથી. મેં તમને ઘણીવાર કહ્યું છે કે મારૂં કામ હુકમ કરવાનું છે અને તમારૂં કામ અમલ કરવાનું છે.

હકમચંદ: બરાબર છે. નામદાર, હું અફીણ વેચવા તૈયાર છું.

દીવાન: (રાજા તરફ) તો આ કાગળ ઉપર સહી કરશો?

કાવસજી: (હકમચંદને પડખે લઇ જઇ) દીકરા, ફાવ્યો!

હુકમચંદ: (કાવસજીને પાંસળામાં આંગળી મારી) ને શેઠ, તમારો ય ગગો કુંવારો નહિ રહે.

[બંને જણા નાક ઉપર આંગળી મૂકી બેસી જાય છે.]

રાજા: (સહી કરી કાગળ આપતાં) લ્યો દીવાનજી, અને આજની સભા બરખાસ્ત કરો.

[લથડતે પગે જાય છે.]

દીવાન: (સ્વગત) ગાડી ગોઠવાઇ તો ખરી, ઇશ્વર કરે ને સલામત ચાલે એટલે બસ. [દીવાન જાય છે.]



ગાડી ગોઠવાઇ તો ખરી, ઇશ્વર કરે ને સલામત ચાલે એટલે બસ.

અંક બીજો
ગાડી ચાલે છે

સમય: પાંચેક વર્ષ પછી

સ્થળ: કચેરી પાસેનો રાજાને બેસવાનો ઓરડો.

પાત્રો

રાજા	તલકચંદ	અરજદારો
દીવાન	હૉટેલવાળો	હજૂરીઆ
ભૂરો વણકર	દૂધવાળો	છોકરાઓ

[પડદો ઉપડે છે ત્યારે એક વાળંદનો છોકરો રાજાને બેસવાની ખુરશી સાફ કરતો દેખાય છે. અને બીજો તેના કામમાં અડચણ કરીને તેને ચીડવે છે. બીજો છોકરો એક ધૂળવાળી છજી લાવી રાજાની ખુરશી ઉપર ખંખેરે છે અને બોલે છે.]

બીજો છોકરો: એય હજામ, આ ખુરશી ઉપર કેટલી બધી ધૂળ છે.

પહેલો છોકરો: અલ્યા, હું સાફ કરૂં ને તું બગાડે છે એમ? ઊભો રહેજે!

[ખુરશીની આસપાસ બંને દોડે છે, પણ બીજા છોકરાને પકડી ન શકવાથી બબડતો વળી ખુરશી સાફ કરે છે.]

પહેલો છોકરો: સાળું આમ કામ કરતાં તો પાર જ નહિ આવે. આ તે ઘાણીના બેલની જેમ ચક્કર ચક્કર ફરીને હતા ત્યાંના ત્યાં.

બીજો છોકરો: ઘાણીના બેલમાં તારા કરતાં વધારે અક્કલ હોય છે; અને ઘાણીના બેલ તારા જેટલા ગંદા નથી હોતા.

[પહેલો છોકરો ફરી બીજાને મારવા દોડે છે. એટલે બીજો ગંદા બૂટ સાથે રાજાની ખુરશી ઉપર બેસી જાય છે.]

પહેલો છોકરો: અરે, ઊઠ પાજી, રાજાની ખુરશી છે, જોતો નથી?

[ભાલું લઇ એક હજૂરી પ્રવેશ કરે છે.]

હજૂરી: મહારાજા સાહેબ પધારે છે.

[બન્ને છોકરાઓ ખુરશી માટે લડવામાં રોકાએલા છે, એટલે કોઇ સાંભળતું નથી- તેથી હજૂરી મોટેથી બોલે છે.]

હજૂરી: હજૂર પધારે છે.

[કોઇ સાંભળતું નથી.]

હજૂરી: (ભાલું ઠબકારી) હજૂર પધા.રે..છે.

બંને છોકરા: કોણ પધારે છે?

હજૂરી: બેટાઓ, હું બોલું તે જો તમારા કાન સાંભળશે નહિ તો મારે એને મરડી નાખવા પડશે. હજૂરશ્રી પધારે છે.

[બન્ને છોકરાઓ દોડી જાય છે; બીજી બાજુથી રાજા અને પ્રધાન વાતચીત કરતા પ્રવેશ કરે છે]



ભૂરો વણકર

દીવાન: મહારાજ, મને બહુ ચિંતા રહે છે. રાજ્યનું ગાડું આમ તે ક્યાં લગી ચાલશે ?

રાજા: તમે સમજતા નથી. આ રાજ્ય કાંઇ ગાડું નથી, ગાડી નથી, ફેટીન નથી, બ્રુમ નથી, પણ મોટર છે. કલચ અને ગીઅર કલચ અને બ્રેક એમ જ એ ચાલે છે.

દીવાન: મહારાજ, મોટર એ તો એક સંચો છે. રાજ્ય કાંઇ સંચા જેવું નથી.

રાજા: તમે સમજતા નથી, દીવાન. હું ગાદીએ આવ્યો ત્યારથી મેં મારી પ્રજા માટે કેટલું બધું કર્યું! રેલવે કરી, મોટા ઉદ્યોગો બનાવ્યા, ઇજારાઓ આપ્યા, મ્યુનિસિપાલિટી અને લાઇનદોરીઓ કરી, અને આ રાજ્યમાં તેમજ રાજ્યધાનીમાં પાંચ વરસમાં એટલા બધા ફેરફારો કર્યા છે કે આજે કોઇ તેને જુએ તો ઓળખે પણ નહિ.

દીવાન: તે ખરૂં છે નામદાર, પણ અમે જૂના વિચારના એમ માનીએ છીએ કે પ્રજાના સંતોષ અને સહકાર વિના કોઇ પણ રાજ્ય ટકતું જ નથી.

રાજા: સંતોષનું તો કોણ જાણે, પણ આ રાજ્ય આટલા વખત સુધી ચાલ્યું તે જ બતાવે છે કે પ્રજાનો તેમાં સહકાર છે.

દીવાન: પ્રજાના એક ભાગનો. નામદાર, મને ક્ષમા કરશો, પણ પ્રજામાં અસંતોષ ફેલાય તો આખરે રાજ્યને જ નુકસાન છે.

રાજા: શી રીતે ? પ્રજાને અસંતોષ હોય તો તેઓ સંતોષ થાય તેવા રસ્તા આપમેળે જ લઇ લે છે. અને બીજી વાત એ છે કે પ્રજાને કદી સંતોષ થતો જ નથી.

દીવાન: તો પણ નામદાર રાજાનો ધર્મ તો પ્રજાને સંતોષ આપવાનો જ છે.

રાજા: પ્રજા એટલે શું ? આપણે ગાડીઓ ડાબે હાથે હંકારવાનો કાયદો કર્યો, તે જેમને ગમતો હશે તેઓ ખુશી થશે અને ગમતો નહિ હોય તેઓ પણ એ પાળશે તો ખરા જ. તેમાં સંતોષનો સવાલ જ આવતો નથી.



તલકચંદ

દીવાન: પરંતુ મહારાજ, મારી ફરજ છે કે મારે આપનું ધ્યાન ખેંચવું—(જરા ધીમેથી) મારે આપનું ધ્યાન ખેંચવું કે, પ્રજાના મોટા વર્ગના સંતોષમાં—

[આખું વાક્ય બોલે છે પણ બહાર કોલાહલ સંભળાય છે, તેમાં એ વાક્ય ડૂબી જાય છે]

રાજા: (બૂમ પાડે છે) આ શો કોલાહલ !

[હજૂરી અને ભૂરો વણકર પ્રવેશ કરે છે.]

હજૂરી: નામદાર, આ ભૂરો ગડબડ મચાવતો હતો.

રાજા: કેમ અલ્યા ! તારે શું છે ?

ભૂરો: બાપુ! હું, મારૂં કુટુંબ, મારાં સગાંવહાલાં, ને મારી આખી નાત, આ વરસે તો હેરાન હેરાન થઇ ગયાં છીએ. આ રાજ્યમાં અમારાં એકસો ખોરડાં હતાં, અટાણે દસ રહ્યાં છે. અમે રૂ વેચાતું લીધું, તેનું સૂતર કાંત્યું અને તેનાં લૂગડાં વણ્યાં; હવે ઇ લૂગડાં કોઇ લેતું નથી.

રાજા: શા માટે નથી લેતું ?

ભૂરો: બાપુ! વેપારીઓ કહે છે કે ઇ લૂગડાં મોંઘાં પડે છે.

રાજા: તો સસ્તે વેચ.

ભૂરો: પણ બાપુ, સસ્તે વેચું તો અમે રૂના પૈસા આપ્યા તે પણ પૂરા નીકળતા નથી.

રાજા: તો સસ્તું રૂ લે.

ભૂરો: પણ બાપુ, રૂ તો બધું આ મીલવાળો શેઠ લઇ લે છે; પછી અમને સસ્તું રૂ કોણ આપે ?

[હજૂરી પ્રવેશ કરે છે.]

હજૂરી: મીલવાળા તલકચંદ શેઠ આવે છે.

રાજા: આવવા દે.

[તલકચંદ પ્રવેશ કરે છે.]

તલકચંદ: નામદાર, રાણીસાહેબ માટે ખાસ કપડું આજે લાવ્યો છું. તેનું રૂ અમેરિકામાં પાકેલું છે; તેનો રંગ જર્મનીમાં, તેનું સૂતર માંચેસ્ટરમાં, તેનો

કસબ ફ્રાન્સમાં અને વણાટ કાશીમાં બનેલો છે.

રાજા: શાબાશ શેઠ, અમે હમણાં તમારી સામેની જ ફરિયાદ સાંભળતા હતા. આ કપડું રાણી સાહેબને બહુ ગમશે. પણ જે મુલકનાં તમે નામ લીધાં ત્યાં બધાને ખબર તો હશે ને કે આ કપડું અમારાં રાણી સાહેબને માટે છે?

તલકચંદ: હા નામદાર, દેશેદેશમાં લોકો આપની વાત સાંભળી અચંબો પામે છે; અને સ્પેનના એક વેપારીએ તો આપને માટે આ સંચો મોકલ્યો છે.

[ગજવામાંથી કાઢી એક સંચો આપે છે.]

રાજા: એ વળી શું છે?

તલકચંદ: ઇ સંચાથી નખ કપાય છે, અને હજામની જરૂર પડતી નથી.

રાજા: ત્યારે તો એ ઘણી કિંમતી ભેટ હશે. વારૂ, બીજું શું કહેવું છે?

તલકચંદ: લેંકેશાઅરના એક મિલવાળા તેનાં ધોતિયાં ઉપર આપ નામદારની છાપ લગાડવા માગે છે અને આ નમૂનો મોકલ્યો છે.

રાજા: ઓહો! શું ત્યાં પણ બધા મને ઓળખે છે?

તલકચંદ: હા જી. અને આપનું નામ સાંભળી ખુશ ખુશ થઈ જાય છે.

રાજા: એમકે? દીવાનજી, મારી પ્રજાના સંતોષની તમે વાત કરો છો, પણ બીજી પ્રજાને મારો કેટલો સંતોષ છે તે આ તલકચંદ શેઠની વાત ઉપરથી ચોખ્ખુ દેખાય છે.

દીવાન: હા નામદાર, પણ તલકચંદ શેઠની કાંઈક માગણી પણ હશે.

રાજા: બોલો તલકચંદ, શી માગણી છે?

તલકચંદ: હજૂર, આ ગરીબ વાણીઆની એક સાવ સાદી અરજ છે. અમે ઘણી મુશ્કેલી વેઠી, ઘણા પૈસા ખરચી અહીં મિલ ઊભી કરી છે. ઈ મિલના ધુંવાડા ઠેઠ ઝીંઝુવાડાના દરબાર સુધી દેખાય છે અને અમે ઘણું કાપડ કાઢીએ છીએ. પણ હમણાંહમણાં કેટલાક લોકો અમારૂં સસ્તું કાપડ લેવાને બદલે આ ભૂરાનું મોંઘું કાપડ લ્યે છે, એટલે અમારો માલ વેચાતો નથી ને મારાં બાયડીછોકરાં હેરાનહેરાન થઇ જાય છે.

ભૂરો: વાહ શેઠ, વાહ! તમે બધા કેવા હેરાન થાઓ છો ઇ તો તમારૂં શરીર જ કહી આપે છે. અમારાં છોકરાંને તમે મિલ સળગાવી તે દિથી ખાવા ધાન પણ મળતું નથી તેનું કાંઇ નહિ કે?

રાજા: ચૂપ રહે. તારી અરજ બધાની સાથે સાંભળીશ. દીવાનજી, અરજદારોને બોલાવો.

[દીવાન ઇશારો કરે છે એટલે બહાર હજૂરીની બૂમ સંભળાય છે.]

હજૂરી: કોઇ અરજદાર, કોઇ અરજદાર, કોઇ અરજદાર.

[એક સાથે દસબાર માણસો ધસી આવે છે.]

બધા: હજૂર મારૂં ઘર;-મારો ખાળકૂવો-મારી દુકાન-મારો ઇજારો-મારા પૈસા-અમે તો હેરાન-વગેરે.

રાજા: ખામોશ, તમે બધા અહીંથી ચાલ્યા જાઓ અને એક પછી એક આવીને ફરિયાદ કરો.

[બે જણા સિવાય બધા ચાલ્યા જાય છે.]

હૉટેલવાળો: હજૂર, આ દૂધવાળો મને પાણીવાળું દૂધ આપે છે એટલે મારી ઘરાકી તૂટી જાય છે, અને મ્યુનિસિપાલિટી લાઇસેન્સ ખેંચી લે છે.

દૂધવાળો: બાપુ ખડના ઇજારાવાળો મને મોંઘું ખડ આપે છે અને ઢોર ઉપર પૂંછડા વેરો છે. હું તે દૂધ ક્યાંથી લાવું? મારાથી તે કાંઇ થોડું જ દૂઝાશે?

રાજા: અલ્યા, ગુનો કરી પાછો મસ્કરી કરે છે? ઊભા રહો તમે બંને!

ત્રીજો અરજદાર: બાપુ! આ નવી લેનદોરીમાં મારૂં મકાન પાડી નાખ્યું અને અમારે દસ જણને ક્યાં ય ઊભા રહેવા ઠેકાણું નથી.

રાજા: ઠીક ઊભો રહે.

ચોથો અરજદાર: બાપુ, મારો છોકરો દારૂડિયો થઇ ગયો. આ ફેરા કાવસજી શેઠે મોટો ઇજારો લીધો એટલે હવે બધા નોકરોને પરાણે દારૂ પાય છે ને પગાર આપતા નથી. મારા છોકરાના દેવામાં અમારૂં રાચરચીલું હરાજ થઇ ગયું.

રાજા: ઠીક, ઊભા રહો.

પાંચમો અરજદાર: બાપુ, મારી નાળીએરીઓ બધી સૂકાઇ ગઇ તેને માટે ખાતર નથી. મીઠાના ઇજારદારે ભાવ વધાર્યો એટલે મીઠું મોંઘું થયું અને મારી પંદર વરસની વાડી ખેદાનમેદાન થઇ ગઇ. જે કાંઇ બાકી હતું તે ડુક્કરોએ બગાડી નાખ્યું.

[હજૂરી પ્રવેશ કરે છે અને એક તાર આપે છે. દીવાન તાર વાંચે છે.]

દીવાનઃ નામદાર, ગૌરીપુર રાજ્યમાં દુષ્કાળ પડ્યા છે અને આપણી મદદ માગે છે.

રાજાઃ (હજૂરીને) હવે કોઇ અરજદાર રહ્યો છે?

હજૂરીઃ ના જી.

રાજાઃ તો બધાને બહાર બેસાડો; અમારો હુકમ અમે હમણાં આપશું.

[બધા જાય છે.]

દીવાનઃ મહારાજ! પ્રજાના સંતોષની વાત હું કરતો હતો તે આ આપે જોયું કે પ્રજાની ફરિયાદો વધી છે.

રાજાઃ ના, બધી પ્રજાની ફરિયાદ નથી વધી; ફક્ત અમુક લોકો ફરિયાદ કરે છે ખરા. અને તેમને દુઃખ હશે પણ ખરૂં. પણ જો તેમને સંતોષ આપીશું તો બીજાને અસંતોષ થશે.

દીવાનઃ તો પણ આપણે તો જેટલો બની શકે તેટલો તેનો ઉકેલ લાવવા યત્ન કરવો જોઇએ.

રાજાઃ (નવું સૂઝ્યું હોય તેમ) દીવાનજી, આ બધા અરજદારોનો એકસાથે નિકાલ આવે એવો કોઇ રસ્તો છે?

દીવાનઃ હજૂર, એ બની શકે તેવું નથી.

રાજાઃ તો એ હું બનાવી દઉં. આપણા રાજ્યમાંથી બધા વેપારીઓએ પોતાનો અરધો દાણો ગૌરીપુર મોકલી આપવો એવો હુકમ કરો. તેથી ગૌરીપુરની અને આપણી મિત્રાચારી વધશે; અને તે દાણાની સાથે આ નાળીએરીવાળો ને દૂધવાળો, એ બધાને પણ મોકલી આપો. તેથી તેમને પણ કાંઇ કચવાટ રહેશે નહિ. કોણ છે હાજર? [હજૂરી પ્રવેશ કરે છે.]

હજૂરીઃ જી.

રાજાઃ અરજદારોને અહીં મોકલ.

દીવાનઃ નામદાર, આમાં ઉતાવળ થાય છે.

[અરજદારો આવે છે.]

રાજાઃ ના દીવાનજી, બધું બરાબર છે. તમે તેમને હુકમ સમજાવો અને (દીવાન હુકમ સમજાવવા જાય છે ત્યાં) તલકચંદ શેઠ!

તલકચંદઃ જી નામદાર.

રાજાઃ તમારી મિલનું કાપડ લોકો ખરીદ કરે તે માટે હું હુકમ કરવાનો છું. પણ તમારા નફામાંથી તમારે રાજ્યને કાંઇક આપવું પડશે.

ભૂરોઃ (વચ્ચે) નામદાર મારૂં શું?

રાજાઃ તારૂં મારે કામ જ નથી. તારે પણ ગૌરીપુર જઇને વસવું. હું તને દેશનિકાલ કરૂં છું.

તલકચંદઃ વાહ મહારાજા! [જાય છે.]

ભૂરોઃ ઓહ મહારાજા! [જાય છે.]

અરજદારોઃ ઉંહ મહારાજા!

[માથું ધુણાવતા જાય છે.]

રાજાઃ (કંટાળીને) મૂવો રાજા! [જાય છે.]

દીવાનઃ ગાડી ચાલી તો ખરી. પણ ઘોડા કાબૂથી ગયા છે ને ગાડીનું જોખમ વધ્યું છે. ઇશ્વર કરે ને સલામત રહે એટલે બસ [જાય છે.]

[પડદો પડે છે.]

અંક ત્રીજો

ગાડી ભાંગે છે

પાત્રો

રાજા	કાવસજી	દાદમા
વાણીઓ	કસ્તુરચંદ	ખજાનચી
પરદેશી અમલદાર	રૂડો	સૈનિકો
તલકચંદ	નગરશેઠ	મજૂરો
હુકમચંદ	વસુલાતી અધિકારી	અરજદારો

સમયઃ આગલા અંક પછી બે વર્ષ બાદ.

સ્થળઃ રાજાનો સુવાનો ઓરડો.

[પડદો ઉપડે છે ત્યારે રાજા ઊંઘી ગએલો છે. અને તેનાં નસકોરાં સંભળાય છે. એક હજૂરી આમતેમ આંટા મારે છે. એક વાણીઓ દોડતો દોડતો પ્રવેશ કરે છે).

વાણીઓઃ હુકમચંદ ભાંગ્યો! હુકમચંદ ભાંગ્યો!

હજૂરીઃ (મોટેથી) ચૂપ રહો. રાજાજી ઊંઘી ગયા છે તે જાગી જશે.

વાણીઓઃ પણ હુકમચંદ ભાંગ્યો.

હજૂરીઃ (વધારે મોટેથી) ચૂપ રહો.

વાણીઓઃ ચૂપ કેમ રહું? હુકમચંદ ભાંગ્યો.

રાજાઃ (જાગીને આંખ ચોળતા) કોનો ખટારો ભાંગ્યો! મેં-સ્વપ્નામાં જોયું કે ખટારો અને મોટર સામસામાં અથડાયાં, તેમાં શું ખટારો ભાંગ્યો?

વાણીઓઃ નાજી. આ તો હુકમચંદશેઠ ભાંગ્યો!

રાજાઃ (સૂઈ જતાં) ઓહ તેમાં તે શું મને જ-



'ખજાનચી પાસે જાઓ અને જોઇએ તેટલા પૈસા લો.'

ગાડચો ? જાઓ, દીવાન સાહેબને ખબર આપો.

[વાણીઓ જાય છે. બીજો હજૂરી દોડતો દોડતો આવે છે.]

બીજો હજૂરી: લશ્કરે બંડ કર્યું છે અને તેઓ રાજમહેલ પર હુમલો કરનાર છે.

રાજા: (ફરી ઊઠીને) શું ? લશ્કરે બંડ કર્યું છે ? શા માટે ?

બીજો હજૂરી: બરાબર ખબર નથી હજૂર, પણ તેમને ખોરાક પૂરો મળતો નથી અને પરેડ વધારે છે એવી ફરિયાદ છે.

રાજા: તેમાં મને શું કહો છો ? સેનાપતિને મળો.

બીજો હજૂરી: સેનાપતિ રાજીનામું આપી પોતાને મકાને ગયા છે.

રાજા: જાઓ, દીવાનજીને અહીં મોકલો.

[હજૂરી જાય છે, રાજા ફરી સૂઈ જાય છે. એવામાં પરદેશી અમલદાર પ્રવેશ કરે છે.]

પરદેશી અમલદાર: હજૂર, સરસૂબાએ આ કાગળ મોકલ્યો છે. આપના રાજ્યની ચોથ ચૂકવતીની રકમ છેલ્લાં ત્રણ વર્ષેથી પેશ કરવામાં આવી નથી માટે જો એ તરત ભરવામાં નહિ આવે તો અમારી સરકારને આ રાજ્ય ખાલસા કરવાની ફરજ પડશે.

રાજા: ઓહ...એમાં મને શા માટે જગાડચો ? ખજાનચી પાસે જાઓ અને જોઇએ તેટલા પૈસા લો.

[પરદેશી અમલદાર જાય છે. બીજો હજૂરી ફરી પ્રવેશ કરે છે.]

બીજો હજૂરી: જનાબ, દીવાનજી ગુજરી ગયા છે !

રાજા: કયારે ?

[પરદેશી અમલદાર ફરી પ્રવેશ કરે છે].

પર૦ અમલદાર: રાજા, ખજાનચી પાસે પૈસા નથી, અને તેણે આ રાજીનામું મોકલેલ છે.

રાજા: શું તેણે પણ ? (હજૂરીને) તું એક માણસ મોકલ, અને બધા અમલદારોને ખબર આપ કે જેને જેને રાજીનામું મોકલવું હોય તેનું રાજીનામું લેવા રાજાજી આજ તૈયાર છે અને (બીજા હજૂરીને) તું પણ જા અને લશ્કરને તેમ જ બીજા જેટલાજેટલાને ફરિયાદે આવવું હોય તે સાંભળવા રાજા તૈયાર છે એમ કહી બધાને અહીં મોકલ.

[બંને હજૂરી સલામ કરીને જાય છે.]

રાજા: અને આપ ઉતારામાં રાહ જુઓ. મારો જવાબ ત્રણ કલાકમાં મોકલી આપવામાં આવશે.

[પરદેશી અમલદાર જાય છે, ત્યાં તલકચંદ મિલવાળો તેની સાથે અથડાય છે.]

તલકચંદ: (જોયા વગર જ) અહીં યે હડતાલવાળા સામે ને સામે!

રાજા: કેમ તલકચંદ, તમે શું આવ્યા છો ?

[પરદેશી અમલદાર જાય છે.]

તલકચંદ: મહારાજ, નામદાર, ખુદાવિંદ, અન્નદાતા, જહાંપનાહ, મારી મિલના મજૂરોએ હડતાલ પાડી છે.

રાજા: હડતાળ પડે તો શું થાય ?

તલકચંદ: હડતાળ પડે તો મિલનું કામ અટકી પડે અને કપડાં પેદા થાય નહિ, અને લોકોને કપડાં વિના જ ફરવું પડે.

રાજા: શા માટે ? શું મિલ સિવાય બીજી કોઈ રીતે કપડાં બની શકે જ નહિ.

તલકચંદ: બને. પણ આપણે ભૂરા વણકર તથા બીજા બધાને અહીંથી કાઢી મૂકયા છે.

[હકમચંદ અને કાવસજી પ્રવેશ કરે છે.]

હકમચંદ: નામદાર મને કોઈ ખાવા આપતું નથી.

કાવસજી: હજૂર, લશ્કર મારા દારૂના પૈસા આપતું નથી.

રાજા: હું કંઇ સમજ્યો નહિ. તમે એક પછી એક બોલો.

હકમચંદ–કાવસજી: (બંને સાથે) નામદાર, હજૂર,– (બંને અટકે છે.)

કાવસજી: તમે બોલોને સેઠજી !

હકમચંદ: ના શેઠ, શી ઉતાવળ છે ? તમે બોલો.

કાવસજી: હજૂર, હું દારૂનો ઇજારદાર છું. મેં લશ્કરને એક વર્ષ સુધી ઉધાર દારૂ પાયો છે. હવે હું ઉધાર પાઈ શકું તેમ નથી. એટલે લશ્કર મારી દુકાનને તોડી નાખવા અને દારૂ લઇ જવા આજે આવવાનું છે. હું આપનું રક્ષણ માગું છું.

રાજા: તમારે શું કહેવાનું છે, હકમચંદ શેઠ ?

હકમચંદ: નામદાર, હું અફીણનો ઇજારદાર છું. મેં અફીણ વેચ્યું તેના પૈસા આપના કોઈપણ ભાયાતો હજી મને આપતા નથી અને પૈસા વિના મારાં બાયડીછોકરાં ઝેર પણ પી શકતાં નથી.

રાજા: તો તેઓ અફીણ કેમ નથી લેતાં ? બીજા કોઇ અરજદારની તો ફરિયાદ નથીને ?

[કસ્તુરચંદ પ્રવેશ કરે છે.]

કસ્તુરચંદ: નામદાર, ફરિયાદ.

રાજા: કોણ છો ? બોલો, શું છે ?

[રૂડો પટેલ પ્રવેશ કરે છે.]

રૂડો: બાપા, મરી ગયા!

રાજા: હમણાં વાટ જો. ઉતાવળ કેમ કરે છે ? (કસ્તુરચંદ તરફ જોઇને) કેમ, તમારે શું છે ?

કસ્તુચંદ: હાડમારી છે, નામદાર. હું કસ્તુરચંદ, મીઠાનો ઇજારદાર. મને આપે મીઠાનો ઇજારો આપ્યો છે, પણ લોકો બધા મીઠાને બદલે સંચળ ખાવા લાગ્યા છે, એટલે મારૂં મીઠું વેચાતું નથી અને બાયડીછોકરાં ભૂખે મરે છે.

રૂડો: બાપજી, ભૂખે તો સૌ મરે છે. આ આખા રાજમાં દુકાળ પડ્યો છે. અમારૂં સંઘરેલું અનાજ આપે પરગામ મોકલી દીધું. આ ટાણે મારી પાસે મલક મલકની ચીજું પડી છે, પણ રોટલો ખાવા જારનો દાણો ય નથી. અને કપડાં બનાવવા માટે રૂ નથી.

રાજા: એ ફરિયાદ તમારે મહાજનને કરવી જોઇએ.

રૂડો: બાપા, મા'જન તે અમારૂં કરે કે એનું સંભાળે ?

[નગરશેઠ પ્રવેશ કરે છે.]

નગરશેઠ: હજૂર, ફરિયાદ! ફરિયાદ!

રાજા: તમે ફરિયાદ કરવા આવો એની હું વાટ જ જોતો હતો.

[નગરશેઠ બાઘાની જેમ આમ તેમ જુએ છે.]

રૂડો પટેલ: શેઠ, એમાં નવાઇ જેવું કંઇ નથી. હું હમણાં જ રાજાને કહેતો હતો કે આપના હાલ પણ અમારાથી સારા નથી.

નગરશેઠ: હાસ્તો બાપુ, હવે તો રે'વાતું નથી.

રાજા: કેમ ? તમને વળી શું છે ?

નગરશેઠ: મહારાજ, ખોટું લાગે તો માફ કરજો, પણ આજે તો બધું એકસામટું કહી નાખીને દિલની વરાળ કાઢવી છે. સૌથી પહેલું આપનું સુધરાઈ ખાતું. એણે અમારાં મકાનો હતાં ત્યાંથી તોડી પાડ્યાં અને જ્યાં ઘર અને વસ્તી હતી ત્યાં રસ્તા અને મેદાન કર્યાં. જ્યાં ના'તની પતરાવળીઓ પડતી ત્યાં અત્યારે ઉકરડાના કચરા પડે છે. અમારે સુધરાઇ ખાતું નથી જોતું.

રાજા: (હસીને) બીજું કાંઈ ?

નગરશેઠ: બીજું આપનું આબકારી ખાતું. એણે

પ્રજાનું હીર ચૂસી લીધું છે. દારૂવાળાને કૉન્ટ્રાક્ટ આપ્યો એટલે એણે લોકો બધાને દારૂડિયા કરી દીધા. ભાયાતો અને ગરાસિયાઓને બીજા ઇજારદારે અફીણિયા કરી દીધા. અમારાં ઘરમાં પે'લાં અનાજની કોઠીઓ ભરેલી રે'તી અને ખાવાપીવાનું મોંમાગ્યું મળતું એને બદલે હવે શેર મીઠું જોઇએ તો ય પાંચ પૈસા પડે છે.

રાજા: બીજાં કોઈ ખાતાં કાઢી નાખવાં છે ?

નગરશેઠ: (કટાક્ષ સમજ્યા વિના)જી હા નામદાર; જો ખાતાં કાઢી જ નાખવાં હોય તો આ જકાત ખાતું પણ કાઢી નાખવા જેવું છે. એણે તો ગરીબોને માથે કરવેરાના ભારા લાદ્યા છે. અમે, નામદાર, રાજની તીજોરી સારૂ કરની ના પાડીએ એવા નથી, પણ આ જકાતના મંકોડાઓ તો કર પણ લે છે અને ઉપર ભુરશી દક્ષિણા પણ લે છે.

રાજા: બીજા કોઇને કોઇ ખાતું બંધ કરવાની સૂચના કરવી છે.

રૂડો પટેલ: (સમજ્યા વિના) હા બાપજી. ખાતાં કાઢી નાખો તો પે'લું તો તમારૂં મહેસૂલી ખાતું કાઢી નાખજો. આપના દાદાના વખતમાં અમારા વાઢમાં કાંડાં કાંડાં જેવી શેરડીઉં થાતી. હવે ચોળાની શીંગું જેવી થાય છે. ઈ યે થાતી હોય તો નશીબદાર ! પે'લાં અમારાં ખેતરૂંમાં ભર બાજરાનાં ડૂંડાં હેઠ ઊંટ ઢંકાઇ જાતાં, આજે સોળ વર્ષનો છોકરો ઊભો હોય તો ય બે ખેતરવાથી દેખાય. ઈ વખતમાં તેજુરીમાં પૈસા ખૂટચા. રાજા ને દીવાન બારગામ ગ્યા. ખેડુને કે' કે મહેસૂલ વધારવું છે. અમારા પટેલો થયા ભેગા. સૌએ મળીને કીધું કે બાપા કેટલું મહેસૂલ વધારે જોઇએ છે? આપના દાદાએ કહ્યું કે એક વર્ષે એક લાખ રૂપિયા. અમે બધાએ ભેળા થઈ સૌસૌના કસ્બા-માં દસદસ હજાર વેંચી લીધા. કોઇ ખેડુને ખબરે પડી નહિ ને રાજાની તેજુરી તર થઇ ગઈ! હવે પાંચપાંચ વર્ષે મોજણીદારો જીવ ખાય છે. વારેઘડીયે પેમાયશ થાય છે અને મહેસૂલની રકમ તો આકાશમાં ગબારો જાય તેમ ઊંચી ને ઊંચી જ જતી જાય છે. તે અમે તે, બાપુ, કાંઇ માણસ છીએ કે રૂપીઆનાં ઝાડવાં ?

રાજા: પટેલ અને નગરશેઠ, તમને હું એક...

[બહાર કોલાહલ સંભળાય છે. ફરિયાદ ! ફરિયાદ !]

રાજા: એ વળી શું છે ?

[બે દારૂ પીધેલા જેવા લશ્કરના માણસો દોડી આવે છે અને રાજાને જોયા વિના છેક સામી વિંગ સુધી પહોંચી જાય છે. અને પાછું ફરી રાજાને જોતાં ગભરાઇ, અટકીને ઊભા રહે છે.]

રાજા: કેમ અલ્યાઓ, તમારે શી ફરિયાદ છે ?

૧ સૈનિક: જી, કાવસજી દારૂ નથી આપતો.

૨ સૈનિક: અને, સેનાપતિ પૈસા નથી આપતો.

રાજા: તમે કેટલાં માણસો છો ?

૧ સૈનિક: અહીં બે આવ્યા છીએ.

૨ સૈનિક: વીસ ગઢની બહાર ઊભા છે, બાપુ.

રાજા: તમે બધા જાઓ અને ખજાનચી, સેનાપતિ, વસુલાતી અને એવા અમલદારોને મારી હજૂરમાં લઇ આવો. ન આવે તો પકડીને લાવો. બસ થયું ?

[બહારથી સંભળાય છે ના! ના!

રાજા: એ વળી શું છે ?

[બે મજૂરો અંદર આવે છે અને સૈનિકો જાય છે.]

રાજા: કેમ અલ્યાઓ ?

૧ મજૂર: (ગભરાઇને) બાપુ, આપ અહીં હશો ઇ ખબર નહિ...પ–પ–પ–પ......

૨ મજૂર: બાપુ અમારે ફરિયાદ છે.

રાજા: કોની સામે ?

૨ મજૂર: આ નગરશેઠ ને તલકચંદ શેઠ ને ઇ બધાની સામે.

રાજા: શું છે ?

૧ મજૂર: બાપુ, રાજમાં દુકાળ પડચો છે, બધી ચીજો બમણી મોંઘી થઈ છે...અ–અ–અ–અ......

૨ મજૂર: અને અમે કહીએ છીએ કે અમને બમણી રોજી આપો અને શેઠ કહે છે કે ઈ સવાઇ આપે. એની અમે ના પાડી, ઇ આપે સાંભળી. હવે કંઇક થવું જોઇએ, ગરીબપરવર !

રાજા: તમે ઊભા રહો. તમારી પણ હું હમણાં જ ગોઠવણ કરૂં છું. (બૂમ પાડે છે) અરે, છે કોઇ હાજર!

[હજૂરી ઉઘાડે માથે પ્રવેશ કરે છે.]

હજૂરી: ના જી. હું યે જાતો'તો.

રાજા: સારૂં. જતાંજતાં દરબારી ઉતારામાં જે પરદેશી અમલદાર ઊતર્યો છે તેને અહીં મોકલતો જા.

[હજૂરી જાય છે અને બીજી તરફથી સેનાપતિ, વસુલાતી, ખજાનચી અને બીજા બે અમલદારો પ્રવેશ કરે છે. પછવાડે ઉશ્કેરાએલા જેવા ત્રણેક લશ્કરના માણસો છે.]

વસુલાતી અમલદાર: મહારાજ, મને ?

સેનાપતિ: આવું અપમાન ?

રાજા: ધીરા પડો. આજે હું હમણાં જ એ બધાનો ઉકેલ કરી નાખું છું. અહીં આ જે ટોળું ઊભેલું જુઓ છો તે બધા ફરિયાદે આવેલા છે. પટેલ કહે છે કે વસુલાત ન જોઇએ. લશ્કર કહે છે કે કાવસજી ન જોઇએ. મજૂરો કહે છે કે નગરશેઠ ન જોઇએ. નગરશેઠ કહે છે કે સુધરાઈ ને આબકારી ન જોઇએ. વળી જેમની પાસે દાણા છે તેમની પાસે નાણાં નથી અને નાણાં છે તેમને કોઈ દાણા આપતું નથી. ત્યારે મારા વહાલા અમલદારો ! હું તમને એમ પૂછું છું કે એનો રસ્તો શો ?

સેનાપતિ: (ધૂંધવાઇને) મહારાજ, મેં તો રાજીનામું આપીને હાથ ધોઈ નાખ્યા. હવે આપને સૂઝે તેમ કરો.

રાજા: હા તે સલાહ સારી છે. પણ હું તમને એમ પૂછું છું કે, આજે જેટલી જેટલી બાબતોની મારી આગળ ફરિયાદ આવી છે એમાં શું તમારો કોઇનો કાંઈ હિસ્સો જ નથી ?

ખજાનચી: (હિમ્મતથી) ના જી. મેં તો ફક્ત આપના ફરમાનનો અમલ કર્યો છે.

[પરદેશી અમલદાર પ્રવેશ કરે છે.]

રાજા: આવો; તમારો જવાબ પણ તમને હમણાં જ મળી જશે. ખજાનચી, રાજ્યમાં પૈસા કેટલા છે ?

ખજાનચી: નામદાર, મેં તો રાજીનામું આપ્યું છે; પણ હું હતો ત્યારે તિજોરીની સિલિક સાત રૂપિયા, અગિયાર આના ને ચાર પાઇની હતી.

રાજા: (અમલદારને) તમને કેટલી રકમ ભરવાની છે?

પર૦ અમલદાર: વ્યાજ સાથે રૂા. ૫૪,૯૪૩-૭-૯

રાજા: તેનો આજે હું ઉકેલ લાવું છું. મને રાજ કરતાં આટલાં વરસ થયાં. મેં જેટલું જેટલું કર્યું છે, તેટલું તેટલું બધું મેં તમને સુખી અને સંતોષી કરવાના હેતુથી જ કર્યું છે, અને મારા કાયદાઓથી તો જુદેજુદે વખતે જુદાજુદા માણસોએ સંતોષ જ બતાવેલો છે. હવે અમલદારો છૂટા થવા માગે છે. બીજી બાજુ પ્રજાના બધા વર્ગોનો અસંતોષ એકબીજા ઉપર જ છે. ત્રીજી તરફથી પરરાજ્યની ખંડણીનું મોટું લેણું રાજ્યપર ઊભું છે અને રાજા તરીકે બધા મારી પાસે દાદ માગે છે. મને એ બધાનો ઉકેલ સૂઝ્યો છે. જોકે, મને ખાત્રી છે કે, મારો ઉકેલ તમને કોઇને પહેલી નજરે નહિ ગમે; પણ એ જ સાચો ઉકેલ છે. તેની સેનાપતિ, ખજાનચી વગેરે બધાએ મને ખાતરી કરી આપી છે. તમારે તે કબૂલ છે ?

બધા: હા જી. જો ઉકેલ આવતો હોય તો અમે બધા એ કબૂલ રાખીશું.

રાજા: મારો એ ઉકેલ આવતાં પહેલાં મારે તમને બધાને કેટલાક સવાલો પૂછવાના છે.

દાદભા: ભલે પૂછો.

રાજા: દાદભા, તમને ગાડી ચલાવતાં આવડે છે?

દાદભા: હા જી, પણ તેનું શું ?

રાજા: ગાડી ન ચાલે કયારે ?

દાદભા: હાંકનાર ન હોય ત્યારે.

રાજા: બીજું ?

દાદભા: ઘોડો ન હોય તો.

રાજા: ત્રીજું ?

દાદભા: પૈડાં ન હોય તો.

રાજા: રાજ્ય પણ ગાડી જેવું છે એમ માનો છો ?

દાદભા: હા.

રાજા: રાજ્ય રૂપી ગાડીના ઘોડા કોણ ?

દાદભા: (વિચાર કરી) જી, અમે બધા.

રાજા: ઘોડા હઠે તો ?

દાદભા: (સમજી જઇ) તો ય શું, ઘોડાની લગામ તો આપના હાથમાં છે ને ?

રાજા: હા, પણ તમે ભૂલો છો. ગાડી તો આપણે હાંકીએ તેમ ચાલે, પણ રાજ્ય તો પોતે જ ચાલે અને આપણને ય ઘસડે.

દાદભા: (સમજ્યા વિના) હા, પણ તેનું શું ?

રાજા: તેનું એમ કે અત્યારે એ ગાડી અટકી ગઇ છે. ત્યારે હાંકનાર ઘોડાને ચાબૂક મારે કે નહિ ?

ખજાનચી: ના નામદાર, આપે તો દયા રાખવી જોઇએ.

રાજા: ત્યારે આ બધાનો ઉકેલ શું ?

વસુલાતી: ઉકેલ તો આપને સૂઝે તે ખરો.

રાજા: (બિછાનામાંથી ઊભા થઇને) ત્યારે બેસો, હમણાં હું મારો ઉકેલ તમને આપું. (જાય છે.)

અમલદારો: એ ઉકેલ શો હશે ?—નોકરી છોડી

(અનુસંધાન આગળ પાન ૨૩૨)



ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ


નિયમો: (૧) આ હરીફાઇ ઍમૅચ્યોઅર્સ (શિખાઉ તથા શોખથી ફોટોગ્રાફી કરનારા) માટે જ છે ધંધાર્થી (પ્રોફેશનલ) ફોટોગ્રાફરો તેમાં ભાગ લઇ નહિ શકે (૨) હરીફાઇના ફોટોગ્રાફો પોસ્ટકાર્ડ સાઈઝથી મોટા હોવા ન જોઇએ (૩) બેથી વધારે ફોટોગ્રાફો એકીસાથે મોકલી શકાશે નહિ (૪) ફોટોગ્રાફ માઉન્ટ કે પૂંઠા પર ચોડેલા હોવા ન જોઇએ. (૫) દરેક ફોટોગ્રાફની પાછળ જ આટલી માહિતી લખેલી હોવી જોઇએ: (અ) વિષયનું નામ, (બ) પાડનારનું નામ તથા પૂરૂં સરનામું, (ક) તારીખ અને સ્થળ, (ડ) ફોટોગ્રાફ વિષે કાંઇ હકીકત હોય તે અતિશય ટૂંકાણમાં. આ બધી વિગતો ગુજરાતી ભાષામાં જ હોવી જોઇએ (૬) ફોટોગ્રાફો સાથે બીજી લાંબી હકીકતોના કે કાર્યાલયના બીજા કોઇ ખાતાને લગતી વ્યવસ્થાના કોઇ પણ પ્રકારના પત્રો મોકલવા નહિ. ફોટોગ્રાફને લગતી માહિતી પણ તેની પાછળ જ લખેલી હોય. મતલબ કે ફોટોગ્રાફ સાથે પત્રો તો બીલકુલ બીડેલા હોવા ન જોઇએ. (૭) જે કવરમાં ફોટોગ્રાફ મોકલાય તેના ઉપલા ડાબા ખૂણા પર 'ફોટોગ્રાફી' એટલું લખેલું હોવું જોઇએ. (૮) હરીફાઇ માટે મોકલેલા ફોટોગ્રાફ અગાઉ બીજે ક્યાં યે પ્રગટ થએલા હોવા ન જોઇએ. (૯) ફોટોગ્રાફ ઉપર રંગ કરેલો હોવો ન જોઇએ (૧૦) ઈનામ ન મળેલા ફોટોગ્રાફો પાછા મેળવવા ઇચ્છનારે ફોટોગ્રાફની સાથે જ ટિકિટ ચોડેલું પોતાના સરનામાનું કવર બીડવું; છુટી ટિકિટ નહિ. ઇનામ મળેલા ફોટોગ્રાફો પાછા મોકલવામાં આવતા નથી. (૧૧) તંત્રીનો નિર્ણય છેવટનો ગણાશે; ને ઇનામ પામેલા ફોટોગ્રાફો પ્રગટ કરવાના હક કુમાર કાર્યાલય'ને આધીન રહેશે.

પ્રતિ માસે ફોટોગ્રાફી હરીફાઇમાં ભાગ લેનારાઓની સંખ્યામાં જેમ વધારો થાય છે તેમ ઉત્તરોત્તર ગુણવાળુ કામ પણ હરીફો રજુ કરતા રહ્યા છે તે આનંદની વાત છે. આ વખતે એક વાત પર શરૂઆતમાં જ ધ્યાન ખેંચવાની જરૂર છે કે દરેક હરીફે હરીફાઇના નિયમો ફરીફરીને વાંચી તેને બરોબર અનુસરીને જ પોતાનું કામ મોકલવું જોઇએ. નિયમો પ્રત્યે અનેકવાર ધ્યાન દોર્યા પછી તેનું ઉલ્લંઘન કરતા હરીફોના ફોટોગ્રાફને બાતલ રાખવામા અન્યાય થયો ગણાય નહિ; તોપણ હજી અમે ઘણી વાર નાની નાની વાતો જતી કરીએ છીએ. પરન્તુ જાણીબૂજીને કે જાણ બહાર હરીફો નિયમોની ઉપરાઉપર અવગણના જ કર્યા કરે એ વસ્તુ લાંબો વખત નિભાવી શકાય નહિ ઉપરાંત, હરીફાઇમાં આવતા ફોટોગ્રાફો ઉપરથી સ્પષ્ટ જણાઇ આવે છે કે મોકલનાર ઘણીવાર બેદરકાર અને બેધ્યાન માણસ હશે. આડાઅવળા કપાએલા અને ડાઘાડૂઘી વાળા પ્રિન્ટ તો ઘણા જ હોય છે. ચિત્રના વિષયની ઊભી કે આડી લીટીઓ પ્રિન્ટની ધારની સમાન્તરે આવે તે જ રીતે ફોટોગ્રાફો લેવાવા જોઇએ. પરન્તુ કોઈ કારણસર નેગેટિવમાં એ ત્રૂટી આવી ગઈ હોય તો પ્રિન્ટ લીધા પછી તેને પ્રમાણસર કાપવાથી તે ખામી દૂર કરી શકાય છે. હરીફાઇમાં પોતાનું કામ મોકલતાં પહેલાં હરીફે આવી સર્વસાધારણ બાબત તો કાળજીપૂર્વક વિચારી જવી જોઇએ. બહુ સહેલાઇથી દૂર કરી શકાય તેવા દોષ ખાતર ઘણીવાર ચિત્રના ગુણ માર્યા જાય છે અને બીજી બધી રીતે ઈનામને પાત્ર હોવા છતાં ચિત્ર ઇનામ મેળવ્યા વિના રહી જાય છે.

ફોટોગ્રાફીને બે પાસાં છે: કલા અને વિજ્ઞાન. તેનાં એ બંને અંગ બે હાથના જેટલાં જ સરખાં ઉપયોગી અને સરખા મહત્ત્વનાં છે. એક વિના બીજાને ચાલે જ નહિ. ફોટોગ્રાફનો વિષય અતિ ઉત્તમ હોવા છતાં તેમાં ટેકનિક અને કારીગરીની કચાશ હશે તો તેને પૂરા પ્રમાણમાં ગુણ નહિ જ મળે. વિષયની પસંદગીમાં ધ્યાન આપો તેની સાથોસાથ ફોટોગ્રાફીનું શાસ્ત્ર પણ સમજતા જવું જોઇએ, અને ટેકનિક ઉપર હાથ જમાવવો જોઇએ. ડેવેલપમેન્ટ અને પ્રિન્ટિંગ, તેમજ એન્લાર્જિંગની એકેએક ક્રિયા હસ્તગત કરી લેવી જોઇએ.

ભાઈ સી.સી સેવક (ડાકોર)ને, તેમના ચિત્ર 'પોયણાં' માટે પહેલું ઈનામ મળે છે 'પોયણાં'નું સૌંદર્ય આકર્ષે છે તો સૌને, પણ તેને પાણીની વચ્ચેથી ઝડપી લાવી આટલા સુંદર રૂપમાં રજુ કરવા માટે તેમને અભિનન્દન ઘટે છે. બીજું ઇનામ, ભાઇ નરેન્દ્ર નાયક (મુંબાઇ)નું 'મુખડા ક્યા દેખે દરપનમેં, જબ દયા ધરમ નહિ મનમેં !' એવા સૂચક નામવાળું ચિત્ર જીતી જાય છે. ભાઈ આર. સી. પટેલ (મોમ્બાસા)નું 'સૂર્યાસ્ત' ત્રીજા ઇનામને પાત્ર ઠરે છે. ભાઇ જે. સી. પટેલ (મોમ્બાસા)નું 'સિલ્હાઉટ' (છાયાચિત્ર), ભાઇ રામપ્રસાદ વ્યાસ (અમદાવાદ)નું 'રગશિયું ગાડું', ભાઇ ભગવાનજી બારભાયા (વ. કાનેર)નું 'ગિરનાર', ભાઇ ગિરધરલાલ પટેલ (અમદાવાદ)નું 'કાંકરીઆના કિનારે', ભાઇ હરિચંતલાલ સોનાવાળા (હૈદ્રાબાદ)નું 'વનરાજ પરિવાર', ગુણ પ્રમાણે અનુક્રમે નોંધપાત્ર છે.

'પોયણાં'નું ચિત્ર કલાદૃષ્ટિએ ઉત્તમ ફોટોગ્રાફીનો નમૂનો છે. એમાંનાં ત્રણે ફૂલોની રચના ચિત્ર જગ્યાને યોગ્ય છે. ત્રણમાંનું વચલું પોયણું ચિત્રની જગ્યામાં તેના સ્થાનને લીધે ચિત્રનું લક્ષ્ય બને છે. આખા ચિત્રમાં ખાસ સુધારોવધારો સૂચવવા જેવું રહેતું નથી. પણ કલાદૃષ્ટિએ આટલા ગુણવાળું હોવા છતાં આ ચિત્રની ટેકનિક ખામીવાળી ગણાય. કદાચ



(૧) ગિરનાર ઉપરનાં જૈન દહેરાં-ભગવાનજી બારભાયા (વાંકાનેર); (૨) કાંકરિયાને કિનારે-ગિરધરલાલ પટેલ (અમદાવાદ); (૩) રગશિયું ગાડું-રામપ્રસાદ વ્યાસ (અમદાવાદ); (૪) સૂર્યાસ્ત-આર. સી. પટેલ (મૉરબાસા) ત્રીજું ઇનામ; (૫) મુખડા કયા દેખો દરપનમેં—નરેન્દ્ર નાયક (મુંબઇ) બીજું ઈનામ.

ગરમીના વાતાવરણમાં ફિલ્મનું ડેવલપમેન્ટ કરવાના કારણે નેગેટિવ frill થઇ હશે. ચિત્રના ડાબા ખૂણાની વસ્તુઓમાં આ frilling નાં ચિહ્નો મૂળ પ્રિન્ટમાં સ્પષ્ટ દેખાય છે. તે ઉપરાંત કાં તો ફિલ્મને જોઇએ તે કરતાં વધુ સમય સુધી ડેવેલપિંગ સોલ્યુશનમાં રાખી, નેગેટિવ જાડી-dense મેળવી છે, અગર તો આ જ નેગેટિવને અનુકૂળ કાગળ નહિ લેતાં, 'હાર્ડ' પેપર એટલેકે 'કૉન્ટ્રાસ્કી' કાગળને લઇને એન્લાર્જમેન્ટ કરવામાં આવ્યું છે. નેગેટિવ જોતાં તરત ખરી ભૂલ પકડી શકાય. પ્રિન્ટ અગર એન્લાર્જમેન્ટના 'ટોન' તપાસતી વેળા જો ધોળા 'ટોન'માં કાગળ જેટલી જ શ્વેતતા જણાય, તેની સાથે કાળાટોન પણ પૂરેપૂરા શ્યામ હોય તો માનવું કે ઉપર જણાવેલી બે ખામીમાંની બંને અગર કોઇપણ એક ત્રુટી આવી છે. આ ટીકાઓ આ વખતનાં તમામ ચિત્રોને ઓછેવત્તે અંશે લાગુ પડે છે. ભાઇ નાયકનો ચિત્ર-વિષય પહેલા ચિત્ર જેટલો જ આકર્ષક છે અને ચિત્રવિચારણા તેનાથી પણ ચડી જાય તેવી ગણાય. આયનામાં, પાડનારના શરીરનો થોડો ભાગ અગર બીજી કોઇ સફેદ ચીજનું પ્રતિબિમ્બ દેખાય છે તે લેતી વેળાએ ધ્યાનમાં લઇ દૂર કરાયું હોત તો આ જ ચિત્ર પહેલું ઇનામ લઇ જાત. 'સૂર્યાસ્ત' પણ સરસ છે. વાદળાંના આકારો ચિત્ર-રચનામાં સાથ પૂરે તેવા છે; પરન્તુ પ્રિન્ટ માટે જે જાતનો કાગળ વાપરવામાં આવ્યો છે તેનાથી વધારે 'સૉફ્ટ' પેપર લેવાયો હોત તો પ્રિન્ટ ઉત્તમ આવત.

'રગશિયું ગાડું' વિષય તરીકે સારૂં છે. પ્રકાશ અને ગાડાની સ્થિતિ ઠીક છે. ફક્ત પાછલી ભોં (બૅકગ્રાઉન્ડ)માં પતરાંની છાપરી અને દૂરનું મકાન આંખને ખૂંચે તેવાં છે. વળી બળદગાડીની સ્થિતિ બરોબર આડી હોવાથી, કૅમેરાના ઢાંકણાની સ્પીડ આ વિષય માટે પૂરતી ત્વરિત નહિ હોવાને કારણે બળદ હાલેલો અને અસ્પષ્ટ જણાય છે. ભાઇ ગિરધરલાલ પટેલની ટેકનિક ખામીવાળી છે. ભાઈ બારભાયાના 'ગિરનાર'માં વાતાવરણ આકર્ષણ ઉપજાવે તેવું જામેલું નથી અને તેથી તે કેવળ 'ટોપોગ્રાફિકલ'—સ્થળ વિષયક વર્ણનાત્મક ફોટોગ્રાફ બની રહે છે.

બલવન્ત ભટ્ટ

માર્ટિન લ્યૂથર (અનુસંધાન પાછળ પૃ ૨૦૮થી)

નચવતા પોપની વિરુદ્ધ થવાનાં મૂલ્ય કેટલાં કપરાં છે, એ વાત જાણવા છતાં એ બોલી ઊઠ્યો: 'Here stand I. I cannot act otherwise. So help me God. (મારૂં સ્થાન મેં નક્કી કરી લીધું છે. એમાંથી હું બીજી રીતે વર્તી શકું તેમ નથી. મને સહાય કરજે, ઓ વિભુ!') અને એ પત્રિકાઓ વિરુદ્ધ પંચાણું રદિયાઓનો સચોટપણે ખરડો કરી તરત જ દેવળની દીવાલ પર ટાંગી દીધો. 'પોપની સત્તાનો કચ્ચરઘાણ વળી ગયો!' એ વિચારે માણસો ખળભળી ઊઠ્યાં. એ વાતની પોપને જાણ થઇ અને દેવળના ઊંચા સિંહાસનેથી એણે લ્યૂથરને જણાવ્યું: 'મારી—ઇશુના પ્રતિનિધિની વિરુદ્ધ પ્રચારકાર્ય કરવાના ગુનાનો જવાબ દેવા તું રોમ આવ.' પરંતુ લ્યૂથર જેવા ગરીબ સાધુને દૂર રોમ સુધી એ સમયે ચાલીને જવું પડે એ પરવડી શકે તેમ નહોતું. આખરે ઑગ્ઝબર્ગમાં પોપના પ્રતિનિધિ પાસે લ્યૂથર જવાબ દેવા જાય એમ નક્કી થયું.

લ્યૂથર ઑગ્ઝબર્ગ ગયો. આમવર્ગે એના નામનો જય પોકાર્યો, ત્યારે સ્મિત કરતાં લ્યૂથર માત્ર એટલું બોલ્યો: 'ના ભાઇ, ના. મારો નહિ; ભગવાન ઇશુનો જય થાઓ.'

લ્યૂથર ત્યાં પહોંચતાં જ પોપનો તુમાખીભર્યો પ્રતિનિધિ બરાડી ઊઠ્યો: 'લ્યૂથર, પોપ સામેનો તારો વિરોધ ખેંચી લે; વિરોધના સમર્થનમાં આપેલી તારી પંચાણું દલીલો પણ ખોટી હતી, એમ જાહેર કરી દે.' પણ લ્યૂથર એમ કંઇ ડરી જાય તેવો નહોતો. પોતાની દલીલો કદી પણ પાછી ખેંચી શકાય નહિ, એવો એણે જવાબ દીધો.

પણ પોપનો પ્રતિનિધિ એ સહન ન કરી શક્યો. 'પોપના શત્રુ સાથે વાદવિવાદ હોય નહિ.' એમ બોલી એણે એને ધમકાવ્યો: 'લ્યૂથર, સમજી લેજે કે જર્મનીના વિશાળ રાજ્યના સામર્થ્ય કરતાં પણ પોપની ટચલી આંગળીનું સામર્થ્ય વધારે છે; તો તારા જેવા ગરીબડા ખાણો ખોદનારાના છોકરાનો શો હિસાબ! પોપની સત્તા સામે જ્યારે તારે પડખે કોઇ ઊભું નહિ રહે ત્યારે તારી સ્થિતિ કેવી થશે એનો તો ભૂંડા, વિચાર કરી લે.' ધીમે સાદે એણે જવાબ વાળ્યો: 'ઇશુ મને માર્ગ બતાવે છે. એની જ ઇચ્છાને વશ વર્તીશ.' અને કોઇપણ જાતના નિર્ણય સિવાય એ વાત પડતી મૂકાઈ.

લ્યૂથરને હવે લાગ્યું કે સામાન્ય જનતામાં બાઇબલ વંચાતું થાય તો ધર્મમાં પેઠેલો સડો આપોઆપ નીકળી જાય. આથી લૅટિનમાંથી જર્મન ભાષામાં એણે બાઈબલનો અનુવાદ કર્યો. એ બાઇબલ જર્મનીના આમવર્ગમાં ખૂબ ફેલાવો પામ્યું, અને માત્ર થોડા જ સમયમાં એકલા વિટનબર્ગમાં જ એની સોળ આવૃત્તિઓ નીકળી. પાંચ વર્ષના ગાળામાં તો આખા જર્મનીમાં એ બાઇબલની પચાસ આવૃત્તિઓ પ્રસિદ્ધ થઇ ચૂકી.

લ્યૂથરે પોતાના વિચારો પ્રજામાં ફેલાવવા હવે પુસ્તકો લખવા માંડ્યાં. સાદી પણ સચોટ ભાષામાં લખેલાં એ પુસ્તકો એકલા જર્મનીમાં જ નહિ પણ રોમના પોપની સત્તા પહોંચી વળેલાં બધાં રાજ્યોમાં પણ છૂટથી વંચાયાં.

આથી પ્રજાજાગૃતિમાં પોપ અકળાયો. પોતાના અધિકારની ઇમારત એને પડુંપડું થતી લાગી. તે સમયના જર્મનીના રાજા પાંચમા ચાર્લ્સને પોપે જણાવ્યું: 'આ તકરારનો હવે અંત લાવો.'

મહારાજા પાંચમા ચાર્લ્સે લ્યૂથરને હાઇન નદીને કાંઠે આવેલા વર્મ્સ ગામની સભામાં આવવાનું કહેણ મોકલ્યું. એના અનુયાયીઓ અને મિત્રોને એમાં અશુભ ભાસ્યું અને તેમણે લ્યૂથરને ચેતાવ્યો: 'લ્યૂથર, ત્યાંથી તું પાછો જીવતો નહિ વળી શકે. વર્મ્સની સભામાં જવાનું મોકૂફ રાખ.' પણ એ તો દઢતાથી બોલ્યો: 'પેલા છાપરા પર જેટલાં નળિયાં છે તેટલા શયતાનો ત્યાં એકઠા મળવાના હશે તો પણ હું તો જવાનો જ.' અને ૧૫૨૧ ના એપ્રિલમાં એ વર્મ્સ ગયો.

વર્મ્સના એક વિશાળ મકાનમાં સભા મળવાની હતી. સભાગૃહની વચમાં એક ભવ્ય આસન પર જર્મનીનો રાજા પાંચમો ચાર્લ્સ બેઠો હતો. રાજાની બેઠકની બંને બાજુએ પાદરીઓ, બીજા નાનાનાના ઠાકોરો ને પ્રધાનો ઊભા હતા. આજુબાજુ લશ્કરી યોદ્ધાઓ, અમીરો ને શ્રીમંત લોકો ઊભા હતા. લ્યૂથરને એ સભા સમક્ષ પોપની સત્તા સામેના બળવા માટે જવાબ દેવાના હતા.

થોડીવારે નરી ગરીબાઇભર્યાં કપડાં પહેરી લ્યૂથર અંદર જવા લાગ્યો. થોડેક જતાં એક સરદારે એને રોક્યો એટલે લ્યૂથરે ઊંચે જોયું. પેલો સરદાર બોલ્યો: 'લ્યૂથર, ઇશ્વર પર શ્રદ્ધા હોય, તારૂં હૈયું મજબૂત હોય ને તારી વાણીમાં જુસ્સો ભર્યો હોય તો જ આગળ ડગલું ભરજે!' અને તરત જ એ બોલી ઊઠ્યો: 'સાચું કહ્યું ભાઇ. માત્ર ઇશુની જ આજ્ઞાથી હું આગળ ડગલાં ભરૂં છું!' અને એ સભા સમક્ષ આવી પહોંચ્યો.

સભાની વચમાં એક ટેબલ પર લ્યૂથરનાં લખેલાં પુસ્તકો ખડકયાં હતાં. લ્યૂથરે તે જોયાં ન જોયાં ત્યાં તો રાજાના હુકમથી એક જણે એ પુસ્તકોનાં નામ વાંચ્યાં. સભા આખી શાંત થઇ ગઇ.

'ત્યારે આ પુસ્તકો તારાં જ લખેલાં છે ને?' એક પાદરીએ પ્રશ્ન પૂછ્યો.

'હા.' લ્યૂથરે જવાબ દીધો.

'તારૂં લખાણ તું પાછું ખેંચી લે છે?' બીજો પ્રશ્ન આવ્યો.

'કદી નહિ. એ અશકય વાત છે. હું જે બોલું છું તેની શિક્ષા શી હોઇ શકે એ વાત દૃષ્ટિસમક્ષ રાખીને હું કહું છું, કે ચાહે તો મારા શરીરના રાઇ રાઇ જેવડા ટુકડા કરી નાખો પણ મારો લખેલો એક પણ અક્ષર હું પાછો ખેંચી લઇ શકું તેમ નથી.' એના આ જવાબે આખી સભા દિંગ થઇ ગઇ. રાજા શો હુકમ કરે છે તે જાણવા લોકો એકશ્વાસે રાહ જોવા લાગ્યા ત્યાં તો વળી લ્યૂથર બોલી ઊઠ્યો, 'આપ સૌની આગળ હું આ ઊભો. મારા વિચારો ને મારૂં વર્તન હું બીજે રસ્તે વાળી શકું તેમ નથી.' સભા પૂરી થઇ. જર્મનીના મહારાજાએ તે દિવસે જોઇ લીધું કે પોપની સત્તાનાં પાણી ઊતરતાં દીસે છે. પ્રજાપક્ષનો મોટો ભાગ લ્યૂથરના મતને અનુસરતો છે; એટલે કોઇપણ જાતનો ચુકાદો આપ્યા સિવાય સભા એણે બરખાસ્ત કરી. લ્યૂથર છૂટો થયો. એના મિત્રો એને વૉર્ટબર્ગ ના કિલ્લામાં લઇ ગયા.

પણ સભા વીખરાયા પછી પોપનાં થોડાં માણસ ત્યાં એકઠાં મળ્યાં ને લ્યૂથરના કાર્ય પર પ્રતિબંધમૂકવાનો ઠરાવ કર્યો. પરંતુ એ કામ પાર પાડવા કોઇ તૈયાર નહોતું. રાજા ચાર્લ્સ ફ્રાન્સ સામે લડાઇમાં ઊતર્યો હતો, એટલે પોતાની પ્રજામાં અંદરઅંદર વિગ્રહ થાય એ એને કરવું નહોતું.

એવામાં પોપ મરણ પામ્યો ને એની જગ્યાએ છઠ્ઠો બર્ગન્ડિયન આડ્રિયન આવ્યો. ૧૫૨૩માં એ પણ મરણ પામ્યો ને સાતમો મેડિસી ક્લેમન્ટ એ સ્થાને આવ્યો.

જર્મનીમાં પણ એ અરસામાં રાજકીય અને ધાર્મિક બળવો થયો. રાજાની સામેના બળવામાં લ્યૂથરે કોઇપણ જાતનો સાથ ન આપ્યો ને બળવો શમી ગયો. હવે તો રાજા ચાર્લ્સ ને પોપ વચ્ચે પણ સુલેહ તૂટવાની અણી પર આવી! એટલે ૧૫૨૬માં સ્પાયરની સભાએ દરેક પરગણું પોતપોતાના વિભાગમાં ધાર્મિક સંસ્થાઓ પર કાબૂ રાખે એવો ઠરાવ થયો. પરિણામે સૅકસની, હેસ, બ્રાન્ડનબર્ગવગેરે પરગણાંએ લ્યૂથરના સિદ્ધાંતો સ્વીકાર્યા.

પણ ૧૫૨૯માં રાજા ચાર્લ્સ ને પોપ વચ્ચે વળી પાછી સુલેહ થઇ. સ્પાયરમાં ફરી સભા ભરાઈ અને વર્મ્સના કરાર કબૂલ રખાયા. લ્યૂથરના પક્ષના માણસોએ એ સામે પ્રોટેસ્ટ-વાંધો ઉઠાવ્યો અને ત્યારથી 'પ્રોટેસ્ટન્ટ પંથ' સ્થપાયો.

અને પછી તો ધાર્મિક સુધારાની એ હીલચાલ નેધરલૅંડ, સ્વીડન, ડેન્માર્ક, સ્કૉટલંડ અને ઇંગ્લંડ સુધી ફરી વળી. આખરે ૧૫૩૦માં રાજા ચાર્લ્સની મદદથી બીજા પક્ષના અનુયાયીઓ વચ્ચે સુલેહ થઇ. લ્યૂથરને એ સભામાં જવાની બંધી હતી છતાં પ્રોટેસ્ટન્ટ પંથવાળાઓ માટેની અઠ્ઠાવીસ કલમો ઘડવામાં એણે સાથ આપ્યો.

લ્યૂથર હવે પછી વિટનબર્ગ ગયો અને બાકીનાં વર્ષો પોતાના વિચારો જોશભેર ફેલાવવાનું કાર્ય ત્યાં બેઠેબેઠે આગળ ચલાવ્યું.

આખા યે યુરોપમાં ધાર્મિક સુધારાનાં બી વાવનાર, યુરોપની પ્રજાને પોપના જુલ્મોમાંથી બચાવી લેનાર, અને કાર્લાઇલ કહે છે તેમ, 'જગત અને જગતનો ઇતિહાસ જે માણસની રાહ જોતાં હતાં' તે, માર્ટિન લ્યૂથર સને ૧૫૪૬માં મૃત્યુ પામ્યો. એના અનુયાયીઓએ એનું કામ આગળ ચલાવ્યું.

તે અરસામાં રાજા ચાર્લ્સ વિટનવર્ગ ગયો. માર્ટિન લ્યૂથરની કબર જોવાની એને ઇચ્છા થઇ. રાજા માર્ટિનની કબર પાસે આવી ઊભો અને કબર સામે નજર રાખી વિચારમાં ગરકાવ થયો હતો, તેવામાં એક માણસ બોલી ઊઠ્યો, 'લ્યૂથરના શબને કબરમાંથી ખોદી કાઢી શહેરના ચોક વચ્ચે થાંભલે લટકાવી બાળી મૂકવું જોઇએ.' પણ ઉમદા રાજાએ એક જ જવાબ દીધો, 'ના ભાઇ, ના; મરેલા માણસ સાથે વેર હોય નહિ.' અને રાજા ત્યાંથી ચાલ્યો ગયો.

યુરોપના ઇતિહાસનું નવું પ્રકરણ શરૂ કરી લ્યૂથર તો ગયો, પણ આજ પાંચપાંચ સૈકાઓ થયાં જગતના ઇતિહાસકારોને ને ધાર્મિક સુધારકોને એ પ્રેરણાઓ પાઇ રહ્યો છે એ એના જીવનની મહત્તા કદી ય ભૂલાશે ખરી?

'મુસાફિર'

વિજયનગરનાં અસ્થિ

શ્રી શક્તિ ને સંસ્કારે સમૃદ્ધ એ હિંદુ મહારાજ્યની જાહોજલાલીના અવશેષોની યાત્રા, જે ભવ્ય ભૂતકાળના સૌંદર્યદર્શનથી એટલી જ બીજા વિવિધ પ્રસંગોથી રસમય બને છે.

અમે નીકળ્યા હતા તો દક્ષિણ કાનડા જિલ્લાની પરિષદને નિમિત્તે પણ એ તકનો લાભ લઇને અમારા એ આખા પ્રાંતમાં પણ સારી પેઠે ફર્યાં.

મુંબાઇથી મંગળૂર સુધીની સમુદ્રયાત્રા, મંગળૂર અને કારકળની આસપાસની વનશ્રી, ત્યાંનાં જૂનાં જૈન મંદિરો, મૂર્તિઓ, અને સ્તંભો, ઉડપીનું પવિત્ર તીર્થસ્થાન, આગુંબા ઘાટની રૂંવાં ઊભાં કરે એવી મુસાફરી અને શિખર ઉપરથી દેખાતો જંગલનો સમુદ્ર, આ બધું જોઇ, કાવ્યમય દુનિયામાં વિહાર કરી અમે વિજયનગરનાં ખંડિયેરો જોવા ઊપડ્યા. એ મહાન સામ્રાજ્ય વિષે જાણવું જેટલું ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વનું છે તેટલું જ મનમાં વિષાદ ઉપજાવે એવું છે.

વિજયનગરનાં ખંડિયેર આજે હંપીને નામે ઓળખાય છે. હોસ્પેટ એ હંપીનું સ્ટેશન છે. હોસ્પેટથી હંપી સુધી સાત માઇલનો ગાડીનો રસ્તો છે. બેલગામથી અમે ઊપડ્યા ત્યારે પૂજ્ય કાકાસાહેબ તથા બીજા બે ભાઇઓ મળી અમે ચાર જણ હતા. અમે ઊપડ્યા ત્યારે એ પ્રાચીન ખંડિયેરો જોવા માટે એક પગે થઇ રહ્યા હતા; પણ એ ખંડિયેરોની કિંમત વધારવા માટે જ જાણે ગાડી દોઢ કલાક મોડી આવી. ગાડીને કાંઇ એ મુસાફરી નવી ન હતી. વિજયનગર જોવા અધીરી અમારી આંખોને તો વચમાં કશું જોવા થોભવાની ધીરજ ન હતી; પણ કાકાસાહેબને લીધે વચમાં ધારવાડ એક દિવસ ઊતરવું પડ્યું. તેમાં વળી ત્યાં કાકાસાહેબ કેળવણી ને એવાએવા વિષયો પર ચર્ચા કરવા લાગ્યા ત્યારે તો એ અધીરાઇ ચીડના રૂપમાં ફેરવાઇ ગઇ.

આખરે અમે હોસ્પેટ જવા ઊપડ્યા. ત્યાં કોઇ અમારૂં ઓળખીતું ન હતું તેથી ધારવાડના એક અધ્યાપક ભાઇએ હોસ્પેટના એક દક્ષી હણમંતરાવ નામના જમીનદાર પર પરિચયપત્ર લખી આપ્યો. પણ અમે તો ત્યાં મધરાતે બે વાગ્યે પહોંચવાના હતા. પરિચયપત્ર થોડો જ રસ્તો બતાવે? એટલે અમે તાર કર્યો. પરંતુ વિધિના લેખ ટળતા નથી. અમારો તાર તેમને પહોંચ્યો જ નહિ. પણ અમે બહાદુર મુસાફરો હતા! એટલી રાત્રે પણ અમે મુકામે જઇ પહોંચ્યા અને હણમંતરાવને ઉઠાડ્યા વગર ઓટલા ઉપર જ સૂઇ રહ્યા. સવારે બારણે વિચિત્ર મહેમાનો જોઇ તેમને થયું કે આ બલા વળી ક્યાંથી? પણ થોડા જ વખતમાં અમારો એમનો પરિચય થયો. અને કાકાસાહેબને તેઓ નામથી ઓળખતા હતા; પછી તો પૂછવું જ શું? એમણે અમારી બધી સગવડ કરી. અમારા સહવાસનો લાભ લેવા ખાતર હણમંતરાવના દસબારેક મિત્રો પણ ભેગા થયા.

એક રસોઇયો, રાંધવાનો સામાન, ઘી, પતરાળાં વગેરે આગળ ગાડીમાં મોકલ્યાં અને હણમંતરાવ સાથે અમે હંપી માટે ઊપડ્યા. અમારી ગાડીના ઘોડાને જોવાની તો મને ખાસ મજા ન પડી, કારણ તે તો નળરાજાના ઘોડા જેવા જ હતા. પણ ગાડીવાળા મુસલમાનોને જોવાની મજા હતી. એવી વિચિત્ર હિંદી બોલે કે જાણે વાંદરાં નવેસર બોલતાં શીખતા ન હોય!

રેંકડીમાંથી ઊતર્યાં કે તરત જ જમણી બાજુ એક રૂપાળું મંદિર દેખાયું. મંદિરની અંદર બધે ભાંગતોડ થઇ છે; પણ એ થતાંથતાં જે બચ્યું છે તે ઉપરથી પણ મંદિરની સુંદરતાની બરાબર કલ્પના આવી શકે. શી એના થાંભલાની શોભા! કેટલુંક કોતરકામ તો જાણે કાલે જ કર્યું ન હોય! કોતરેલાં કમળો તો વરસોથી અખંડ શોભા આપતાં અહીં રહેલાં છે. થાંભલાની ચારે બાજુ કોઇ ગાય છે, તો કોઇ વાજિંત્ર વગાડે છે; મોર ચણે છે ને વાંદરાં કૂદે છે, એવા એવા દેખાવો કોતરેલા છે. દરવાજા પડી ન જાય એટલા માટે સરકારના ખંડિયેર

સંરક્ષણ ખાતાએ વચ્ચે જ થાંભલા ઊભા કરી અંદર જવું પણ મુશ્કેલ કરી મૂક્યું છે. આ મંદિરની પાછળની બાજુએ ત્રણ મંદિરો છે. ત્રણે પાસે પાસે જ છે. એક ઉંદરના સ્વામી ગણપતિનું, બીજું માર્કંડેયન ઇષ્ટદેવ (મહાદેવ) નું અને ત્રીજું પ્રલ્હાદના તારણહાર નરસિંહનું. ત્રણે મૂર્તિઓ એટલી ભવ્ય છે કે મને કારકળના બજરંગનું અને વાઇના ગણેશનું સ્મરણ થયા વગર રહ્યું નહિ. મહાદેવના મોટા લિંગની આસપાસ બધે પાણી પાણી હતું. જાણે પાણીમાંથી કમળની પેઠે લિંગ ઊગ્યું ન હોય! નરસિંહ માણસ અને સિંહ બંને કરતાં કેટલાએ મોટા, અને એને માથે સપ્તમુખી શેષની ફેલાએલી ફેણ. મૂર્તિ ખૂબ વિકરાળ લાગે છે. અને ગણેશમહારાજનું પેટ તો જાણે મહાદ્વારનું નગારું! આવા ગણેશ જો સાચે જ મહેમાન થઇને આવે તો ભીમસેનને પણ ભારે થઇ પડે.

બીજા બે એ જ જાતના ગણપતિ હતા. લોકોએ વિનોદમાં એકનું નામ રાઇ ગણપતિ અને બીજાનું ચણા ગણપતિ રાખ્યું છે!

ત્યાંથી અમે અમારે ઉતારે ચાલ્યા. પાસે જ એક ટેકરી ઉપર એક વિચિત્ર ગુફા હતી. અહીંના પથ્થર કાળા ને ગોળ હોય છે. અને એવા મોટા હોય છે કે કવિઓને હાથીની ઉપમા સહજમાં જ સ્ફુરે. આ ગુફા આવા જ પથ્થરોની બનેલી છે. ચારપાંચ પથરા એકબીજાને અઢેલીને નિરાંતે બેઠા છે. કેટલાક તેમને માથે ચડીને બેઠા છે અને હજારો વર્ષથી ઊતરવાની સાફ ના જ પાડે છે. આ ગુફા અંદરથી પણ ખૂબ પહોળી ને લાંબી છે. અંદર કેટલાંએ માણસ સહેજે બેસી શકે. પણ અમે અંદર હતા ત્યાં સુધી સાવ નિશ્ચિત ન હતા. એ મોટામોટા પથ્થરો નીચે અમને એમ જ થતું કે અમે જાણે કાળના મોઢામાં જ ઊભા છીએ.

અમારો ઉતારો તે હંપી વિરૂપાક્ષનું વિશાળ મંદિર. કેટલાંક નામો આપણને સાંભળતાં વેંત જ ગમી જાય છે. 'હંપી વિરૂપાક્ષ' એ નામ સાંભળીને જ મને તો થએલું કે એ મંદિર સુંદર હોવું જોઇએ; અને ત્યાં જતાં જ મહાદ્વારના ગોપુરે મારી એ કલ્પનાને ટેકો આપ્યો. ગોપુર ઊંચા મીનારા જેવું હતું. કુતુબમીનાર ગોળ છે તેથી, કે કોણ જાણે કેમ પણ એ એટલો સારો નથી લાગતો. અ: ગોપુર તો જોતાં વેંત જ આપણને આકર્ષે છે અને અંદર પ્રવેશ કરવા આપણને આમંત્રણ આપે છે. બેલગામ મહાસભા વખતે મહાદ્વારની જગ્યાએ ગોપુર કરેલું તે આ જ ગોપુરની ભૂંડીભૂખ જેવી નાનકડી નકલ હતી. પણ છતાં મહાસભાવાળું એ ગોપુર જેમણે જોયું હશે તેમને આ ગોપુરની કલ્પના આવી શકે.

મંદિરની અંદર લોકોને રહેવા માટે નીચેથી ઉપર સુધી પથ્થરના જ બનાવેલા કેટલા યે મંડપો હતા. એને મંદિર કરતાં કોઇ મોટી યાત્રાને સમાવી શકે એવો એક મોટો કિલ્લો જ કહેવો શોભે. એની અંદરની કારીગરી એવી તો મજાની હતી કે પ્રથમ દર્શને અમે આશ્ચર્યચકિત થયા, વધુ જોઇને ધરાયા અને આખરે બિચારી આંખો થાકીને કંટાળી ગઇ. સાચે જ એ વખતના કારીગરો ઉડાઉ હોવા જોઇએ. ખૂબ બાસુદી ખાવાથી તો જેમ મોઢું ભાંગી જાય છે તેમ અહીંની કળા જોઇને અમારી આંખો ભાંગી ગઇ.

વચ્ચે જ મારી તબિયતે વિઘ્ન નાખ્યું એટલે કાકાસાહેબને અને મારે માતંગ પર્વત જોવાનું રહી જશે એમ લાગ્યું. પણ સાંજે તો હું સારો થઇ ગયો અને અમે જોવા નીકળી શક્યા. જોકે માતંગ તે દિવસે તો ન જ જોયો. પ્રથમ અમારે હંપીના પ્રાચીન બજારનાં ખંડિયેરોમાં થઇને જવું પડયું. રસ્તો મુંબાઇના પહોળા રસ્તાઓ જેટલો જ પહોળો હતો. કેટલાંક મકાનો જમીન દબાઇ જવાથી ત્રાસાં થએલાં અને કેટલાંક પડી ગએલાં હતાં. રસ્તામાં હંપીનો એટલે પંપાપતિનો રથ હતો. આ બજારને છેડે થોડે ઊંચે મહાદેવના વાહન નંદીની મૂર્તિ હતી. પથરાનો કે જીવતો પોઠિયો આટલો મોટો તો મેં કોઇ કાળે જોયો ન હતો. પણ હા, આ પોઠિયો પેલા ગણપતિ, હનુમાન વગેરેની ન્યાતનો હતો ખરો. કાકાસાહેબ કહે, 'આવા જંગલમાં કશું ખાધા કે પીધા વગર અને વાઘસિંહની બીક રાખ્યા વગર આટલાં વર્ષોથી આ પોઠિયો બેઠો છે. ધન્ય છે એને!'

વિરૂપાક્ષના મંદિરથી આ પોઠિયા સુધી સીધો રસ્તો હતો. આપણને એ એક જ રસ્તા ઉપરથી કલ્પના આવી શકે કે મૂળ શહેર કેટલું ભવ્ય હશે, અને મકાનો તથા દુકાનો કેવી સુંદર લાગતી હશે.

હવે અમે ડાબી બાજુએ વળ્યા. સહજ જ ગયા

ત્યાં તો તુંગભદ્રાનો કિનારો આવ્યો. વરસાદને લીધે પાણી લાલ ડોળું થયું હતું. હાથમાં થોડુંક પાણી લઇને કોગળો કરીએ તો પણ એમાંથી ચપટી માટી જીભ ઉપર અનુભવાય. કાકાસાહેબ કહે, 'ગંગાનું સ્નાન અને તુંગાનું પાન' એ બંનેનું પુણ્ય ભારે ગણાયું છે. હું ગમ્મતમાં જ નદીકાંઠે ગયો અને રમતમાં થોડુંક પાણી મોઢામાં નાખ્યું. ઉદ્દેશ તો ભારે પુણ્ય મેળવવું એ જ હતો, પણ ચોખ્ખી રીતે જો એવું પાણી પીઉં તો બીજા મશ્કરી કરે તેથી મેં રમતમાં જ પાણી પી લીધું અને કાકાસાહેબને કહ્યું મને તરસ લાગી છે તેથી પાણી પીધું! એ જ રસ્તામાં એક શિલા ઉપર કંઇક કોતરેલું જણાયું. મેં કાકાસાહેબને પૂછ્યું: 'આ શું છે?' અમે હજી જોવા આવ્યા તે પહેલાં જ તેમણે એક ગાઇડ વાંચેલી અને નકશો વગેરે જોઇને બધું જાણી લીધેલું, તેથી થોડી જ વારમાં મને કહ્યું: 'જૂના વખતમાં કોઈ એક વીર માવત આ ઠેકાણે લડતો લડતો એના હાથી સમેત મરણ પામ્યો હતો. એની બે સ્ત્રીઓ એની પાછળ સતી થઈ હતી; એમનો આ પાળિયો છે. જુઓ, આ પથ્થર ઉપર એ માવત એનો હાથી અને એની બે સ્ત્રીઓને અહીં પથરાની નીચે કોતર્યાં છે. પથરાની નીચે કોતર્યાં છે એનો અર્થ એ કે પહેલાં એ પૃથ્વી ઉપર હતાં. એ જ પથ્થર ઉપર એ જ ચિત્ર ફરીથી ઉપર કોર્યું છે અને વધારામાં પાસે શંખ, ચક્ર, ગદા, પદ્મ ચીતરી એ લોકો વૈકુંઠમાં ગયાં છે એમ સમજાવ્યું છે. આ ગરુડ અને હનુમાન એમનું રક્ષણ કરે છે.'

આગળ જતાં એક ગુફા આવી. કહેવાય છે કે દુષ્ટ રાવણે પતિવ્રતા સીતાનું જે ગુફામાંથી હરણ કરેલું તે આ ગુફા. આ ગુફા સામે જ મોટા પથરા ઉપર કુદરતે બનાવેલો એક સફેદ લીસોટો છે. એ છે તો ચકમકના પથરાનો એક થર; પણ ભોળા લોકો માને છે કે દુષ્ટ રાવણ સીતાને ઘસડીને લઈ ગયો ત્યારે એની સાડીનો છેડો આ પથ્થર સાથે ઘસડાયો એની એ સાક્ષી છે. મને થયું રામાયણમાં તો સીતાહરણ પંચવટીમાંથી થયું એમ આવે છે અને આ લોકો અહીંથી કેમ કહેતા હશે? પણ મેં જોયું કે લોકવાયકાઓ બધી જ ખરી નથી હોતી.

અહીંથી તુંગભદ્રા ડાબી બાજુ વળી દૂર જાય છે. નદીના એ ભાગ ઉપર અહીં પથ્થરનો એક પૂલ બાંધેલો જણાય છે. તે વિજયનગરના પ્રખ્યાત, પ્રબળ ને પરાક્રમી રાજા કૃષ્ણદેવના વખતનો છે. આજે એ પૂલના થાંભલા જ રહ્યા છે.

નદીને પેલે પાર ઋષ્યમૂક પર્વતની ટોચ દેખાય છે. પણ વાલીના ભયથી ભરાઈ રહેલો સુગ્રીવ આજે ક્યાં છે? મને થયું એ પહાડ કેટલો ભાગ્યવાન! એને, નિરાશ થઈ ભમતા રામચંદ્રજીને જોવાનું પણ મળ્યું, અને કીર્તિસમૃદ્ધિને શિખરે પહોંચેલા વિજયનગરનું મહારાજ્ય જોવાનું પણ ભાગ્ય પ્રાપ્ત થયું. હું જો એવો પહાડ હોઉં તો કેવી મજા! કેટલી યે વસ્તુઓ જોવાની મળે. પણ પછી તરત વિચાર આવ્યો કે એને કાંઈ તાજમહાલ જોવાનો મળશે? મારા જેવા પ્રવાસપ્રિયને પર્વતની જેમ સૂનમૂન થઇ બેસવું ગમે જ નહિ. અમે જેમજેમ આગળ ગયા તેમતેમ ઋષ્યમૂકનું નવીનવી બાજુથી દર્શન થતું અને દરેક વાર નવો જ આનંદ આવતો. કવિનું કહેવું સાચું છે. क्षणे क्षणे यन्नवतामुपैति तदेव रुपं रमणीयतायाः ॥

પણ આ બધા આનંદનું પાણી કરનાર એક દૃશ્ય જોવાનું અમારા ભાગ્યમાં હતું. 'વિઠ્ઠલ સ્વામી'નું મંદિર એ નામનું એક પ્રખ્યાત ખંડિયેર જોવા અમે ગયા. અંધારું થયું હતું. આકાશમાં તારાઓ ચળકતા ન હોત તો એ નિર્જન જગ્યાએ ઊભા રહેતાં પણ બીક લાગત. ફાનસ લઇને અમે મંદિરની અંદર ગયા. ચારે બાજુ સુંદર કારીગરીનું સત્યાનાશ વાળેલું દેખાયું. કાકાસાહેબે કહ્યું, 'આ મંદિર બાંધનાર લોકો માણસો નહિ હોય પણ દેવો કે ગંધર્વો જ હોવા જોઇએ; અને એ જ રીતે એને તોડનાર પણ માણસો નહિ હોય પણ પિશાચ કે રાક્ષસ હોવા જોઇએ.' વચલા મંડપની ઉપરના પથરા જુઓ તો ખાસા વીસવીસ હાથ લાંબા. મંદિરની આસપાસ ચાર તો રંગમંડપો હતા. એકનું નામ વસંત મંડપ, બીજાનું નામ વિવાહ મંડપ. એ મંડપની કારીગરીનું વર્ણન શી રીતે કરીએ? આજકાલ જૂની વસ્તુનાં નામ પણ આપણી જાણમાં નથી હોતાં. દરેક મોટા થાંભલાની આસપાસ વચ્ચોવચ્ચ એ જ પથ્થરમાંથી કોતરેલા સોળ સોળ થાંભલા. એ નાજુક નાનકડા રમકડા જેવા થાંભલાઓ ઉપર જરાક ટાપલીઓ મારીએ એટલે તરત જ સા રે ગ મ પ બોલી ઊઠે! કાકા-

સાહેબ કહે કે એની ભાષા મને આવડતી હોત તો વિજયનગરનો આખો ઇતિહાસ એમની પાસેથી જાણી લેત. બિચારા મૂંગા પથરા હૃદયની જૂની વેદના શી રીતે જાહેર કરે ? મંદિર આગળ આંગણામાં એક અખંડ પથ્થરનો રથ કોતરેલો છે. પથ્થરનાં જ પૈડાં ને પથ્થરના જ હાથી. અમે બેત્રણ જણાએ મળીને રથનું એક પૈડું ફેરવ્યું. એ પૈડા ઉપર રથનો ભાર જ ન હતો. મેં પૂછ્યું, 'આ રથ ચાલે નહિ ?' કાકાસાહેબ કહે, 'કેમ ન ચાલે? આ હાથી ઊપડવાની જ વાર છે! પણ બિચારા હાથીઓને સૂંઢ હલાવવાનું પણ ચેતન ન હોય ત્યાં એ બિચારા કયે મોઢે ચાલે?' આ મંદિરનું ગોપુર છે તો સાવ નાનું, પણ બહુ મજાનું છે. ઉપરનો ભાગ એવો છે કે જાણે ફૂલના ગુચ્છા, કે મોરની કળા ?

મંદિરમાં જ્યાં જુઓ ત્યાં પથ્થરની મૂર્તિઓ અને આકૃતિઓ કોતરેલી છે. કોક ઠેકાણે વાંસળી વગાડતો વાંકો કનૈયો, તો કોઇ ઠેકાણે વ્યાઘ્રચર્મ પહેરી ડમરૂ વગાડતા ભોળા શંભુ. કોઇ ઠેકાણે ગંધર્વો ગાતા હોય તો કોઇ ઠેકાણે કિન્નરો નાચે. દરેક થાભલા નીચે થાંભલાનો ભાર ધરીને હાથી કે સિંહ તો ઊભા જ હોય. એમનાં મોં એવાં કોતરેલાં કે જાણે થાંભલાનો અને થાંભલા ઉપરનો ભાર ઊંચકી સાવ થાકી ગયા ન હોય! કાકાસાહેબ કહે 'ચારસો વરસ પહેલાં જ્યારે આ મંદિર નવું બાંધ્યું હશે ત્યારે તેઓ આટલા થાકેલા નહિ હોય. ઠીક થયું કે મંદિર તોડનાર મ્લેચ્છોએ ઉપરનો ભાર કંઇક ઓછો કરી એમને જરા રાહત આપી છે!' કારીગરોને લડાઇ કે સરઘસ બતાવવાં હોય ત્યારે તેઓ અચૂક ઓટલાની બાજુ ઉપર કે બાજુની દીવાલ ઉપર દોડે છે. ત્યાં વિસ્તૃત જગ્યા મેળવી તેઓ બે પગ ઉપર કૂદતા ઘોડા, સૂંઢ ઉગામી ચીસ પાડી દોડતા હોય તેવા હાથીઓ, સવારો અને પાયદળ, વાઘ, સિંહ, નાળિયેર, વડ, પીપળા જે જોઇએ તે કોતરી કાઢે છે. જો એવી પહોળી જગ્યા ન મળે તો બિચારા હાથી ઘોડા કૂદે ક્યાં ? અહીં એક મંદિરમાં આખું રામાયણ કોતરેલું છે. બીજા મંદિર ઉપર દસે દસ અવતાર છે. એક મંદિરમાં હરિ ને હર એટલેકે વિષ્ણુ ને મહાદેવ ભેટે છે. ત્યાં વિષ્ણુનો હાથી અને મહાદેવનો પોઠિયો એ બંનેનાં માથાં એક બીજામાં ભળી જાય છે અને હાથીના દાંત તે બળદનાં શીંગડાં અને બળદનું મોઢું તે હાથીનું ગંડસ્થળ બની રહે છે. હાથીનો નીચલો હોઠ તે બળદનો કાન. અને આંખો તો બંનેને માટે એક જ. અહીં કઇકઇ રીતે વાંદરાં કોતરેલાં છે એ લખવા બેસું તો અંત નહિ આવે.

વિઠ્ઠલરાયના મંદિરમાંથી પાછા આવતા રસ્તામાં પથરાથી બનેલો એક લાંબો સુરંગ જેવો દરવાજો વટાવવો પડેલો. હું હવે સાવ થાક્યો હતો. મુકામ ઉપર જઇ થોડુંક ખાધું. શું શું ખાધું એનું વર્ણન કરી નકામું વાચકોનાં મોંમાં પાણી નહિ લાવું. રાતે મોડેથી ગરમ પથરા માંડમાંડ ઠંડા કરીને તેના પર ચાદરો પાથરી અને એક નીકળેલા વીંછીને સ્વર્ગનો રસ્તો બતાવી, બીજે દિવસ માતંગપર્વત ઉપરથી સૂર્યોદય કેવો દેખાશે તેનો વિચાર કરતા નિદ્રાદેવીના ખોળામાં જઈ પહોંચ્યા.

સવારે ઊઠીને અમારૂં પહેલું કામ માતંગ પર્વત ઉપરથી સૂર્યોદય જોવાનું હતું. એટલે નહાયા વગર અથવા કશું ખાધા વગર અમે વહેલા ઊપડ્યા. માતંગ પર્વતનો ચડાવ સીધો કરાડ જેવો છે. રસ્તો આબુની પેઠે વાંકો વળીવળીને જતો નથી. સીધો કૂદકા મારતો જાય છે. એને રસ્તો કહેવો એ જ બરાબર નથી. પ્રથમ તો થોડાંક પગથિયાં છે, પણ પછી આગળ તો મોટામોટા પથરા ઉપર કૂદતા જ જવાનું હોય છે. આખો માતંગ પર્વત એટલે હાથી જેવી મોટી મોટી શિલાઓનો ઢગલો. કોણ જાણે કદાચ એ ઉપરથી જ એનું નામ માતંગ પડ્યું હશે. કાકાસાહેબ કહે 'આ શિલાઓને આટલી બધી શી ઉતાવળ આવી કે આમ ગમે તેવીરીતે એક બીજા ઉપર પડી ?' જ્યાં પથરા ઉપરથી પગ લપસણું હોય ત્યાં જરાક ખોદેલું હોય છે. એક મોટો પથરો એવો તો ઢળતો છે કે ક્ષણે ક્ષણે પગ લપસવાની બીક લાગે છે. જો સાચે જ પગ લપસી જાય તો ખૂબ નીચે આવેલા પથ્થરો ઉપર પતકાળાની પેઠે પછડાઇએ અને હાડકાંનો ભૂક્કો પણ હાથ ન આવે. કેટલેક ઠેકાણે બે પથરા વચ્ચે એક હાથ જેટલી જ પહોળી છતાં એકબે માથોડાં જેટલી ઊંડી લાગતી તડો કે ખાઇઓ હતી. પેલા નીચેના પથ્થરો ઉપર પડવા કરતાં આમાં પડવાની જ મને તો વધારે દહેશત લાગતી. કેમકે આમાં નીચે ભટકાતાં પહેલાં ઘોર અંધારાથી જ પ્રાણ નીકળી જાય. પેલા પથરાઓ ઉપર

પડીએ તો પ્રકાશમાં તો પડાય! અને વળી પડતાં-પડતાં આસપાસ જોવાનું મળે એ જુદું!

અમે ટેકરીની સાવ ટોચે પહોંચી ગયા. પૂર્વ તરફ વાદળાંથી ઘેરાએલો ને વચમાંવચમાં એમાંથી ડોકિયાં કરતો હસતો સૂર્યદર્શન દેવા લાગ્યો. પવન જાણે અમારામાં પ્રાણ રેડતો હોય તેમ વાતો હતો. મેં ध्येयः सदा सवितृ मंडलमध्यवर्ती વાળા શ્લોકથી સૂર્યોપાસના કરી. કાકાસાહેબ કહે 'આ હનુમાનના પિતા વાયુદેવ બાળને કહે છે કે ડરે છે શું કામ? હુપ હુપ કર અને માર ભૂસકો!' પણ હું કાંઈ હનુમાન થોડો જ હતો કે સૂર્યને ગ્રસવા જાઉં? પવનની પૂરી મદદ લેત અને ભૂસકો મારત તોયે નીચલા અચ્યુતરાયના મંદિર ઉપર જ પડત.

આગલે દિવસે જે લોકોએ માતંગ પર્વત જોયો હતો તે બધા અત્યારે પરબારા અચ્યુતરાયના મંદિરમાં પહોંચી ગયા હતા. આવો સુંદર સૂર્યોદય આવા પર્વત ઉપરથી જોવાનો મળ્યો તેથી કાલની માંદગી મને ઇષ્ટાપત્તિ રૂપ થઇ પડી. પર્વતની ટોચ ઉપરથી કાકાસાહેબે અમારે જે જે જોવાનું હતું તે બધું બતાવ્યું. એમની સાથે ચોપડી તો હતી જ. એમાંનો નકશો જોતા જાય અને દિશા નક્કી કરતા જાય. પછી અમને બતાવે. 'એ પેલી ગજશાળા. પેલો ઋષ્યમૂક પર્વત. એ દિશાએ પેલેપાર પંપાસરોવર છે. અમે બધું જોઈ લીધું અને અચ્યુતરાયના મંદિરની દિશાએ ઊતરવા લાગ્યા. વચમાં એક જગ્યાએ એક પથરાની કમાનમાંથી જવાનું આવ્યું ત્યારે ખૂબ મજા પડી. અચ્યુતરાયના મંદિરની કારીગરી જોઇ કાકાસાહેબ એટલા તો રાજી થયા કે સાથેના લોકોને દરેક થાંભલાની વિગત અને ખૂણાઓની ખૂબીઓ સમજાવવા લાગ્યા. આ મંદિર આગળ એક મોટી બજારનાં ખંડિયેર છે. તે 'સૂળે બજાર' તરીકે ઓળખાય છે. હંપીના મંદિર આગળની બજાર અહીંના કરતાં વધારે પહોળી ને કંઇક સારી હાલતમા છે.

કાકાસાહેબ પાસેથી અમે જાણ્યું કે વિજયનગરનું રાજ્ય એક વખતે રામેશ્વર સુધી ફેલાએલું હતું. ખુદ એ વિજયનગર શહેરનો જ ઘેરાવો નવદસ માઇલ કરતાં મોટો હતો. હાલનાં ખંડિયેરો પણ મુસાફરો પાસે બારપંદર માઇલનો આંટો તો ખવડાવે છે. લગભગ બસો વર્ષ સુધી આ સામ્રાજ્યે મુસલમાનો સામે ટક્કર ઝીલી. પણ સામ્રાજ્યના મદમાં બધા જ પાડોશીઓ સાથે તોછડાઇ રાખવાથી શત્રુઓ એક થયા. પાંચ મુસલમાન રાજ્યોએ ભેગા થઇ એક મોટું લશ્કર ઊભુ કર્યું અને આ રાજ્ય ઉપર સામટો હુમલો કર્યો. તાલીકોટ આગળ હિંદુઓ અને મુસલમાનો વચ્ચે મોટું ઇતિહાસપ્રસિદ્ધ યુદ્ધ થયું. એ વાતને આજે ત્રણસો પાંસઠ વર્ષ થઇ ગયાં. જીત મળ્યા પછી મુસલમાન લોકોએ વિજયનગર લૂંટી એનો નાશ કર્યો. આ શહેરનો માત્ર નાશ કરતાં જ શત્રુઓને પાંચ મહીના લાગ્યા! જે શહેર તોડતાં જ પાંચ મહીના લાગે તે કેટલું ભવ્ય હોવું જોઇએ? આજે તો ઠેરઠેર ખંડિયેરો પડયાં છે અને વચમાં ઘાસ, ઝાડપાલો, અનાજ વગેરે ઊગેલાં છે. આ રાજ્ય આબાદ હતું ત્યારે વિજયનગરના શોખીન લોકો રોજ સાંજે ફૂલના હાર ગળામાં પહેરી અહીંના પહોળા રસ્તાઓ ઉપર ટોળાબંધ ફરતા. ગુલાબના હાર વેચનારાની દુકાનો જ એક હજાર કરતાં વધુ હતી. હજારો ગામડાંના ગરીબ ખેડુતો અને મજૂરોની મહેનત ઘસડી લાવ્યા વગર કંઇ આટલો મોજશોખ થાય? પણ આખરે એનો નાશ થયો. હવે નથી રહ્યા વિજયનગરના શોખીન લોકો કે નથી રહ્યા તેમને લૂંટી માલદાર થનાર મુસલમાનો. ફક્ત ચોમાસામાં ઘાસ બરાબર ઊગે છે અને ઉનાળામાં સુકાઇ જાય છે.

અહીં આ પ્રાચીન ખંડિયેરો જોવાનાં ન હોત તોપણ અહીંના ચિત્રવિચિત્ર પથરા જોવા માટે યે આવવાનું મન થાય એવું છે. અને એ પથરા તો રામચંદ્રજીના વખતથી અહીં ધ્યાન ધરતા બેઠા છે! કેટલાક મોટા પથરા તો એટલા બધા ચિત્રવિચિત્ર આકારમાં ગોઠવાયા છે કે એક માણસ એને વિષે લખે છે કે 'આ પથરા આટલા મોટા ને આટલા ઊંચા ન હોત તો હું માનત જ નહિ કે તે કુદરતે મૂકયા છે.' કેટલાક હાથી જેવડા પથરાઓ બીજા એવડા જ પથરા ઉપર થાળી જેટલી જગ્યા પુરતો સ્પર્શ કરી વાંકા ઊભા છે. જરાક જોરથી પવન વાયો કે ઢળી પડશે એવી બીક લાગ્યાં કરે. પણ એ પથરાએ તો કેટલાંયે તોફાનો જોયાં હશે. મેં તો જ્યાં-જ્યાં બની શકયું ત્યાંત્યાં આવા પથરાઓને મારા ગજા પ્રમાણે ધક્કેલવાનો પ્રયત્ન કર્યો. મારી ખાતરી હતી કે તે પડશે. પણ તે તો સાબરમતીમાં પૂરના પાણીને અઢેલીને બેસતા સ્વામીનારાયણના હાથી જેવા મારા ધક્કાને હસતા બેઠા જ રહ્યા. કાકાસાહેબ કહે 'બીસ

પચીસ મલ્લોથી પણ એ માંડ પડે.' એક પાતળો પથરો સુખડીનું ચોસલું એક કિનાર ઉપર ઊભું કર્યું હોય તેના જેવો ઊભો હતો. એને પણ પડવાની ઉતાવળ ન જણાઇ. જો કે એની ઉંચાઇ બાર કે પંદર ફૂટ હતી.

અચ્યુતરાયના મંદિરમાંથી નીકળી, વિજયનગરના ભાંગી ગએલા પ્રચંડ કોટને વટાવી અમે જૂના મહેલો જોવા ગયા. પ્રથમ તો રણવાસ આવ્યો. એની આસપાસ એક ઊંચી દીવાલ હતી અને ચાર ખૂણાઓ ઉપર પહેરેગીરોને ઊભા રહેવા માટે ઊંચા મીનારા હતા. રાણીનો મહેલ તો એને ઠેકાણે હવે છે જ નહિ. ફક્ત એનો ઓટલો જ દેખાય છે. એક બાજુ ઉપર રખેવાળોને રહેવાનું ભવ્ય મકાન છે. એને મકાન કરતાં ઓરડીઓની હારો કહેવું વધુ શોભે. એની બાંધણી મુસલમાન પદ્ધતિની છે. રણવાસમાં આજે દેખાતું મુખ્ય મકાન તો કમળ મહેલ છે. એક મોટા બાંધેલા તળાવની અંદર એ બાંધેલું છે. મકાનની આસપાસ જ્યારે પાણી રહેતું હશે ત્યારે જરૂર એ મકાન ખીલેલા કમળના જેવું લાગતું હશે. મકાન છે સુંદર, પણ તેના પર કારીગરીવાળું કોતરકામ નથી. દીવાલો બધા છોની છે. રણવાસની પાછળ ૧૩ હાથીઓ રહી શકે એવી ગજશાળા છે. જોઇને થયું કે શું તે વખતના હાથીઓ પણ કળાના શોખીન હશે? મનમાં વિચાર આવ્યો: શી કાળની કરામત! એક વખત અહીં મોટા મોટા માતેલા હાથીઓ ઝૂલતા હતા, એ જ ઠેકાણે આજે મારા જેવો સુકલકડી માણસ ફરી રહ્યો છે! આ મકાન બંધાયું ત્યારે કોઇએ ધાર્યું હશે કે કાળે કરીને તેની આવી દશા થવાની છે?

હવે અમે આગળ વધ્યા. પથ્થરના થાંભલાઓ ઉપર પથ્થરની નાળ બનાવી રણવાસમાં રાણીઓને નહાવા માટેનું પાણી આણવાનો રસ્તો કરેલો છે. બીજો એક મોટો હોજ સાર્વજનિક હોય એવો લાગતો હતો. આગળ જતાં મહાન કૃષ્ણદેવરાજનો દરબાર જ્યાં ભરાતો હતો ત્યાં અમે ગયા. ત્યાં તો બધું જ પાડી નાખેલું છે. એક ભવ્ય ઓટલો ઉપરની છો સાથે છે. જમીનમાં થાંભલાઓની હારની નિશાની માત્ર રહી છે. જ્યાં મહારાજા બેસતા હતા એ ઊંચી જગ્યા સુધી ચડવા માટે પગથિયાં કર્યાં છે. દરબાર પાસે જ રાજાનો ખાનગી મહેલ છે. એના દરેક દરવાજા આગળ પથરાના હાથી ઊભેલા છે, પણ મૂર્તિવિધ્વંસક મુસલમાનોએ સુંઢો તોડી નાખેલી છે. અહીંની કારીગરીમાં જ્યાં જુઓ ત્યાં હાથી અને ઘોડાઓ. આપણા હિંદુસ્તાનના કોતરકામમાં માણસો કરતાં પશુપક્ષીઓનું કોતરકામ વધુ સૌંદર્યવાળું હોય છે. ગ્રીક અને રોમમાં એથી ઊલટું છે. એમણે કેટલા યે સૈકાઓ શરીર કેળવવામાં જ ગાળેલા એટલે એમની મનુષ્યમૂર્તિઓ સૌંદર્યવાળી હોય એમાં શું આશ્ચર્ય? આ રાજ્યના જીવતા હાથીઘોડા તો લૂંટાયા હશે કે મરી ગયા હશે; પણ પથરાના આ હાથીઘોડા ભાંગ્યાતૂટ્યા પણ આજે વિજયનગરની જાહોજલાલી સૂચવવા એમ ને એમ ઊભા છે. આ સ્થાનની આસપાસનાં મંદિરો ઠીંગણા અને રૂપાળાં છે. કોતરણી વાળાં તો એવાં કે નિરીક્ષણ કરતાં સહેજે એક એક થાંભલો પા પા કલાક ચોરી લે. અહીં પણ એક મંદિર ઉપર આખું રામાયણ કોતરેલું હતું. એણે તો અમારો આખો એક કલાક ચોરી લીધો. સાડા દસ વાગી ગયા. આટલી કારીગરી જોઈ પણ કાંઈ પેટ ધરાયું નહિ અને રસના આટલા ઘૂંટડા પીવા છતાં તરસ છીપી નહિ, એટલે અમે ખાવાપીવાની ચિંતામાં પડ્યા. સવારની વ્યવસ્થા પ્રમાણે તો મુકામ ઉપર જઇ જમવું જોઇતું હતું; પણ પગ ઊપડે ત્યારે ને? અને જોવાનું તો ઘણું રહ્યું હતું. તરસથી હું ને મારા બીજા સાથી હેરાન હેરાન થઇ ગયા, એટલે કાકાસાહેબે પાસેના એક ગામડામાં જવાનું નક્કી કર્યું. ત્યાં જઇને પ્રથમ તો પાણી પીધું. પછી ચણા મમરા અને દૂધ મંગાવ્યાં. કર્ણાટકમાં ચણામમરા મોળા ન મળે. કર્ણાટક તો મરચાંનો મુલક. ભૂખની આગ મટાડવા બેચાર મૂઠી ખાધા તો ખરા; પણ પેટમાં મરચાંની આગ વધી પડી. એક પ્યાલા દૂધથી આ બમણી આગ હોલવી અમે જરા આરામ કર્યો અને પાછા માલેવત રઘુનાથની ટેકરી તરફ ચાલવા લાગ્યા. ભૂખ અને તરસ સાથે ચાલવાનો અમારો આ પહેલો પ્રસંગ હતો; અને ઉનાળાના બપોરનો તડકો તો કહે મારું કામ. પણ બધું જોવાની અમારી હોંશ કંઇ હારે એમ ન હતી. રસ્તામાં આવેલાં મંદિરો પણ અમે છોડીએ નહિ. અમે એટલા થાકયા હતા કે મંદિરોના શિલાસ્થંભ ઉપર કાંઇ કોતરેલું હોય તો એ વાંચવાનું મન પણ ન થાય. સદ્ભાગ્યે કાકાસાહેબ એ લિપિ જાણતા ન હતા, એટલે બહુ

રોકાવું ન પડતું. માલેવંત ટેકરી ઉપર રઘુનાથનું મંદિર છે. ત્યાં કેટલાક બાવાઓ રહે છે. અમે ઉપર ચડતા હતા ત્યારે મંદિરની બપોરની આરતીનો નાદ સંભળાતો હતો. અમે અંદર ગયા એટલે બાવાઓએ પાણી પીવડાવ્યું. પાસેજ એક ઝરણું હતું. એમાં અમે હાથપગ ધોયા. રામચંદ્રે બાણ મારી આ પાણી કાઢયું છે એમ બાવાઓ-એ અમને ફરીફરીને કહ્યું. અને અમે પણ એ બધું સાચું માનતા હોઇએ એવું ગંભીર મોઢું રાખ્યું. મને થયું રામચંદ્રજી પણ અમારી જેમ થાકયા હશે એટલે આ પાણી કાઢવાનું સૂઝ્યું હશે. દસેક મિનિટ આરામ કરીએ એટલામાં બાવાઓએ બપોરની આરતી જાણે પહેલીવાર જ કરતા હોય તેમ શરૂ કરી. અમારી ખાતરી થઇ કે પહેલી આરતી રઘુનાથજી માટે હતી અને બીજી આરતી અમારી પાસેથી લેવા ધારેલી દક્ષિણા માટે હતી. આ ખુશામતિયા બાવાઓને અમારી પાસે-થી ઝાઝી કમાણી થઇ નહિ. આવ્યા તે જ રસ્તે પાછા ઊતરીએ તો રસ્તો ફેરમાં લાંબો પડે અને કંટાળો પણ આવે એમ ધારી આ મંદિરેથી સીધા બીજી બાજુ નીચે ઊતરવાનો એક રસ્તો અમારી સાથેના એક ભાઇએ સૂચવ્યો. આ બાજુની ટેકરી એટલે તો અસંખ્ય હાથીઓનો મોટો ઢગલો. કેટલાક ગોળ પથરાઓ તો મોટાં મકાનો કરતાં પણ મોટા. આ વાટે ઊતરી શકાય એવી પેલા ભાઇએ ખાતરી ન આપી હોત તો સાહસી માણસો પણ અહીંથી ઊતરવાનું મનમાં ન આણે એવો આ રસ્તો હતો. પણ કોક કોક વાર હિંમત કરતાં અજ્ઞાન ચડી જાય છે. અજ્ઞાનમાં માણસ આશ્ચર્ય ઉપજાવે એવું બહા-દુરીનું કામ કરી નાખે છે. અહીં રસ્તો તો શાનો જ હોય? એક પથ્થર ઉપરથી નીચલા પથ્થર ઉપર અને તે ઉપરથી એના કરતાં નીચેના પથ્થર ઉપર ભુસ્કા મારતાજ જવાનું હતું. થોડુંક ચાલ્યા એટલે હોસ્પે-ટવાળા ભાઇને કાકાસાહેબે ચેતવણી આપી કે ભાઇઓ ધ્યાનમાં રાખો; આ રસ્તે પાછા જવાય એમ છે જ નહિ; માટે વિચારપૂર્વક આગળ વધજો. પણ આ ચેતવણીનું મહત્ત્વ કોઇ સમજ્યા હોય એમ લાગ્યું નહિ. થોડેક આગળ ગયા અને એ લોકો ડરવા લાગ્યા. બે પથરા વચ્ચે સાંકડી પણ ઊંડી ખીણ. આ મોતના મોં ઉપરથી ટપીને આગળના બીજા પથરા ઉપર પગ મૂકવાનો. પથરા વળી ગોળ અને લીસા. કૂદકો જરાક જોસથી જાય તો ધબાક દેતા ને નીચે ગબડી પડાય. અને મોળો પડે તો ખીણમાં કયાંના કયાં અંદર ઊતરી જવાય. આવા કૂદકા મારા જેવા નાના સહેલાઇથી મારી શકતા. પણ મોટાઓ ત્યાં ધ્રૂજતા. નાના થવામાં આ ફાયદો તો મેં અનુભવ્યો જ.

ઊતરતાં ઊતરતાં એક જગ્યાએ અમે એવે ઠેકાણે આવી લાગ્યા કે જ્યાંથી આગળ જવું પણ અશકય હતું. અને પાછા જવાનું તો હવે નામ પણ લેવાય એવું રહ્યું નહોતું. કેમકે આવતાં તો ખીણ ઉપરથી નીચલા પથરા ઉપર કૂદીને પડેલા પણ પાછા જતાં ઉપરના પથરા ઉપર કાંઇ કૂદીને જવાય? અને આગળ તો એક સીધી કરાડ આવીને સામે ખડી હતી. કાકા-સાહેબે ધોતિયાં તથા પછેડીઓનો દોર બનાવી ઊતર-વાનું સૂચવ્યું, અને છેલ્લા માણસે નીચે બીજાઓએ બનાવેલી ઝોળીમાં કૂદી પડવું એમ કહ્યું. અમે આમ કરવાનો વિચાર કરતા હતા તેવામાં બીજી બાજુએ એક મોટો ઢળતો પથરો જોવામાં આવ્યો. એ પણ હતો તો બીહામણો જ; પણ સંકટ પ્રસંગે એ મદદ-ગાર નીવડયો. અમારી સાથેના એક ભાઇ અને હૉસ્પેટ-વાળા એક ભાઇ એ પથરા ઉપરથી ધારે રહીને અરધે સુધી ઊતર્યા અને પછી એક ખીણના બે હોઠ ઉપર બે પગ રાખી ઊભા રહી એમણે અમને બધાને પોતા-નો ખભો ઊતરવા માટે આપ્યો. આમ તેમની મદદ-થી અમે નીચે માંડ ઊતરી શકયા. હું પહેલો ઊતરી ગએલો એટલે બીજાઓનાં ઊતરતી વખતનાં ડરતાં મોં જોવાની મજા પડી. દરેક જણને લાકડી અને ચંપલ બહુ અગવડરૂપ નીવડયાં. અમે તો ખરે બપોરે ઊત-રતા હતા. મનમાં થયું, શિવાજી મહારાજ અને તેમના માવલાઓ કાળી મધરાતે શી રીતે આવા પહાડો ઊતરતા અને ચડતા હશે? ઔરંગઝેબે એમને ડુંગરના ઉંદર કહ્યા હતા એમાં એકલો તિરસ્કાર ન હતો, એ અદેખા બાદશાહને શિવાજીની કદર કરવી પડી હતી.

આ સંકટના સમયમાં અમારી ભૂખ તરસ અને થાક તો કોણ જાણે કયાં યે ચાલ્યાં ગયાં. આ અશકય કરાડ ઊતર્યા પછી આગળનો રસ્તો તો સહેલો જણાવા લાગ્યો ને અમે ઉત્સાહભેર બાકીનો ઉતાર ઊતર્યા. સંકટ-માંથી પસાર થયા પછી દરેક જણને વિચાર કરવાની

ફુરસદ મળી અને દરેક જણ પેલા ભાઇને આવો ખરાબ રસ્તો બતાવવા માટે સારી પેઠે વઢ્યો. કાકાસાહેબે પાસે આવીને જ્યારે પૂછ્યું કે 'આ રસ્તો કોણે સૂચવ્યો ?' ત્યારે તો તે પાણી પાણી થઇ ગયા, પણ કાકાસાહેબે કહ્યુ, 'ના ભાઇ, હું તો તમને મુબારકબાદી આપવા માગું છું; કેમકે આ સાહસની મજા તો હંપીના ખંડિયેરો જોવા કરતાં પણ વધી ગઇ. હું તેને સાચે જ તમને ધન્યવાદ આપું છું.' અને પાછી અમારી છોકરાઓની તરફ આંગળી કરી કહે, 'આ છોકરાઓને ગમ્મત સાથે કેટલી સરસ કેળવણી મળી ! આવી મજા વગર આખી મુસાફરી અલુણી લાગત.' બસ આનાથી ટોળાનો રંગ બદલાયો. અમે નીચે એક મોટા પથરાની છાયા નીચે જઇને બેઠા. થાકતો ઊતર્યો, પણ ભૂખનાં વાદળ ચઢ્યાં.

હવે તો સીધા ઘેર જ જવાનું હતું. અમે ઝપાટાભેર ચાલ્યા. પણ આ રસ્તે વિઠ્ઠલરાયનું મંદિર પાછું આવતું હતું તેથી અમને તો એ મંદિર એકવાર તારાના પ્રકાશમાં અને બીજી વાર ધોળે દહાડે જોવાનું મળ્યું. દહાડે વધુ સારી રીતે જોવાયું ખરૂં, પણ મંદિરની શોભા તો રાતની જ વધારે હતી.

બસ; અમારી મુસાફરી પૂરી થઇ. પછી ત્યાંથી અમે મુકામે જઇ ત્યાં નહાયા ધોયા, ખાધું, હૉસ્પેટ ગયા અને ત્યાંથી બેલગામ પાછા ગયા વગેરે જણાવી આ લાંબું થએલું પ્રવાસવર્ણન વધુ લાંબું નહિ કરૂં.

મુસલમાનોએ વિજયનગરનો નાશ કર્યો, પણ હિંદુ લોકોનું તેજ સાવ અસ્ત પામ્યું ન હતું. સો વરસની અંદર જ હિંદુઓએ ફરી વિજાપુરના અને દિલ્હીના બાદશાહોને હંફાવી વિજયનગર કરતાં પણ મોટું સામ્રાજ્ય સ્થાપ્યું. તેની રાજધાની રાયગઢ, સાતારા ને આખરે પૂના હતી. એ પૂના પાસે જ બેસીને આ પ્રવાસવર્ણન પૂરૂં કરતાં મનમાં કેટલાયે વિચારો આવે છે.

(મધપૂડામાંથી) **બાળ કાલેલકર**

રાજ્યનાં પૈડાં . . . .

(અનુસંધાન પાછળના પાન ૨૨૦થી)

એ એક ભૂલ કરી—બાહોશ તો ખરો !—સારો રસ્તો કાઢે તો ઠીક—ના રે ના, એમાં કાંઇ નથી—વગેરે.

પ્રજાજનો: હવે કાંક થશે—દાણા મળે તો ઠીક—આપણું આપણે રહે તોય બસ—મજૂરો ક્યાં શાન્ત થાય છે ?—શેઠિયાઓ ક્યાં માને છે ?—દારૂનો ઇજારો જશે તો ભારે થશે—અફીણવાળો શું બચી જશે ? વગેરે.

[હજૂરી પ્રવેશ કરે છે.]

હજૂરી: દાદભા સાહેબ ! રાજાજીએ આ કાગળ આપને વાંચવા મોકલ્યો છે.

દાદભા: લાવ (વાંચે છે) શાન્ત થાઓ. (બધા શાન્ત થાય છે). મારી પ્રજામાં પ્રગટેલા અસંતોષને દૂર કરવા એક જ ઉકેલ છે, અને તે એ કે જેને જે માણસ કે જે ખાતા સામે અસંતોષ હોય તેણે તે માણસ અને તે ખાતા સાથે મળીને તેનો પોતાની મેળે અને પોતાને સૂઝે તેમ ઉકેલ કરી લેવો. રાજ લોકોના સુખ કે સગવડ માટે નહિ, પણ સંતોષ ખાતર છે, અને સંતોષ તો લોકો પોતાની મેળે રાજ ચલાવે ત્યારે જ મળી શકે. અને તેનું, આ મારો ઉકેલ પહેલું પગથિયું છે. માટે બધાએ એ મુજબ કરવું.

ખજાનચી: મારે શું કરવું ?

સેનાપતિ: લશ્કરનું શું ?

કાવસજી: ઇજારા તો કાયમ છે ને ?

દાદભા: શાન્ત થાઓ, આપણે તપાસ કરીએ. (હજૂરીને) રાજાજી ક્યાં છે ?

હજૂરી: રાજાજી રાણીસાહેબને લઈ મોટરમાં બેસી કેટલાક વખત પહેલાં ચાલ્યા ગયા અને કોઈ પૂછે તો મને કહેવાનો હુકમ કર્યો છે કે પોતે હવે આ રાજમાં ફરીને પગ મૂકવાના નથી.

અમલદારો: (આશ્ચર્યથી) ઓહ !

નોકરો: હા...... !

પરચુરણ અમલદાર: (આશ્ચર્યથી) હં. અં . . . !

પ્રજાજનો: (આશ્ચર્યથી) હેં... !

[પડદો પડે છે.]



માધુકરી

આજ ઉડઉડ થવા તલખતી પાંખ તુજ પ્રથમ જાગરણના નવ પ્રભાતે
પક્ષીનો બાળ માળા મહીં સુઇ રહે—કયમ બને જ્હાણલાં વ્યોમ વાતે!
ઘોર સાહસ તણા મસ્ત આકર્ષણે લઇ જશે પાંખ તુજને રઝળવા,
કો અજાણ્યા વિકટ ધામની સફરમાં પંથીહીન પંથની મોજ રળવા.
ઉદયગિરિશૃંગની કારમી ભેખડો સાથ વસવા તને સાદ પાડે,
ક્ષુદ્ર માળા મહીં નીંદ ના'વે હવે, પંખીનો બાળ પાંખો પછાડે.

—ઝવેરચંદ મેઘાણી

ઉત્કલનું નરરત્ન

સંવત ૧૯૨૨માં ઉત્કલ દેશમાં ભયંકર દુષ્કાળ પડ્યો, તે સમયે સનાતન નામના બાળકે બતાવેલી અદ્‌ભુત વીરતાનું પુણ્ય સ્મરણ કરવાની અહીં ધારણા છે.

દુષ્કાળ ત્રણ વર્ષ સતત ચાલ્યો ધરતી સૂર્યકિરણ નીચે શેકાઈ જ ગઇ; ખડનું તણખલું પણ ક્યાંય ગોત્યું જડતું નહોતું; પાન વિનાનાં ઝાડનાં ઠુંઠાં ઉપર એક પક્ષી ગાતું નહોતું; ઝાડપાન,પશુપક્ષી સૌ સૂકાઇ ગયાં હતાં પણ મેહ આવતોનહોતો.

લોકો ભૂખે મરતા ને આકાશ સામું વિકાસીને જોવા મંડ્યા, પણ તે વ્યર્થ હતું. માર્ગની ધારે બળદ મરતા હતા ને કૂતરાંને પણ ઊકરડામાંથી કાંઇ ખાવાનું મળતું નહોતું.

સનાતન માબાપ ને એક નાના ભાઇ ભેળો નાના ગામમાં રહેતો હતો. બે વર્ષ થયાં એના ખેતરમાં ધાન્ય પાક્યું નહોતું ને એના બળદ પણ ખાવાનું લેવા સારુ ગુજરીમાં વેચાઈ ગયા હતા.

કેટલાય માસ લગી માબાપ માત્ર એક કોળિયો ધાન ખાઇને ચલાવે, ને પોતાનો ભાગ બે છોકરાંને આપે; કેમકે ભૂખનું દુઃખ માબાપ કરતાં બાળકોને વધારે વસમું હતું.

એક દિવસ બાપે માને કહ્યું, હું વધારેપડતું ખાઈ જાઉં છું. હું ન હોઉં તો મારો ભાગે ય આ છોકરાઓને મળી જાય.' આ શબ્દ સાંભળીને મા રોઇ પડી ને બોલી, 'તમે ન હો તો અમારી કેવી દશા થાય? એના કરતાં હું જ વધારાની છું, તે ન હોઉં તો ઠીક. છોકરાઓને નગરમાં લઇ જાઓ, મારાં ઘરેણાં ત્યાં વેચી નાખો ને છોકરાઓને ખાવાનું લઇ દો.

પતિ પત્નીને એમ કેમ છોડે? પણ દાગીના તો પાણીને મૂલે વેચાઇ ગયા ને એના પૈસાના થોડાક જ ચોખા આવ્યા; કારણ અનાજનો જથ્થો જ દેશમાં ખૂટી ગયો હતો, અને પૈસા દેતાં અનાજ ન મળે એવો સમય લગભગ આવી ચૂક્યો હતો.

એટલે સનાતને વિચાર્યું કે 'આપણને આવતા ટંકનું ખાવાનું ક્યાંથી પૂરવું એની માબાપને ચિન્તા સેવવી પડે છે, તો હું બહાર જાઉં ને કાંઇક ખાવાનું મેળવવાનો પ્રયત્ન કરૂં' માબાપને એક શબ્દ કહ્યા વિના એ તો એકલો નીકળી પડ્યો ને આખો દિવસ ધખધખતા તાપમાં પાન અને જંગલી ફળ ગોત્યાં; પણ કાંઇ જડ્યું નહિ એટલે થાકીને લોથ થઇને ઘેર આવ્યો.

એને થાકેલો જોઇને માએ થોડા ચોખા આપવા માંડ્યા, પણ શૂરા સનાતને કહ્યું, 'મા આજ તો મને ઠીક પ્રાપ્તિ થઇ છે; કાલ જંગલમાંથી મને કાંઇ નહિ મળે તો વળી તમારી આગળથી લઇને ખાઇશ.' માએ મુખ ફેરવીને આંસુ ઠાલવ્યાં. દીકરાને આખા દિવસમાં કાંઇ ખાવાનું નથી મળ્યું એ માજનેતાથી કેમ અસતું રહે? પણ નાનો છોકરો ભૂખ્યો થયો હતો ને સાંભળનારની છાતી ફાટી જાય એવે કરૂણ સ્વરે રોતો હતો. એટલે માએ સનાતનનો ભાગ એને આપ્યો. સનાતનને તો આટલું જ જોઇતું હતું

નિત્ય ઊઠીને પ્રભાતના પ્રહરમાં સનાતન બહાર નીકળી પડે. કોક વાર થોડાંક પાન એને મળી જાય, કોક વાર જાજ્વલ્યમાન સૂર્યના તાપથી બચી ગએલું તણખલું ઝાડની છાયામાંથી હાથ આવી જાય. આ ધન્ય પ્રસંગે એ પ્રફુલ્લ વદને મા આગળ જાય, પોતાને જડ્યું હોય એમાંથી સારૂં સારૂં મા આગળ ધરે અને પોતે ખાઇ લીધું છે એમ કહે.

આમ એ ભયાનક દિવસ વીતતા ચાલ્યા. અન્તે ભૂખ વેઠી વેઠીને પિતા એટલો દૂબળો થઈ ગયો કે બે પગલાં ભરે ત્યાં અશક્તિને લીધે એનું માથું ભમવા માંડે.

પોતાનાં પ્રિયજનને અર્થે પોતાથી કાંઇ બનતું નથી ને પોતે જે કોળિયો ખાય છે તે પણ એના આગળ કાંઇ વધારાનો હોતો નથી એવું બાપને ભાન થયું એટલે એણે સ્ત્રીને કહ્યું, 'હું સહજ ગામતરે જાઉં છું. મારી કાંઇ ચિન્તા

ન કરવી. બધાં ય સારાં વાના થઇ રહેશે'

રાંક બાઇ શો ઉત્તર આપે? પતિએ ધારેલો પ્રવાસ એવો દીર્ઘ હતો કે ત્યાંથી કોઇ કદાપિ પાછું આવતું નથી એ તો તે વર્તી ગઇ. અને કાંઇ સહાયતા તરત ન મળે તો બીજાં બધાંનો અન્તકાળ પણ સમીપમાં જ છે એ પણ તે જાણતી હતી.

બીજે દિવસે જ્યાં એના બાપદાદાએ જીવન ગાળ્યું હતું ને જ્યાં આ દુર્દિન આવ્યા પહેલાં પોતે પણ પરમસુખ ભોગવ્યું હતું, એ નાનકડું ઘર છોડી બાપે ડગમગતે પગલે મહાપ્રસ્થાન કર્યું.

માત્ર એક જ વાર એણે પાછું વળી જોયું, ને પોતાના કુટુંબને સારૂ ભગવાનને પ્રાર્થના કરી. પછી ઢસરડા કરીકરીને એ જંગલમાં ચાલ્યો ને પછી ફરી દેખવામાં આવ્યો નહિ. પત્નીને આમે ય કષ્ટનો પાર નહોતો, ને પતિના પ્રસ્થાનથી તો એના ઉપર દુ:ખનાં ઝાડવાં જ ઊગ્યાં. દિવસે દિવસે તે ક્ષીણ થતી ચાલી, ને પછી તો પથારી ઉપરથી ઊઠવા જેટલી પણ શક્તિ એનામાં ન રહી એટલે એનો ને ભાઇનો સમગ્ર ભાર સનાતને માથે લીધો. ધીરેથી ને ચતુરપણે માંદી માની એ પરિચર્યા કરતો. ને એને જીવતી રાખવા સારૂ નિત્ય ખાવાનું ગોતવા જાતો.

કોક વાર ગાઉ ઉપર ગાઉ સનાતન ચાલે અને ઠાલે હાથે પાછો આવે: બીજે પ્રસંગે કોક આગળથી ચપટી ચોખા કે આડો એબો લોટ માગી આવે. પછી આનંદથી ઘેર દોડી આવે ને માને ખાવાનું બતાવે. મા પણ કાંઇક કાંટો આવે ને કૃતજ્ઞતાપૂર્વક સ્મિત કરે. પરંતુ આવી ધન્ય ક્ષણ પણ વિરલ બનતી ગઇ, અને જેને વિષે કુટુંબમાંથી કોઇને કોળિયો પણ ન મળ્યો હોય એવા દિવસ આવવા મંડયા.

સહસ્ત્રાવધિ માણસો ભૂખે મરતાં હતાં, ત્યાં એની માના શરીરમાં જીવનતણખાને જાગતો રાખવા સારૂ ખાવાનું બટકું પણ કયાંથી આણવું એ સનાતનને સૂઝતું નહોતુ

પોતે પણ એટલો લેવાઈ ગયો હતો, કે એની ચામડી નીચે હાડકે હાડકાં ચોખ્ખાં દેખાતાં હતાં ને એનો નાનો ભાઇ ભૂખથી રોયા કરતો હતો.

પરંતુ સનાતનનો બળવાન જીવ હાર્યો નહોતો. પગ ભલે શરીરનો ભાર ઉપાડવાની ના પાડે, તોપણ ક્યાંક કોઇ ભગવાનનો લાલ કોળિયોક ખાવાનું આપે એવી આશાએ તે રોજ કોણ જાણે કેટલા યે ગાઉનો પંથ કાપતો.

એક દિવસે બળતે પગે પીડાતો પીડાતો તે કેટલા યે ગાઉ નીકળી ગયો, ને હવે આઘું નહિ જવાય એમ લાગ્યું, એટલે થોડોક થાક ખાવાનો વિચાર કરી એક ઝાડ નીચે જઇ સૂતો.

હવે એવું બન્યું કે પાસે જ એક સ્ત્રી થોડાક ચોખા રાંધતી હતી. રાંધણાની સુવાસ સનાતનને આવી એટલે એનું ભૂખદુ:ખ બેવડું વધ્યું ને એણે કહ્યું, 'ભલી બાઇ, મને થોડુંક ખાવાનું આપો, હું ત્રણ દિવસનો ભૂખ્યો છું' બાઇને દયા આવી, ને તપેલામાંથી થોડોક ભાત લઇને એણે સનાતનને આપ્યો. બાઇએ માન્યું હતું કે છોકરો બધો ભાત એક કોળિયે ગળે ઉતારી જાશે: પણ 'ભગવાન તમારૂં કલ્યાણ કરશે' એમ કહેતોક ને સનાતન તો કંપતો કંપતો ઊભો થયો, અને પોતાના ચીંથરા જેવા ફટકામાંથી લૂગડું ફાડી એમાં ભાત બાંધીને એ તો ઘેર જવા પાછો વળ્યો.

ઘર તો કોણ જાણે કેટલા યે ગાઉ દૂર હતું પણ મૃત્યુશય્યા ઉપર પડેલી માતાના વિચારને લીધે એના પગમાં શક્તિનો સંચાર થયો. પોતે કયાં છે એનું ભાન ન મળે અને થાક એટલો ચડયો હતો કે પગ બળે, ને પગમાં ફોડલા પડે એ પણ એને કળાય નહિ આવી સ્થિતિમાં કોણ જાણે કેટલો સમય એણે ચાલ્યા કર્યું.

'આ ભાત લઈ જાઉં છું તે લાવ ખાઇ લઉં એવો પ્રબળ લોભ પણ સનાતનને મન એકબે વાર જાગ્યો; પણ માનો વિચાર કરીને એણે એ લોભને રોકી દીધો. રાત પડી, ઘર હજી કયાં ય ને ક્યાં ય આઘે હતું. સનાતનને તમ્મર આવી ગયાં; આખુ જગત જાણે ચક્કર ચક્કર ફરવા મંડયુ. એક એક પગલું ભરતાં ભગીરથ પ્રયત્ન કરવો પડતો હતો. ગગનમાં તારા ઊગ્યા, પણ વાતાવરણ ગરમ ને શાંત હતું.

માર્ગની ધારે સનાતન લોથપોથ થઇને પડયો એણે વિચાર્યું કે અહીં થોડોક વિશ્રામ લઇ લઉં. ચત્તા સૂતાં સૂતાં આકાશમાંના એક તેજસ્વી તારા ઉપર એની દૃષ્ટિ પડી. પોતાનો પિતા જાણે નિકટમાં કેમ ન હોય એમ એને લાગ્યું. પિતાનો સાદ જાણે એણે સાંભળ્યો. પછી તો એને કાંઇ સ્પષ્ટ ભાન ન રહ્યું. થાક કે ભૂખ કાંઇ એને લાગ્યું નહિ. માત્ર નિદ્રા લેવાની એને તીવ્ર ઇચ્છા થઇ. ભાતની નાનકડી પોટકી જતન કરીને એણે પોતાના પહેરણના અંદરના ભાગમાં સંતાડી, પછી અલ્પ નિસાસો નાખીને પોતાની થાકેલી આંખ બંધ કરી અને કહ્યું, 'આ ઊઠયો ને ઘેર ચાલ્યો.'

ॐ

બીજે દિવસે એક વૃદ્ધ પુરુષ ત્યાં થઇને ચાલ્યો જતો હતો. એણે માર્ગને પડખે સૂતેલા એક નાના છોકરાને જોયો. નમી કરીને એણે એના શીતળ થઇ ગએલા હાથને મર્દન કર્યું, અને હૃદય ધબકે છે કે નહિ એ જોવા સારૂ એનું ફાલતૂ઼લ પહેરણ ઊંચું કર્યું, તો ભાતની નાની પોટકી એને હાથ આવી. ખાવાનું પોતા પાસે હતું, છતાં છોકરો કેમ ભૂખે મરી ગયો એનું એને આશ્ચર્ય થયું!

વિરમી ગએલા આ બાળહૃદયની વીરતા વર્ણવવા, કે પોતાની મા સારૂ જે ચોખા લઇ જતો હતો તેમાંથી એક દાણો પણ ખાવા કરતાં માર્ગની ધારે મરણને નોતરવાનું વધારે પસંદ કરનાર નાનકડા સનાતનનાં ગુણગાન કરવા હવે ત્યાં કોઇ નહોતુ. પણ સનાતનના પરાક્રમ આગળ વિશ્વ-વિજયી અશ્વયોદ્ધાનાં પરાક્રમ પણ પાણી ભરે છે *

(હરિજનબંધુ) —દેસાઇ વાલજી ગોવિંદજી

* એલ. તથા એચ. જી. ડી. ટર્નબુલના અંગ્રેજી ઉપરથી

કેટલાંક ઓળખાણ

અમેરિકાના ઓહિયો પરગણાના ડેલ્ફોસ ગામનો એ સામાન્ય છોકરો. હાઈસ્કૂલ સુધીની કેળવણી માંડ મળેલી. પણ ખગોળશાસ્ત્રનો બહુ શોખ, તે ચાર ઇંચનું એક સામાન્ય દૂરબીન કોઈકનું માગી લાવીને અભ્યાસ કર્યા કરે . . . . . . આજે, આમ તો, એ છે એક મામૂલી મોટર મિકેનિક, પણ સાંજના ફુરસદના બધા કલાકો પોતાને ઘેર ઊભી કરેલી વેધશાળામા આકાશી અવલોકનો અને શોધખોળમાં ગાળે છે અને ખેતરને શેઢે આવેલી એની એ સામાન્ય વેધશાળામાંથી દેશના વિદ્વાનો ને વૈજ્ઞાનિકોને દંગ કરે એવી શોધો એણે કરી છેઃ નિગૂઢ તારાઓનાં સહસ્રો અવલોકનો એણે કર્યાં છે; ચાર નવા ધૂમકેતુઓ એણે શોધ્યા છે. જેમનાં નામ એના નામ પરથી પાડવામાં આવ્યાં છે; અને ખગોળશાસ્ત્ર વિષયક એની શોધો અમેરિકાભરમાં આજે પ્રમાણભૂત મનાય છે. જુઓ તો હજી ફૂટમલ જુવાન લાગે. નામ એનું લેસ્લી સી. પેલ્ટાયર.

ॐ

અગિયાર વર્ષની ઉંમરે એ અંધ થઇ એ પણ ઓહિયો પરગણાની જ,—ડાયટન ગામની. ઓહિયોની અંધશાળામાં ભણી અને પછીથી યુનિવર્સિટીમાં પણ ગઇ તે પછી બાવીસ વરસ સુધી હાઈસ્કુલમાં શીખવ્યું. આજ છેતાલીસ વર્ષની ઉંમરે કોલંબિયા યુનિવર્સિટી તરફથી એને ડૉક્ટર ઑફ ફિલૉસૉફીની ડિગ્રી મળે છે,—'મિલ્ટનની અંધતા' એ વિષય ઉપર થીસીઝ લખવા માટે. કહે છે કે કોઇ અંધને આવી ડિગ્રી મળી હોય તો તે પહેલવહેલી એ બાઇને—ઍલિયાનોર બ્રાઉનને—જ મળે છે.

ॐ

અજબ ગણિતી છે એ. હોબાર્ટ કૉલેજના ડીન તરીકે આવતે મહિને એને પચાસ વર્ષ પૂરાં થશે. કહેવાય છે કે 'ડીન ડર્ફના' વહાલસોયા નામથી સામાં માનીતો એ વિલિયમ પી ડર્ફી એવી અદ્ભુત શકિત ધરાવે છે કે આગગાડીના ડબા ઉપરના નંબરોનો સરવાળો, એ ડબા પસાર થતા જાય તેમતેમ ઝડપથી એ મનમાં કરતો જાય ને આખી ટ્રેન પસાર થઇ ગયે તમને કહી દે! (લિટરરી ડાઇજેસ્ટ)

ડુંગળી માહાત્મ્ય

'ધન્ય માતા ડુંગળી' કહેનારા તો ઉપહાસમાં બોલતા હશે. પરંતુ જગતમાંથી તે અદૃશ્ય થાય તો કેટલાના ખોરાકમાંથી સ્વાદ પોષણ અને ઔષધીય તત્ત્વો નાબૂદ થાય? ડુંગળીના આ ગુણો બીનહરીફ છે. તેની તારીફમાં જેટલું કહેવાય છે તેમાં કવિત્વની અતિશયોક્તિ ન માનશો. ભલે તેની ગરમીથી કેટલાકની આંખમાં પાણી વરસતાં દેખો. પ્રાચીન મિસરવાસીઓ તો ડુંગળીની દેવમૂર્તિ બનાવી પૂજા કરતા. અતિ પ્રાચીન કાળના હજારો વર્ષ પહેલાંના ઇતિહાસમાં ડુંગળીનો ઉપયોગ ચાલુ હતો એમ પુરાવા મળે છે. તેનાં મોટાંમોટાં વાવેતર થતાં. સૌથી ગરમીવાળા પ્રદેશમાં તેમજ સૌથી ઠંડા મુલકમાં તે બીજી વનસ્પતિ કરતાં વધુ ઉગાડી શકાય છે તેથી તેની મહત્તા બધે એકસરખી છે અને પૂરી પાકે ત્યારે સડી ગયા વગર લાંબા સમય સુધી સંઘરી રખાય એવી છે, એ તેનો મોટો ગુણ છે.

પ્રાચીન કાળમાં ડુંગળી એકલા મિસરમાં જ પાકતી હશે એમ લાગે છે, કારણકે ઇઝરાયલો જ્યારે વનમાં ભટકતા ત્યારે મિસરમાં જે તમતમાં ખાવાનાં મળતાં તે સંભારતા તેમાં મિસરના કાંદા, અને લસણનાં નામ બોલતા. પછી તો મિસરમાં ડુંગળીની પવિત્રતા એટલી બધી વધી પડી કે ધાર્મિક સ્થળે તેનું વાવેતર બંધ થયું. પણ હિબ્રુ ગુલામોને તેનો બાધ નહિ હોવાથી તેના પોષક ગુણને લઇને તે ખૂબ ખવડાવતા. હીરોડોટસના લખાણ પ્રમાણે પીરામીડો બંધાયા ત્યારે ગુલામોને ખાવા આપવાને નવ ટન સોનાની કિંમતે ડુંગળી ખરીદવામાં આવી હતી!

વગડાવાસીઓ માટે તો સખત પરિશ્રમ અને ડુંગળીનો ખોરાક જરાય છૂટાં પાડી ન શકાય. વનવાસ ખેડતા માણસોને ઘણી વાર અરુચી યા મંદાગ્નિ થઇ જાય છે ત્યારે ડુંગળી માટે તલપે છે અને એ ખાય ત્યારે જ તેમની ક્ષુધા જાગે છે. અનુભવીઓ કહે છે કે જેની રુચિ ક્ષીણ થઇ ગઈ હોય છે તે ડુંગળી સુખથી પચાવી શકે છે એટલું જ નહિ પણ ડુંગળી માટે તલપતો રહે છે.

ચાલુ ડુંગળી ખાનારમાં કામ સહેવાની શકિત પણ વધુ રહે છે. સ્કૉટલંડના હાઇલૅંડરો થોડી કાચી ડુંગળી અને રોટલીનો એક ટુકડો હોય તો ત્રણચાર દિવસ સુધી કોઈપણ બીજા ખોરાક વગર અમાપ કામ ખેડી શકે છે. ફ્રેંચ લોકો ડુંગળીના દડાનું માહાત્મ્ય સમજે છે અને તેમનો ડુંગળીનો સૂપ તો બહુ તાકાત બક્ષનારો ગણાય છે. સ્પૅનિશ મજૂરો થોડી ડુંગળી અને રોટલો બાંધીને મુસાફરોના માલનાં ખચ્ચરો સાથે એક દિવસના ચાલીસ-પચાસ માઇલ ચાલી નાખે છે.

કોઇ અનાદિ કાળથી ડુંગળી કઇક ઈલાજો તરીકે જાણીતી છે. તેનો મૂત્રવર્ધક ગુણ બહુ જ જાણીતો છે. ડ્રૉપ્સી નામના દરદમાં તેનો રસ બહુ કામ કરે છે. કેટલાં ય જાનવરના કરડ ઉપર તે અકસીર અસર કરે છે.

લસણ એ ડુંગળીનો જ એક પ્રકાર છે. તેનું મહત્ત્વ આયુર્વેદે પાર વગરનું ગાયું છે. તેને ખૂબ ઉત્તેજનારૂં, રૂચિકર, કફ તેમજ દમની સામે થનારૂં કહ્યું છે. હાલના પ્રયોગોથી પણ સિદ્ધ થયું છે તે પાચક રસોને ઉદ્દીપન આપનારૂં છે. છેલ્લું મોટું યુરોપી યુદ્ધ થયું તેમાં ડૉ. મેલામેટે સેંટ સર્વાંતની ઇસ્પિતાલમાં ઘણા દરદીઓના ઇન્ફ્લ્યુએન્ઝા ડુંગળી વડે મટાડ્યા હતા. દર્દ લાગતાં જ તે રોજ ડુંગળી કૂટી તેનો રસ કાઢી તેને વરાળ આપી ત્રણચાર પાતા. આ રીતે બે જ દિવસમાં તાવ પાછો હઠતો એંશી દરદીઓ પર આ ઇલાજ લાગુ કર્યો હતો તેમાંથી એક પણ મર્યો નહોતો. માત્ર એક જ જણે તે પીવા

ના પાડી અને તેને ઊંઆકે ન્યુમોનિયા થયો !

ડુંગળીની ઘણી જાતો અને જુદાંજુદાં કદ થાય છે. નાની ઘેરા લાલ રંગની ડુંગળી બહુ ગંધાય છે. સફેદ ડુંગળી હળવી હોય છે. સ્પેન, ઇટલી, બર્મ્યુડાઝ, મૅક્સિકો, કૅલીફૉર્નિયા વગેરે દેશો તેની જાત અને કદ માટે પ્રખ્યાત છે.

પ્રખ્યાત કલાકાર, કારીગર, કવિ અને વિશ્વકર્મા વિલિયમ મૉરિસ કહેતો કે 'ડુંગળી જેવું પ્રબલ તત્ત્વ આપવા માટે ઇશ્વરનો હું હમેશાં ઉપકાર માનું છું સ્વાદ અને તમતમાટ સાથે તે બહુ પૌષ્ટિક ખોરાક છે. અર્થસંકટના કાળે ડુંગળી જગતનો આધાર છે. ભલે મોંઘાં ભાણાં ન મળે પણ ડુંગળી સૌને મળજો.' ('ઓરિએન્ટલ વૉચમૅન'માંથી)

ડુંગળી

ડુંગળીને કાંદા પણ કહે છે. મરાઠીમાં પણ તે કાંદા જ કહેવાય છે. સંસ્કૃતમાં એને પલાંડુ કહે છે. બંગાલી ભાષામાં પેયાજ, હિંદુસ્તાની તથા ફારસીમાં પ્યાજ, તૈલગીમાં નિરૂપી, કર્ણાટકીમાં એને ઉપ્પેગડ્ડુ ને અંગ્રેજીમાં અનિયન કહે છે.

કાંદાના છોડ બહુબહુ તો હાથ સવા હાથ ઊંચા થાય છે. એ રોપો સીધો ઊગે છે. એનાં પાંદડાં પોલાં નળી જેવાં હોય છે. કાંદાને ઊગાડવાનું કામ બહુ કઠિન નથી. ચોમાસામાં ઘરમાં પડ્યાપડ્યા પણ કાંદામાંથી ફણગા ફૂટે છે. એનાં બી રંગે કાળાં હોય છે. કાંદાનું કંદ જમીનમાં થાય છે.

ડુંગળી એટલી પૌષ્ટિક ગણાય છે કે એને વિષે એકબે કહેવતો છે. 'કાંદો એ પુરુષનો બાંધો'; ને 'જે ખાય કાંદો તે જવલ્લે પડે માંદો.' અને આ કહેવતો ઘણે અંશે સાચી છે.

કાંદા કાચા પણ ખાઇ શકાય છે. કાચા કાંદા ખાવાથી ઓર લહેજત આવે છે પણ તેથી મોં ઘણું ગંધાય છે. રાંધેલા કાંદા ખાવાથી મોં બહુ ગંધાતું નથી. ડુંગળીની બે જાત થાય છે. લાલ અને ધોળી. ધોળી તીખર, ધાતુવર્ધક, વૃષ્ય, સ્નિગ્ધ, ગુરુ, કફકર તથા રૂચિકર છે. રક્તદોષ, ઉલટી, અરૂચિ તથા વાતપિત્તનો તે નાશ કરનાર ગણાય છે. રાંતો કાંદો શીતળ, તીખો, વૃષ્ય, પિત્તકર, સ્નિગ્ધ તથા અગ્નિદાયક છે. કફ, કૃમિ, અર્શ તથા વાયુનો તે નાશ કરનાર ગણાય છે. કાંદાનાં બી વૃષ્ય છે તથા પ્રમેહના દર્દમાં ઘણાં અકસીર છે. તંબાકુ ખાવાનો તથા પીવાનો જેમને મહાવરો નથી હોતો ને તે લોકો જો ખાય અગર પીએ તો તેમને તંબાકુ તરત ચડી જાય છે ને ચક્કર આવે છે. એવે વખતે જો કાંદાનો રસ કાઢીને પાઈ દીધો હોય તો તરત ચક્કર મટી જાય છે. માણસને આંકડી આવે છે ત્યારે ધોળો કાંદો છૂંદી સુંઘાડવામાં આવે છે. ધોળા કાંદામાંથી રસ કાઢી અંજન કરવાથી ઉન્માદ મટી જાય છે.

સખત તાપ પડે છે ત્યારે મનુષ્યને ઘણીવાર લૂ લાગે છે. એવું કહેવાય છે કે ડુંગળી પાસે રાખવાથી લૂ લાગતી નથી. કાંદાના બે કટકા કરી વીંછીના ડંખ ઉપર ચોળવાથી વેદના મટી જાય છે. મધમાખીના ડંખ ઉપર પણ એ રસ ચોળવાથી ઘણો ફાયદો થાય છે. ગરમીથી માથું દુખતું હોય તો તે વખતે કાંદો ભાંગીને સૂંઘવામાં આવે છે. કાંદો અને ગોળ હમેશાં ખાવાથી બાળકની ઊંચાઇ સારી વધે છે. જો કાંદાનો રસ દરરોજ મધ સાથે મેળવીને ખાવામાં આવે તો શરીરમાં ઘણી તાકાત વધે છે. નાકમાંથી લોહી પડતું હોય ત્યારે કાંદાના રસનું નસ્ય કરવાથી ફાયદો થાય છે. કૉલેરા વખતે દરદીને કાંદાનો રસ ઘણો પાવામાં આવે છે ને તેમ કરવાથી ફાયદો પણ ઘણો થાય છે. ગામમાં જે વખતે કૉલેરા ફાટચો હોય તે વખતે રોજ રાત્રે જમ્યા પછી કાંદાના રસમાં વટાણા જેટલી હીંગ ઘસી તેમાં ૧ માસો વરીઆળી તથા ૧ માસો ધાણા નાખી પીવાથી કૉલેરાની અસર થતી નથી. બાળકોને કૉલેરાના રોગની અસર જેવું લાગે તો અગર કરમ પડ્યા હોય તો કાંદાનો રસ આપવાથી આરામ થાય છે. કાંદાને બારીક ચીરી પાંચ છ વખત ધોઇ નાખી જાડા ગઠ્ઠાદાર દહીં સાથે ખાવાથી આમરક્ત (મરડા સાથે લોહી પડે તે) મટે છે.

કાંદાના રસમાં અફીણ મિશ્ર કરી તે પીવાથી અતિસાર મટે છે. ગોળ ને થોડી હળદર સાથે ધોળા કાંદા મિશ્ર કરી સવારે અગર રાત્રે સૂતી વખતે લેવાથી કમળાના દર્દ ઉપર ફાયદો થાય છે. ધોળા કાંદાને કાપી બંને નસકોરાં દ્વારા ઘણો સૂંઘવાથી સળેખમ પણ મટે છે. ઘણા લોકો આંખો આવે છે ત્યારે આંખમાં કાંદાનો રસ નાખે છે. આ રસ આંખમાં ચચરે તો છે, પણ તેનાથી ફાયદો થાય છે. લૂ લાગે છે તેના પર પણ કાંદા ઉપયોગી છે. ધોળો કાંદો લઇ પ્રથમ તેને બાફી નાખવો ને પછી બીજો એક લીલો કાંદો લઇ બંનેને બારીક વાટી નાખવા. પછી તેમાં બે માસા જીરાની ભુકી તથા બે તોલા ખડી સાકર નાખી મિશ્રણ બનાવવું ને તે દિવસમાં એક વખત આપવું. ગરમીથી જે લૂ લાગે છે તેના પર આ ઘણો ફાયદો કરે છે. કાંદાને બાફી તેને વાટી તેમાં ઘી તથા હળદરની ભૂકી નાખી ગરમ કરી આપણાથી સહન થાય તેટલું ગરમ રહેતાં તેની પોટીસ બનાવી વેળ તથા ગાંઠ પર બાંધવાથી ફાયદો થાય છે. આ જાતની પોટીસ ઘણી ઉત્તમ છે ને તેનાથી વેળ ગાંઠ વગેરે તરત પાકી જાય છે. દાઢ દુખતી હોય ત્યાં કાંદાનાં બી મૂકવાથી ફાયદો થાય છે.

કાંદાને સમારતાં રસ ઊડે છે ને તે આંખમાં જાય તો આંખો બળી પાણી નીકળે છે. કાંદાને છોલતી વખતે જો મૂળ આગળથી છોડાં ઉતારીએ તો રસ ઊડતો નથી. કાંદા પાચનશક્તિને સારી મદદ કરે છે ને તેની સાથે લીધેલો ખોરાક જલદી પચી જાય છે.

ધોળી જાતના કાંદા હિંદુસ્તાનમાં ઘણે ઠેકાણે ઉગાડવામાં આવે છે. લુધીઆના તથા બનારસની આસપાસના પ્રદેશમાં એનો પાક ઘણો સારો થાય છે. કાંદા ગમે તેવી સાધારણ જમીનમાં ઉગાડી શકાય છે. જો ભગરી મટોડીવાળી જમીનમાં વાવેતર કરવામાં આવે તો પાક ઘણો સારો ઉતરે છે તથા

ંદ પણ સારા અને મોટા થાય છે. જેમ મટોડી સારી ને સુંવાળી તેમ પાક સારો નીવડે છે. કેટલીક વખત કાંકરીવાળી જમીનમાં પણ સારી બરદાસથી સારો પાક ઉતારવામાં આવે છે. કોઇપણ સંજોગોમાં જમીનને ઊંડી ખોદવી જોઇએ તથા માટીના ગાંગડા બરાબર ભાંગીને ભૂકો કરવો જોઇએ. કાંકરીવાળી જમીનમાં હંમેશા સરસ માટી પાથરવામાં આવે છે. જ્યાં ફક્ત તદ્દન એકલી માટી જ હોય ત્યાં તેમાં થોડી રેતી ભેળવવાથી ફાયદો થાય છે. આ પ્રમાણે જમીન બનાવી તેમાં જો કાંદા વાવવામાં આવે તો વર્ષોવર્ષ તેમાં સારો પાક થાય અને પેદાશ પણ સારી થાય. કાંદાના છોડ કોહ લગાડનાર તથા કોહનાર હોતા નથી તેથી ગમે તે જગ્યાએ તે સહેલાઇથી ઉગાડી શકાય છે.

મરઘાં તથા કબૂતરો જ્યાં હમેશાં બેસતા હોય તે જગ્યાનું વાઝણ કાંદાના ખાતર તરીકે લઇ શકાય છે મોટે ભાગે કાંદા ઉગાડનારાઓ જમીનની અંદર ચૂનો તથા મેંશ નાંખે છે. આમ કરવાથી પાક સારો આવે છે તથા કીડા પડી સળો લાગતો નથી.

(સંકલિત) —રતિલાલ વિઠ્ઠલદાસ દલાલ

લીવર

કોઇપણ મોટી મિલ કે કોઇપણ જંગી લોખંડના કારખાનાનાં રાક્ષસી યંત્રો જોતાં આપણને સહેજે થઈ જાય કે શાબાશ છે આવાં યંત્રોની શોધ કરનારની બુદ્ધિને. નાનામાં નાના અને સરળમાં સરળ યંત્રથી માંડીને અનેક આંટીઘૂંટીવાળાં યંત્રો–અરે, કહોને યાંત્રિક મનુષ્ય (રૉબૉ) પણ—શોધાયાં છે. યુરોપ અને અમેરિકાનાં કારખાનાઓમાં એવાં યંત્રો છે કે જે એક વાર ચાલુ કરી દીધાં એટલે પોતાની મેળે હજારો માણસોનું કામ કર્યે જાય. માણસ તો વળી કયાંક ભૂલ પણ કરે, પરંતુ આ યંત્રોની ચોકસાઇ વિષે શંકા જ ન રાખવી પડે માણસનો કાન કદાચ ઓછુંવત્તું સાંભળે, પરંતુ ટંકશાળના યંત્રો એવાં હોય છે કે જરાક બોદો અવાજ આવ્યો કે તરત એ સિક્કાને જુદો કરી નાખે છે!

પરંતુ આવા જાજ્વલ્યમાન અને સર્વવ્યાપી આ યંત્રયુગના શ્રીગણેશ ક્યારે મંડાયા અથવા કોણે માંડ્યા તેની કોઇને હજી ચોક્કસ ખબર નથી. એમ કહેવાય છે કે સૃષ્ટિની શરૂઆતના માણસોના વખતમાં તદ્દન સરળમાં સરળ યંત્રથી શરૂઆત થઈ હશે અને તે પણ કોઇ કુદરતની પ્રેરણા ઉદ્ભવી હશે ત્યારે થઇ હશે. એમ મનાય છે કે એ વખતના કોઇ માણસને પોતાના માર્ગમાં નડતર કરતો કોઇ પથરો ખસેડવાની જરૂર પડી હશે, અને સ્વયંસ્ફુર્તિથી તેણે એ પથ્થર નીચે લાકડી ભરાવી ખસેડ્યો હશે. એ પળે એને ખબર પણ નહિ હોય કે પથ્થર આટલી સહેલઈથી કેમ ખસી શકયો. આ ક્રિયામાં જ યંત્રના મૂળાક્ષર રહ્યા છે. સૃષ્ટિનું સરળમાં સરળ અને સૌથી પહેલું યંત્ર તે લીવર (ઉચ્ચાલનયંત્ર) જેમજેમ સૃષ્ટિનો વિકાસ થતો ગયો તેમતેમ જણ આવ્યુંતું કે માણસની મહેનત ઓછી કરનારૂં અને દરેક કાર્યમાં સગવડ કરી આપનારૂં જો કોઇ યંત્ર હોય તો તે આ લીવર જ છે. આજની દુનિયા યંત્ર દ્વારા જે કંઇ સુખસગવડ ભોગવે છે તે બધી આ લીવરને જ આભારી છે.

લીવરમાં ત્રણ વસ્તુઓ રહેલી છે. બળ, ટેકો અને વજન. ઉપર કહ્યા પ્રમાણે માર્ગમાંથી પથ્થર ખસેડવાનો જ દાખલો લઈશું કે એમાં લીવરની ત્રણે વસ્તુઓ કેવી રીતે રહેલી છે. પથરો એ 'વજન' થયું; લાકડી જે સ્થળે ભેરવી તે 'ટેકો' (fulcrum) થયો અને લાકડીને બીજે છેડે જ્યાં માણસે પોતાના હાથવતી લાકડીને ઊંચી કરી તે 'બળ' થયું. આવી રીતે લીવરની ત્રણે વસ્તુઓનો આમાં સમાવેશ થઇ ગયો. ટેકો કાં તો બરાબર મધ્યમાં હોય અથવા તો એકબાજુ વિશેષપડતો હોય. ત્રાજવામાં ટેકો બરાબર મધ્યમાં છે, જ્યારે ગામડાના છોકરાઓ ચીચોડા ઉપર રમે છે તેમાં ટેકો બરાબર મધ્યમાં નથી હોતો, પરંતુ એક બાજુ પર હોય છે. એટલેકે ચીચોડાનું આડું લાકડું કે જેના બંને છેડે છોકરાઓ બેસે છે તેમાંનો એક ભાગ લાંબો અને બીજો ભાગ ટૂંકો હોય છે. જે છોકરાનું વજન ઓછું હોય તે લાંબા ભાગ ઉપર બેસે અને જેનું વજન વધારે હોય તે ટૂંકા છેડા ઉપર બેસે તો ઓછા વજનવાળો છોકરો તદ્દન સહેલાઇથી વધુ વજનવાળા છોકરાને ઊંચો કરી શકે. ટૂંકામાં લીવરનો સિદ્ધાંત એ છે કે ટેકાથી જે બાજુનો ભાગ લાંબો હોય તેના ઉપર હલકું વજન અગર તો થોડું બળ લગાડીએ તો ટેકાની બીજી ટૂંકી બાજુ ઉપરનું ભારે વજન તદ્દન સહેલાઇથી ઊંચકી શકાય.

લીવર ત્રણ પ્રકારનાં છેઃ દરેક પ્રકારમાં લીવરની ત્રણ મુખ્ય વસ્તુઓનો અનુક્રમ નીચે પ્રમાણે હોય છેઃ

પહેલો પ્રકાર—બળ, ટેકો અને વજન.


બીજો પ્રકાર—બળ, વજન અને ટેકો.

ત્રીજો પ્રકાર—વજન, બળ અને ટેકો.

સાથેના ત્રણ ચિત્રસમૂહોમાં આ ત્રણે પ્રકાર જુદીજુદી રીતે દર્શાવ્યા છે.

લીવર એક પણ હોય અને બે સાથે પણ હોય. પહેલા પ્રકારના એક લીવરનો દાખલો તે ત્રાજવું છે અને બેવડા લીવરનો દાખલો કાતર અગર સાણસી છે. બીજા પ્રકારના એક લીવરનો દાખલો તે ઠેલાગાડી છે, અને બેવડ લીવરનો દાખલો સૂડી છે.


વળી એક ને એક વસ્તુને આપણે એક પ્રકારના લીવરમાંથી બીજા પ્રકારમાં ફેરવી શકીએ છીએ. જેમકે જમીન ઉપરથી એક નીસરણી ભીંત બરાબર ઊભી કરવી છે. જ્યારે જમીન ઉપરથી આપણે નીસરણીનો એક છેડો ઊંચો કરીએ છીએ ત્યારે નીસરણીનું વજન જમીન અને આપણા હાથની વચમાં આવ્યું એટલે કે વજન વચમાં આવવાથી એ બીજા પ્રકારનું લીવર થયું. પણ જેમજેમ નીસરણી ઊંચી કરતા જઇએ



પહેલા પ્રકારનાં લીવર: જેમાં વજન અને તેને ખસેડનારા બળની વચ્ચે ટેકો હોય છે



બીજા પ્રકારના લીવરનાં ઉદાહરણ, જેમાં ટેકો અને બળની વચ્ચે વજન આવે છે



લીવરનો ત્રીજો પ્રકાર: જેમાં બળ વચ્ચે, અને વજન તથા ટેકો બે છેડે હોય છે

ILLUSTRATIONS FROM "THE WORLD OF WONDER"

તેમતેમ નીસરણીનું વજન એક તરફ અને જે બળથી આપણે નીસરણી ઊંચી કરીએ છીએ તે બળ વચમાં આવે છે-એટલે બળ વચમાં આવે વજન અને ટેકો બંને છેડા ઉપર આવવાથી આ ત્રીજા પ્રકારનું લીવર થયું.

લીવર એક સીધી લીટીમાં જ હોવાં જોઇએ તેવું નથી. વળાંકમાં પણ હોઇ શકે.

લીવરના સિદ્ધાંતને ગણિતમાં નીચે મુજબ મૂકી શકાય.

ટેકાની એકબાજુનું બળ×ટેકાથી અંતર=ટેકાની બીજી બાજુનું બળ×ટેકાથી અંતર. દાખલા તરીકે ૧૪૦ રતલના વજનવાળો માણસ ચીચોડાનાં ટેકાથી ૪ ફૂટ છેટે બેસે અને સામે ૭૦ રતલના વજનનો છોકરો ૮ ફૂટ છેટે બેસે તો બરાબર સમતોલ થઇ રહે.

એકબાજુ ૧૪૦×ટેકાથી અંતર ૪ ફૂટ=૫૬૦
બીજી બાજુ ૭૦×ટેકાથી અતર ૮ ફૂટ=૫૬૦

બીજો દાખલો: એક છોકરાનું વજન ૧૦૦ રતલ છે અને જો તે પોતાની કોશ ટેકાથી પાંચ ફૂટ પોતા તરફ રાખે અને એક ફૂટ કોશ ટેકાની બીજી બાજુ રાખે તો તે ૫૦૦ રતલનો પથરો સહેજે ઊંચો કરી શકે.

એક બાજુ છોકરાનું વજન ૧૦૦×૫ ફૂટના ટેકાથી અંતર=૫૦૦
બીજી બાજુ પથ્થરનું વજન ૫૦૦×૧ ફૂટ ટેકાથી અંતર=૫૦૦

આ રીતે લીવરથી માણસજાતનું કામ ઘણું જ સહેલું થઇ ગયું છે. માણસ જો કાળજા (લીવર) વગરનો હોય તો કોઈ યંત્ર લીવર વગરનું સમજવું. અત્યારે શ્રીકૃષ્ણ જનમ્યા હોય તો કદાચ યંત્રાણાં લીવરમસ્મિ એમ જરૂર કહેત (વર્લ્ડ ઑફ વન્ડર)

રૂપિયાના સિક્કાનો ઇતિહાસ

ચાંદીના રૂપિયાનું જીવન કેટલું છે અને તેના વિનાશ સમયે તે ક્યાં જાય છે તે પ્રશ્ન રસદાયક છે. રૂપિયાનું સરેરાશ જીવન ૫૫ વર્ષનું ગણાય છે. તે દરમિયાન જો તે વ્યાપારી લેણ-દેણના પ્રસંગોમાં અનેક વખત એક હાથથી બીજા હાથમાં પસાર થયો હોય છે, 'સ્વેટીંગ' કે 'પીટીંગ'ની પદ્ધતિમાં નથી આવી ગયો હોતો તો આ સમયમાં રૂપિયાના વજન-માં કાંઇક ઘટાડો થાય છે. પરંતુ ૩·૬ ગ્રેન સુધી રૂપિયાના વજનમાં થતો ઘટાડો, તેની કિંમતમાં ઘટાડો કરતો નથી. તેથી યે વધુ કમી જો તેનું વજન થાય તો કરન્સી ઑફિસ તેને પાછો લઇ લે છે અને તેને ઓગાળી નાખી તેને બદલે ફરીથી નવો રૂપિયો પાડી ઉપયોગમાં લેવામાં આવે છે. જમીન નીચે જે રૂપિયા દાટી રાખવામાં આવે છે, અગર વર્ષો સુધી જે થેલીમાં સંઘરી રાખેલા હોય છે તેના વજનમાં ફેરફાર-થતો નથી અને તેને પાણીથી ધોઇ નાખી તેના ઉપરનો કાટ દૂર કરી શકાય છે. 'સ્વેટીંગ' એ ચાંદીના સિક્કામાંથી રાસા-યણિક ઉપયોગથી ચાંદી કહાડવાની ક્રિયા છે. જ્યારે 'પીટીંગ'થી ચાંદીના સિક્કામાં કાણાં પાડવામાં આવે છે.

૧૮૭૮માં ઈસ્ટ ઇન્ડિયા કંપનીની છાપ હેઠળ પહેલવહેલો રૂપિયો હિંદની ટંકશાળમાં પાડવામાં આવ્યો હતો. આ સમય પહેલાં વાપરવામાં આવતા સિક્કા લંડન ખાતેની ટંકશાળ-માં પાડવામાં આવતા હતા. તેની એક બાજુ ઉપર રાણી ઇલિઝાબેથની મહોર અને બીજી બાજુ ઉપર પોર્ટકિલસ હતી. છેલ્લી સદીમાં ઇ.૧૮૩૫, ૧૮૪૦, ૧૮૬૨ અને ૧૮૭૪માં રૂપિ-યાના સિક્કાઓ પાડવામાં આવ્યા હતા. તેમાં ૧૮૬૨ અને ૧૮૭૪ વચ્ચે પાડવામાં આવેલા સિક્કાઓ ઉપર સાલ તો ૧૮૬૨ની જ છપાતી પરંતુ તેમાં ૧૮૬૨ પછીનાં વર્ષ માટે એક મીંડાનું ચિહ્ન રહેતું. ૧૮૩૫નો સિક્કો હજી મળી આવે છે ને ગમે તે સમયે તે કરન્સી ઑફિસમાં નવા સિક્કા માટે બદલી શકાય છે. છેલ્લી સદીમાં તહેવારો અને માંગલિક પ્રસંગોએ પોતાના સોના અગર ચાંદીથી નવા સિક્કાઓ ટંકશાળમાં પડાવી શકાતા, પરંતુ ૧૮૯૩થી તે બંધ થયું હવે તો ટંકશાળ જે સોનુંચાંદી આપે તેમાંથી જ સિક્કા પડાવી શકાય છે.

૧૮૩૫થી અત્યાર સુધીમાં ૩૬૬ કરોડ ૬૦ લાખ રૂપિ-યાના સિક્કા ટંકશાળોમાં પાડવામાં આવ્યા છે. ઢબુ પૈસાનો સિક્કો છેલ્લો ૧૮૮૧માં પાડવામાં આવ્યો હતો. ઝીણી ચાંદીની બેઆનીનું પણ હવે બીલકુલ ચલણ નથી. વખતો-વખત હજી પણ લોકોએ સંઘરી રાખેલા ૧૮૩૪ની સાલના રૂપિયા કરન્સી ખાતામાં આવે છે અને એક સૈકા સુધી તેને સંઘરી રાખવા છતાં એમ માલૂમ પડ્યું છે કે તે સિક્કાના વજનમાં જૂજ ઘટાડો થયો છે. કેટલાક ચાંદીના સિક્કામાંથી એક ગ્રેન ચાંદી લોકો કહાડી લે છે એટલું જ નહિ પણ બનાવટી સિક્કા બનાવે છે અને તેને ચલણમાં ફેરવે છે. સાચા રૂપિયા અને બનાવટી રૂપિયાના રણકારમાં ફેર હોય છે, પણ કેટલીક વખત ધાતુની અંદર ખામીને લીધે કે તડ પડવાથી સાચા સિક્કાઓનો પણ અવાજ થતો નથી. કેટલાક બનાવટી સિક્કા-ઓના તેના પીટીંગના અગર સીસાના જેવા રંગ ઉપરથી પકડાય છે. કેટલીક વખત બનાવટી સિક્કાઓની કિનાર ખરબચડી હોય છે અગર તો તે ઉપરના અક્ષરો ગોળ હોય છે અને તેવા જુદાજુદા સિક્કાઓ ઉપર આંકડાઓ એક-સરખા હોતા નથી (ગુજરાત સમાચાર)

કોનો પગાર વધે?

એક માણસને પહેલે વરસે વાર્ષિક સો રૂપિયાથી શરૂ-આત કરી દર વરસે પગારમાં વીસ વીસનો વધારો થાય, અને બીજા માણસને પહેલા છ મહિનાના પચાસ અને પછીથી દર છ મહીને તેમાં પાંચ પાંચનો વધારો એ રીતનું વેતન મળે, તો પગાર કોનો વધે?

દેખીતી રીતે તો પહેલાનો જ પગાર વધવો જોઇએ એમ લાગે છે; કારણકે એને વરસના સો, અને બીજાને છ મહિનાના પચાસની શરૂઆત એટલે શરૂઆત તો બંનેને સરખી જ છે; અને પહેલાને દર વરસે વીસ વધે જ્યારે બીજાને દર છ મહીને પાંચ એટલે દર વરસે દસ જ વધે. પણ ખરી રીતે તેમ નથી. જરા નીચેનો હિસાબ જુઓ.

પહેલાને શું મળે?	બીજાને શું મળે?
પહેલે વરસે: ૧૦૦	પહેલે વરસે: પહેલા છ માસના ૫૦
	બીજા છ માસના ૫૫
	૧૦૫
બીજે વરસે: ૧૨૦	બીજે વરસે: પહેલા છ માસના ૬૦
	બીજા છ માસના ૬૫
	૧૨૫

આમ બીજાને દર વરસે પાંચ વધારે જ મળે.

—શામજી લવજી આલગિયા

બિયાનાના રાજા જેવા કારમા શત્રુને જેર કરી આપવા માટે દિલ્હીના બાદશાહ આદિલશાહે જ્યારે પોતાના સેનાપતિ વીર હેમુને દરબારમાં શિરપાવ આપવા માંડ્યો, ત્યારે વિનયપૂર્વક ના પાડીને તેણે કહ્યું, 'નામદાર હું આપના લશ્કરની બહાદુરીથી જ વિજય પામ્યો છું માટે .નામ તો એમને આપો.'

કેટલીક સામાન્ય ભૂલો: 'ધાટી' અને 'ઘાટી' એ બે શબ્દોનો ઘણા લોકો ગોટાળો કરી નાખે છે અને પહેલાના અર્થમાં બીજાને જ વાપરે છે. ઢબ, પદ્ધતિ, લઢણ એને માટે સાચો શબ્દ 'ધાટી' છે. ઘાટી એટલે દક્ષિણના પહાડી પ્રદેશ 'ઘાટ'નો રહેવાશી.

૫ ૪ એકથી નવ સુધીના
૯ ૮ આંકડાને બે હારમાં આ
૧ સામે એવી ખુબીથી ગો-
૭ ૬ ઠવવામાં આવ્યા છે કે
૩ ૨ દરેક હારનો સરવાળો
૨૩ ૨૩ એકસરખો થાય.

લાંબો વખત પડીને ખરાબ થઇ ગએલા કાચવાળા અરીસા પર પહેલાં સાબુવાળા ગરમ પાણીમાં બોળી નીચોવેલું પોતું, પછી ચોખ્ખા પાણીનું નીચોવેલું પોતું, અને પછી મેથીલેટેડ સ્પિરિટનાં થોડાં ટીપાંવાળું રૂ ભૂંસી સાફ કરો. છેવટે સુંવાળા કોરા કપડાથી લૂછી નાખજો. ખરી ચમક આવશે.

સુકાઇ ગએલા સરેસને ઢીલો કરવા માટે ઝડપીમાં ઝડપી સાધન સુરકો છે; અજમાવી જોજો.

એક ભાગ ડુંગળીનો રસ અને ત્રણ ભાગ સુરકો મિલાવીને પોલાદની ચીજો પર લગાડી રાખી પા કલાક પછી સાફ કરશો તો ચાંદી જેવી ચમક આવશે.

ફુલદાન એક ઇંચ ઊણું રહે ત્યાં સુધી રેતી ભરી બાકીનું પાણી ભરીને ફુલ રાખવાથી બમણો વખત તાજાં (ને વળી જેમ રાખવાં હશે તેમ ટટ્ટાર) રહેશે.

મહાન થવું છે? તેનો તો કીમિયો તદ્દન સહેલો છે: નાના બનો, નમ્ર બનો.

ગળી અને ખાંડને સરખે ભાગે જોઇતા પાણીમાં મિલાવીને તે વડે કલમથી આલેખેલી વેલબુટ્ટીઓ વાળો કાગળ કપડા પર ઊંધો મૂકી તેના ઉપર ગરમ અસ્ત્રી ફેરવવાથી, ભરવા કે ગૂંથવા માટે જોઇતી છાપ કપડા ઉપર છપાઇ જશે.

એક ઇજિપ્શ્યન વિદ્યાર્થીએ તાજેતરમાં જ પોતાની એક મર્મગ્રંથી ૧૬૬ પૌંડની કીંમતે એક શ્રીમંતને વેચી એ ગ્રંથી એ શ્રીમંતને યૌવન આપશે.

ચીની તુર્કસ્તાનમાં ત્રણ લાખ ચોરસ માઇલનો નપાણીઓ મોટો રણવિસ્તાર છે. તેમાં ન કોઇ માનવી મળે કે ન કોઇ પંખી ક્યાંય મળે!

માદામ માલ્દેગ્યુસર નામની સોકસ (ફ્રાન્સ)ની ફ્રેન્ચ બાઇને પહેલે વરસે એક બાળક, બીજે વરસે જોડિયાં, ત્રીજે વરસે ત્રિપુટી, ચોથે વરસે ચાર, પાંચમે વરસે પાંચ અને છઠ્ઠે વરસે એકસાથે છ બાળક અવતર્યાં છે!

રેશમી કપડાં ધોયા પછી તેને નિખારવાના પાણીમાં થોડો સરકો નાખવાથી કપડાં પર ચળક આવશે.

સીગારેટની રાખ નાખી ન દેતાં એકઠી કરી રાખજો ચમકદાર ફર્નિચર પરના ડાઘ ઉપર, સહેજ ભીંજવેલા મલમલના ટુકડા પર તે થોડી લઇ ગોળાકારે ઘસવાથી ડાઘ નીકળી જશે.

ક્રિકેટનો જગમશહૂર ખેલાડી જાર્ડિન લંડનના ઇવનિંગ સ્ટાન્ડર્ડ પત્ર માટે બધી ટેસ્ટ મૅચોના રિપોર્ટ લખી આપે છે, તેની ફી તેને પાંચ હજાર પાઉંડ મળે છે.

સજ્જન એ જ કે જે બીજાને દુઃખકારક વર્તન ન રાખે (કાર્ડિનલ ન્યૂમૅન)



અમેરિકાના પેન્સિલવાનિયા પરગણાના જીનેટ ગામનો જ્યુલિયસ બી. શૂરર ડાબા ચિત્રમાં બતાવ્યા પ્રમાણે એક જ હાથે બેઇઝ બૉલ (ક્રિકેટ જેવી રમત)ના નવ દડા ને બિલિયર્ડ કે ટેનિસના દસ દડા જમીન પરથી પકડીને ઉઠાવી લઇ શકે છે, અને જમણા ચિત્રમાં બતાવ્યા મુજબ બેઇઝ બોલના ૨૦ બિલિ ર્ડના ૨૨ ને ટેનિસના ૨૫ દડા એક હાથ પર સગે ચડાવી શકે છે. (છોટાલાલ કામદાર)